દૈનિક મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 46 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ફાલ્ગુન સુદ - ૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 24 February 2026, Tuesday ■ REGD.No. MCS/058/2024-26
મંગળવાર, ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૬, (૧૪ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ તરોતાજા પૂર્તિ ૭ ૮ ૯ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# હવે આતંકવાદ સામે ઝીરો ટૉલરન્સ




## ભારતે જાહેર કરી છે કાઉન્ટર-ટેરરિઝમ પૉલિસી પ્રહાર

નવી દિલ્હીઃ સરકારે સોમવારે દેશની પ્રથમ આતંકવાદવિરોધી નીતિ 'પ્રહાર' જાહેર કરી હતી. આમાં શૂન્ય સહિષ્ણુતા કે ઝીરો ટોલરન્સ, ગુપ્તચર તંત્ર દ્વારા આતંકવાદી હિંસા અટકાવવી અને એમાં વિક્ષેપ પાડવો જેનો હેતુ આતંકવાદીઓ, તેમને નાણાં ધીરનારા અને ટેકેદારોને હથિયારો ભંડોળ અને સલામત જન્નતથી વંચિત રાખવાનો છે. ગૃહ મંત્રાલયે આ નીતિ જારી કરી હતી. એમાં સાત ચાવીરૂપ પાયા છે. આ પાયા ભારત કે વિદેશથી આવતા આતંકવાદી ધમકીનો પ્રતિકાર કરવો, અટકાવવો, જવાબ આપવો, આંતરિક ક્ષમતા, માનવ અધિકાર અને 'કાયદાના શાસન' આધારિત પ્રક્રિયાનું એકીકરણ, ઉદ્દામવાદ સહિત આતંકવાદને સંભવ બનાવતી સ્થિતિને દૂર કરવી, આતંકવાદ વિરોધીના આંતરરાષ્ટ્રીય પ્રયાસો સાથે જોડાવવું અને એમાં (જુઓ પાનું ૨) ▶▶




## આયર્ન ડૉમની ટૅક્નોલૉજી ઈઝરાયલ ભારતને આપશે?

### મોદીની મુલાકાત દરમ્યાન આના કરાર થવાની છે સંભાવના

નવી દિલ્હીઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો ઈઝરાયલ પ્રવાસ દેશ માટે મહત્ત્વપૂર્ણ સાબિત થવાના સંકેત મળી રહ્યા છે. ઇઝરાયલના મુંબઈસ્થિત કોન્સ્યુલ જનરલ યાનિવ રેવાચે સંકેત આપ્યો છે કે પીએમ મોદીના ઇઝરાયલ પ્રવાસ દરમિયાન બંને દેશો તેમના સંરક્ષણ કરારોનો વિસ્તાર કરશે. જેમાં ભારતને ઇઝરાયલની પ્રખ્યાત 'આયર્ન ડોમ' મિસાઈલ ડિફેન્સ ટેકનોલોજી મળી શકે છે.ઇઝરાયલી રાજદૂત યાનિવ રેવાચના જણાવ્યા અનુસાર આ ફક્ત શસ્ત્રોની ખરીદી અને વેચાણ માટેનો સોદો (જુઓ પાનું ૨) ▶▶

## ઝારખંડના જંગલમાં વિમાન તૂટી પડ્યું

રાંચીઃ ઝારખંડના ચત્રામાં એક ચાર્ટર પ્લેન ક્રેશ થયું છે. અહેવાલ મુજબ રાંચીથી દિલ્હી જઈ રહેલી એર એમ્બ્યુલન્સ ફ્લાઈટ દુર્ઘટનાગ્રસ્ત થઇ હતી, પ્લેનમાં જેમાં ૭ લોકો સવાર હતા.

ક્રેશ થયેલું વિમાનનું મોડલ બીક્રાફ્ટ કિંગ એર વિમાન હતું. દિલ્હી સ્થિત રેડબર્ડ (જુઓ પાનું ૨) ▶▶




## આઇડીએફસી બૅંકમાં ૫૯૦ કરોડનું કૌભાંડ

### આ સમાચાર પછી બૅંકની માર્કેટ કૅપમાં ૧૪,૦૦૦ કરોડનું ધોવાણ

ચંડીગઢઃ હરિયાણા સરકાર દ્વારા આઇડીએફસી ફર્સ્ટ બેંક દ્વારા તેના ખાતામાંથી ૫૯૦ કરોડની છેતરપિંડી કરવામાં આવી હોવાની પોલીસ ફરિયાદ નોંધાવી છે. આ અંગે હરિયાણા સરકારના એક વિભાગે બેંક બેલેન્સ અને ખાતાના રેકોર્ડમાં દર્શાવેલ રકમ વચ્ચે વિસંગતતા બાદ ફરિયાદ નોંધાવી હતી. આઇડીએફસી ફર્સ્ટ બેંકના એમ કેપમાં એ જ સમયે અધધધ ૧૪૦૦૦ (જુઓ પાનું ૨) ▶▶

## હલિસ્કો કાર્ટેલનો બૉસ 'અલ મેન્ચો' હણાતા મૅક્સિકોમાં હિંસાનું તાંડવ

મૅક્સિકોઃ મૅક્સિકો આર્મીએ રવિવારે હલિસ્કો ન્યૂ જનરેશન કાર્ટેલના 'અલ મેન્ચો' તરીકે જાણીતા નેતા નૅમેસિઓ રુબેન ઑસેગ્વેરા સર્વેન્ટિસને ઠાર માર્યો હતો. મૅક્સિકોની શક્તિશાળી કાર્ટેલના લીડરને જ નાબૂદ કરી ટ્રમ્પ વહીવટીતંત્રને દેખાડવા માટેની ટ્રૉફી મૅક્સિકોને આપી.

જોકે હલિસ્કો કાર્ટેલના 'અલ મેન્ચો'ને મોતને ઘાટ ઉતારાયો તેનાં વિરોધમાં મૅક્સિકોમાં હિંસાનું તાંડવ શરૂ કરી દીધું હતું. તાપાલ્પામાં તેને પકડવા હાથ ધરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન ઑસેગ્વેરા સર્વેન્ટિસ ઘાયલ થયો હતો. મૅક્સિકો લઈ જતાં તેનું મોત થયું હતું, એમ સંરક્ષણ ખાતા દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. દાણચોરી મારફતે અમેરિકામાં મોટા પ્રમાણમાં ડ્રગ્સ મોકલવા માટે આ કાર્ટેલ જાણીતી હતી. કાર્યવાહી દરમિયાન સેના (જુઓ પાનું ૨) ▶▶

## ચાંદીમાં ૧૩,૭૬૧ રૂપિયાનો ઉછાળો

### સોનું પણ ૩૧૫૪ રૂપિયા મોંઘું થયું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગત શુક્રવારે અમેરિકી સુપ્રીમ કોર્ટે ટ્રમ્પની ટૅરિફના વિરુદ્ધમાં ચુકાદો આપ્યા બાદ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે આગામી ૨૪ તારીખથી અમલી બને તેમ વિશ્વના તમામ દેશો પર ૧૫૦ દિવસ સુધી ૧૫ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરતાં પુનઃ (જુઓ પાનું ૨) ▶▶



LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# હિંદુ ધર્મમાંથી વિવાદાસ્પદ સાધુઓને તગેડવા ધર્મસંસદ બોલાવવી જોઈએ

**શંકરાચાર્ય** વિવાદમાં ફસાયેલા સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી સામે નાનાં બાળકોનું જાતીય શોષણ કરવાનો પોલીસ કેસ થતાં આ વિવાદમાં નવો ટ્વિસ્ટ આવ્યો છે. પ્રયાગરાજના ઝૂંસી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી પોલીસ ફરિયાદમાં શંકરાચાર્યના શિષ્ય મુકુંદાનંદનું પણ આરોપી તરીકે નામ છે, બીજા ત્રણ અજાણ્યા લોકો સહિત પાંચ લોકો સામે પોક્સો એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

જગદગુરુ રામભદ્રાચાર્યના શિષ્ય આશુતોષ બ્રહ્મચારી મહારાજે અવિમુક્તેશ્વરાનંદ સામે પોક્સો કોર્ટમાં અરજી કરીને આક્ષેપ કર્યો હતો કે, અવિમુક્તેશ્વારનંદે ગુરુ સેવાના નામે સગીર શિષ્યોને હવસનો શિકાર બનાવ્યા છે. કોર્ટે બાળકોને એકલા બોલાવીને તેમનાં નિવેદન લીધાં તેમાં બાળકોએ એવું કહ્યાનું મનાય છે કે, બાળકોએ જણાવ્યું કે અવિમુક્તેશ્વરાનંદ અને તેમનાં ચેલા એક વર્ષથી તેમની સાથે કુકર્મ કરતા હતા. મહાકુંભ ૨૦૨૫ દરમિયાન અને ૨૦૨૬ના માઘ મેળામાં પણ તેમને હવસનો શિકાર બનાવાયા હતા. અવિમુક્તેશ્વરાનંદ પોતે કારમાં શિષ્યો સાથે જબરદસ્તી કરતા હતા અને શિષ્યોને અવિમુક્તેશ્વરાનંદ સાથે સૂવા માટે ફરજ પડાતી હતી.

અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ સગીર શિષ્યોનું જાતીય શોષણ કર્યું છે કે નહીં એ કોર્ટ નક્કી કરશે તેથી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીના ચારિત્ર્ય વિશે કોઈ ટિપ્પણી કરવી યોગ્ય નથી પણ આ કાંડ પરથી હિંદુ ધર્મના નામે કેવો અધર્મ ચાલી રહ્યો છે એ સમજવાની જરૂર છે. હિંદુઓએ જાગવાની પણ જરૂર છે અને પોતાના ધર્મના બની બેઠેલા ઠેકેદારોને ઓળખવાની પણ જરૂર છે.

અવિમુક્તેશ્વરાનંદ વર્સીસ આશુતોષ મહારાજનો ઝગડો બહુ જૂનો છે ને આ ઝગડાનું કારણ વર્ચસ્વની લડાઈ છે. અવિમુક્તેશ્વરાનંદ અને આશુતોષના ગુરુ રામભદ્રાચાર્ય બંને હિંદુ સમાજ પર વર્ચસ્વ જમાવવા માટે વરસોથી લડે છે, એકબીજા પર આક્ષેપો ને કટાક્ષો કર્યા કરે છે.

હવે આ લડાઈએ નવું જ સ્વરૂપ ધારણ કર્યું છે અને વાત ચારિત્ર્યહનન સુધી પહોંચી ગઈ છે. અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી અને આશુતોષ મહારાજમાંથી કોણ સાચું છે ને કોણ ખોટું છે એ ખબર નથી પણ બંનેમાંથી કોઈ એક અધર્મ આચરી રહ્યા છે એ સ્પષ્ટ છે. અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ શિષ્યોનું જાતીય શોષણ કર્યું હોય તો એ અત્યંત આઘાતજનક કહેવાય અને આ કુકર્મ બદલ તેમને ઉઠાવીને જેલમાં નાખી દેવા જોઈએ. અવિમુક્તેશ્વરાનંદને એવી આકરી સજા થવી જોઈએ કે જિંદગીભર જેલની બહાર ના આવી શકે ને બીજો કોઈ બાવો આવી હરકત કરતાં પહેલાં સો વાર વિચાર કરે.

માનો કે અવિમુક્તેશ્વરાનંદ સાચા છે અને આશુતોષ મહારાજે તેમની સામે ખોટો કેસ કર્યો છે તો આશુતોષને સજા થવી જોઈએ. આશુતોષને એવી સજા થવી જોઈએ કે, ફરી કોઈ બાવો આ રીતે વર્ચસ્વની લડાઈમાં આવી નીચ હરકત કરતાં પહેલાં સો વાર વિચાર કરે.

આ કામ ન્યાયતંત્રનું છે અને ન્યાયતંત્ર પોતાનું કામ કરશે પણ હિંદુઓએ વિચારવું જોઈએ કે, આ લોકો સંત કે સાધુ કહેવડાવવાને પણ લાયક છે ખરા ? જે લોકો હિંદુઓને ભૌતિક સુખોથી અલિપ્ત થઈને મોક્ષ માર્ગે જવાનું જ્ઞાન પિરસે છે એ લોકો પોતે સત્તાની ને સંપત્તિની લડાઇમાં અટવાયેલા છે ત્યારે હિંદુ સંસ્કૃતિ અને પરંપરાનું જતન કરવાના દાવા કરતા આ નીચ લોકોને હિંદુત્વની વાત કરવાનો પણ અધિકાર છે ખરો ? સંત તેને કહેવાય કે જે કોઈ પણ વાદ-વિવાદથી પર હોય ને ધર્મગુરુ એ કહેવાય કે જેનું આચરણ જ ધર્મ મનાય જ્યારે અહીં તો જે કંઈ થઈ રહ્યું છે તેને ધર્મ તો કોઈ રીતે કહી જ શકાય તેમ નથી.

આ માહોલમાં હિંદુઓએ જાગવાની જરૂર છે. ગમે તે આલિયા, માલિયા, જમાલિયા મઠ જમાવીને બેસી જાય ને હિંદુત્વના ઠેકેદાર બની જાય છે એવું ના ચાલવા દેવું જોઈએ. જેને પણ ધર્મ સાથે જોડાવું હોય એ સંપત્તિ કે સત્તાના વિવાદમાં પડ્યા વિના ધર્મ અને સમાજ માટે કામ કરે એવી સ્થિતિ પેદા કરવી જોઈએ. પરંપરાના નામે આ સાધુ મોટો ને આ નાનો ને આ સંત મહાન ને આ ઓછો મહાન એ બધા તાયફા બંધ કરવા જોઈએ.

ભગવાન સામે બધા સરખા જ છે ને કોઈ મોટું કે નાનું નથી એ હિંદુ ધર્મના મૂળભૂત સિદ્ધાંત પ્રમાણે ધર્મને લગતા કાર્યક્રમો વગેરે ચાલવું જોઈએ. આપણે ત્યાં તો કુંભ જેવા ભક્તિ અને શ્રદ્ધાંના કાર્યક્રમમાં પણ પહેલાં ફલાણા સાધુ નહાશે ને પછી બીજા નહાશે એવા ભેદભાવની રેખાઓ દોરી દેવાઈ છે. તેમાં સામાન્ય માણસનો તો કોઈ ક્લાસ જ નથી. સામાન્ય માણસ સાધુઓ કરતાં ઊતરતો હોય એમ તેમની પહેલાં સ્નાન ના કરી શકે ને એવા જાત જાતના નિયમો ઠોકી બેસાડાયા છે.

આ નિયમો ભગવાને બનાવ્યા છે? નથી જ બનાવ્યા તો બધું મૂકો ઉંચું ને બધાંને સમાન ગણવાનું શરૂ કરો. કહેવાતા સાધુ-સંતોમાં પણ સત્તાની સાઠમારી બહુ છે ને પરંપરાના નામે ધર્મને સત્તાની સાઠમારીનો અખાડો બનાવી દેવાયો છે એ જોતાં એ બધાંને પણ સમાન સ્તરે લાવી દેવાની જરૂર છે. તેની શરૂઆત ધર્મના નામે અપાતાં તમામ બિરુદો કે ટાઈટલ રદ કરીને કરી શકાય. ના કોઈ શંકરાચાર્ય કે ના કોઈ મઠાધિપતિ, ભગવાનની સામે બધા સમાન ને સામાન્ય લોકોની નજરમાં પણ બધા સમાન.

સવાલ એ છે કે આ બધું કરે કોણ? હિંદુઓમાં જે બિનવિવાદાસ્પદ અને સાચા અર્થમાં સાધુ-સંત છે એ લોકોએ આ કરવું પડે. આ દેશમાં રાજકીય પક્ષોના લાભાર્થે બહુ ધર્મસંસદો ભરાઈ છે તો એક ધર્મસંસદ હિંદુ ધર્મની શુદ્ધિ માટે પણ કરી નાખવી જોઈએ અને ધર્મમાં સમાનતાના નવા માપદંડ સ્થાપિત કરવા જોઈએ.

આ ધર્મસંસદે સૌથી પહેલો નિયમ તો એ જ બનાવવો જોઈએ કે, કોઈ પણ વિવાદમાં ફસાય એ સાધુ નિર્દોષ સાબિત ના થાય ત્યાં સુધી ધર્મથી સાવ વેગળો રહે ને હિંદુત્વના નામે દુકાન ચલાવવાનું બંધ કરે. ધર્મના નામે ધંધો કરી કરીને જે પણ સંપત્તિ એકઠી કરાઈ છે એ સ્વૈચ્છિક રીતે જ હિંદુઓમાં વહેંચીને હિંદુઓનું ભલું કરવા સહિતનાં પુણ્યકાર્ય પણ ધર્મસંસદ કરી શકે.

હિંદુઓમાં બહુમતી સાધુઓ હજુય ધર્મના રસ્તે ચાલે છે. અવિમુક્તેશ્વરાનંદ કે આશુતોષ મહારાજ જેવા બહુ ઓછા છે પણ નાગાની પાંચ શેરી ભારે એ હિસાબે આવા લોકોની બોલબાલા છે. સાચા સાધુ-સંતોએ આગળ આવીને આવા લોકોને બહાર કરવાની જરૂર છે. તેની સામે દેકારો પણ થશે કેમ કે જેમનાં હિતો જોખમાતાં હશે એ સ્વૈચ્છાઓ કશું છોડશે નહીં. એવા નમૂનાઓને બહાર કરવા લાલ આંખ પણ કરવી પડે તો કરવી જોઈએ. આખરે એ પણ ધર્મ છે ને? ભગવાન કૃષ્ણે ગીતામાં આપેલા અધર્મ સામે લડવાના ઉપદેશને સાધુ-સંતો અમલમાં નહીં મૂકે તો કોણ મૂકશે? ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, મંગળવાર, તા. ૨૪–૨–૨૦૨૬, દુર્ગાષ્ટમી, ભદ્રા સમાપ્તિ

- ભારતીય દિનાંક ૫, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, ફાલ્ગુન સુદ–૮
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ફાલ્ગુન, તિથિ સુદ –૮
- પારસી શહેનશાહી રોજ ૧૪મો ગોશ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૪મો ગોશ, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૧૨મો સ્પેનદાર્મદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૬ઠ્ઠો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૮મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- નક્ષત્ર કૃત્તિકા બપોરે ક. ૧૫–૦૬ સુધી, પછી રોહિણી
- ચંદ્ર વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૩, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૭, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૯, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સાંજે ક. ૧૭–૧૩ મધ્યરાત્રિ પછી ક. ૦૪–૩૯ (તા. ૨૫)
- ઓટઃ સવારે ક. ૧૦–૨૪, રાત્રે ક. ૨૨–૫૭
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’ નામ સંવત્સર, ફાલ્ગુન – શુક્લ અષ્ટમી. દુર્ગાષ્ટમી, ભદ્રા સમાપ્તિ સાંજે ક. ૧૭–૫૬.

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.

- મુહૂર્ત વિશેષઃ મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, દુર્ગાષ્ટમીનો ઉપવાસ, સૂર્ય–અગ્નિપૂજા, ઉંબરાનાં વૃક્ષનું પૂજન, માલ વેંચવો, સપ્તસતી પાઠ પૂજા, હવન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ત્ર નામ પાઠ વાંચન, વૈદ્યુતિ જન્મયોગ શાંતિ પૂજા.
- આચમનઃ ચંદ્ર–સૂર્ય ચતુષ્કોણ પરિવાર સાથેના વ્યવહારમાં સંભાળવું
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–સૂર્ય ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય–કુંભ, મંગળ–કુંભ, માર્ગી બુધ–કુંભ (બુધ અસ્ત), વક્રી ગુરુ–મિથુન, શુક્ર–કુંભ (શુક્ર પશ્ચિમમાં દેખાશે), માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

## દિલ્હીના સચિવાલય, લાલ કિલ્લાને ઉડાવી દેવાની ધમકી પોકળ નીકળી

નવી દિલ્હીઃ દેશની રાજધાનીમાં ફરી એકવાર આતંકી ભયનો ઓછાયો જોવા મળ્યો છે. સોમવારના રોજ દિલ્હીના અતિ મહત્વનાં ગણાતાં સ્થળોને નિશાન બનાવવાની ધમકી મળતા જ સુરક્ષા તંત્ર હરકતમાં આવી ગયું હતું. ખાલિસ્તાની જૂથના નામે મોકલવામાં આવેલા આ ધમકીભર્યા ઈ-મેલે પોલીસ અને ગુપ્તચર એજન્સીઓની ઊંઘ ઉડાવી દીધી છે. વહીવટીતંત્રે તરત જ અસરગ્રસ્ત વિસ્તારોમાં મોરચો સંભાળી લીધો હતો અને સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, દિલ્હી પોલીસને મળેલા એક ઈ-મેલમાં દિલ્હી સચિવાલય અને ઐતિહાસિક લાલ કિલ્લાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. આ માહિતી મળતા જ બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની મદદથી સમગ્ર પરિસરની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. જોકે, સદનસીબે તપાસ દરમિયાન કોઈ શંકાસ્પદ વસ્તુ મળી આવી નહોતી. પોલીસ હવે આ ઈ-મેલના મૂળ સુધી પહોંચવા માટે સાયબર સેલની મદદ લઈ રહી છે, જેથી ફેક ન્યૂઝ ફેલાવનારા તત્વોને પકડી શકાય.

## શર્ટલેસ દેખાવોઃ ગ્વાલિયરમાંથી ત્રણની ધરપકડ કરી પોલીસે

નવી દિલ્હીઃ ભારત મંડપમમાં આયોજિત ‘ઇન્ડિયા એઆઈ ઇમ્પેક્ટ સમિટ’ દરમિયાન થયેલા શર્ટલેસ હંગામા બાદ હવે કાયદાકીય ગાળિયો કસાયો છે અને દિલ્હી પોલીસ દ્વારા સાત ધરપકડ કરાઈ છે જેમાં ત્રણની તો ગ્વાલિયરમાંથી અરેસ્ટ કરાઈ છે.

તેમની સામેના એફઆઈઆરમાં સમુદાયો વચ્ચે અદાવતને પ્રોત્સાહન આપવું તથા રાષ્ટ્રીય અખંડતાને નુકસાન પહોંચાડવાના આરોપોને ઉમેરવામાં આવ્યા છે.યુવા કોંગ્રેસના કાર્યકરો દ્વારા કરવામાં આવેલા અણધાર્યા વિરોધ પ્રદર્શને સુરક્ષા એજન્સીઓ અને રાજકીય વર્તુળોમાં દોડધામ મચાવી દીધી છે. આ ઘટનાને પગલે દિલ્હી પોલીસે હવે કડક વલણ અપનાવતા તપાસનો ધમધમાટ તેજ કર્યો છે, જેના કારણે આગામી દિવસોમાં રાજકીય ઘર્ષણ વધવાના સંકેતો મળી રહ્યા છે.

## મમતા શાસનમાં બંગાળની સ્થિતિથી દિલ તૂટ્યું, પરિવર્તન ‘અનિવાર્ય’: મોદી

કોલકાતાઃ વિધાનસભા ચૂંટણીની જાહેરાતના અઠવાડિયા પહેલા પશ્ચિમ બંગાળના મતદારોને જાહેર અપીલમાં, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે કહ્યું કે તેઓ વર્તમાન મમતા બેનરજી શાસન હેઠળ રાજ્યના નાગરિકોના વિવિધ વર્ગ દ્વારા સામનો કરવામાં આવતી છેતરપિંડી અને વેદનાથી હૃદયભંગ થયા છે અને વિકસિત પશ્ચિમ બંગ બનાવીને તેને સુધારવાની પ્રતિજ્ઞા લીધી છે.

‘જય મા કાલી’ના સંબોધન સાથે શરૂ થયેલા બંગાળીમાં લખાયેલા એક ખુલ્લા પત્રમાં, મોદીએ શાસનના અભાવ અને તુષ્ટિકરણની રાજનીતિથી લઈને બોગસ મતદારો, રોજગારની ઉણપ અને મહિલાઓની સુરક્ષા સુધીના મુદ્દાઓ પર ટીએમસી સરકાર પર નિશાન સાધ્યું હતું.

મોદીએ કહ્યું કે રાજકીય પરિવર્તન અનિવાર્ય છે, પરંતુ મતદારો દ્વારા વિવેકી પસંદગી રાજ્યને દેશના બાકીના ભાગોમાં જોવા મળતા ઝડપી વિકાસ સાથે સમરૂપ કરી શકે છે.

એમણે સીએએ દ્વારા શરણાર્થીઓને નાગરિકતા આપવાનું પણ વચન આપ્યું હતું અને ચૂંટણી પૂર્વેના વચનોના ભાગ રૂપે રાજ્યની સરહદો દ્વારા ઘૂસણખોરી અટકાવવાનું પણ વચન આપ્યું હતું.

## લખનઊ યુનિવર્સિટીમાં નમાજ પઢાતા ટેન્શન, પોલીસ અલર્ટ પર

લખનઊઃ લખનઊ યુનિવર્સિટીમાં લાલ બારાદરીની ફેન્સિંગ અને નમાજના વિવાદને લઈને તણાવ ઉગ્ર બની ગયો છે. પ્રોક્ટરના કાર્યાલયની બહાર વિદ્યાર્થીઓની નારાબાજી અને ગરમાગરમી વચ્ચે ભારે સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. પ્રશાસને સુરક્ષા અને જર્જરિત ઈમારતનું કારણ આગળ ધરીને પરિસરને સીલ કરવાની કામગીરી આરંભી દીધી છે. લખનઊ યુનિવર્સિટીમાં નમાઝના વિવાદને લઈને તણાવ વધી ગયો છે. નમાજની તરફદારી કરતા વિદ્યાર્થીઓ પ્રોક્ટરના કાર્યાલયે પહોંચતાં બીજા હિન્દુ વિદ્યાર્થીઓએ કાર્યાલયને બહારથી ઘેરી લઈ પ્રદર્શન શરૂ કરી દીધું હતું અને કહ્યું હતું કે બીજીવાર બારાદરી પાસે નમાજ પઢવામાં આવશે તો તેમને ત્યાંથી ભગાડી દેવામાં આવશે.

## ઝટ ઈરાન છોડોઃ ભારતીયોને કહેવાયું

તહેરાનઃ તહેરાન/નવી દિલ્હીઃ અમેરિકા અને ઈરાનની વચ્ચે સબ સલામત નથી. હવે યુદ્ધ પણ ગમે તે ઘડીએ થઈ શકે એવા વર્તારા વચ્ચે તહેરાનસ્થિત ભારતીય દૂતાવાસે પોતાના નાગરિકો માટે તાત્કાલિક ઈરાન છોડવાનો અનુરોધ કર્યો છે. આજે જારી કરેલી એડવાઈઝરીમાં જણાવ્યું છે કે ગમે તેમ રીતે ઈરાન છોડી દેવાનું સલામત રહેશે. આ એડવાઈઝરીને કારણે ઈરાન અને અમેરિકા વચ્ચે ઘર્ષણ ઊભો થઈ શકે એ નિશ્ચિત છે. ભારતીય દૂતાવાસે જારી કરેલી ચેતવણીમાં જણાવ્યું છે કે હાલમાં ઈરાનમાં વસતા ભારતીય નાગરિકોને જે કોઈ વ્યવસ્થા ઉપલબ્ધ થાય તેના મારફત ઈરાન છોડી દેવાની સલાહ આપવામાં આવી છે.

## ટીએમસીના સ્થાપક સભ્ય મુકુલ રોયનું અવસાન

કોલકાતાઃ મમતા સાથે તૃણમૂલ કોંગ્રેસની સ્થાપના કરનારા મુકુલ રોયનું ૭૧ વર્ષની વયે નિધન થયું હતું. તેમના પુત્ર શુભ્રાંશુ રોયે આ બાબતની પુષ્ટિ કરી છે. મુકુલ રોયે રવિવારે રાત્રે લગભગ ૧:૩૦ વાગ્યે કોલકાતાની અપોલો હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. મમતા સાથે છેડો ફાડીને ભાજપમાં ગયા બાદ તેઓ પતી ગયા હતા. તેમને બંગાળની રાજનીતિના ચાણક્ય કહેવાતા હતા. આશરે ચાર દાયકાના રાજકીય જીવનમાં તેમણે કોંગ્રેસ, તૃણમુલ કોંગ્રેસ અને ભાજપ એમ ત્રણેય પક્ષોમાં મહત્વની ભૂમિકા નીભાવી હતી.રોયે શરૂઆત યુથ કોંગ્રેસથી કરી હતી અને ૧૯૯૮માં મમતા બેનર્જી સાથે મળીને ટીએમસીની સ્થાપના કરી હતી.

## એપસ્ટીન મામલે રાહુલ દ્વારા પીએમની ફરી ટીકા

નવી દિલ્હીઃ લોકસભાના વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર વિડીયો જાહેર કરીને પ્રહાર કર્યો છે. તેમણે કહ્યું છે એપસ્ટીન ફાઇલ્સમાં વડાપ્રધાન, તેમના પ્રધાનો અને મિત્રોના નામ પ્રકાશમાં આવ્યા છે. જે શરમની બાબત છે. આ અંગે રાહુલ ગાંધીએ એક્સ પર એક વિડીયો રિલીઝ કર્યો.

તેમાં કેપ્શન આપી છે કે, મોદીજી, તમે શરમની વાત કરો છો? શરમની વાત હું તમને જણાવું છું. એપસ્ટીન ફાઇલ્સમાં તમારું , તમારા પ્રધાનનું અને તમારા મિત્રનું નામ એકસાથે આવવું અને આવા જઘન્ય ગુનેગાર સાથે તમારું નામ જોડવામાં આવી રહ્યું છે. આ શરમની વાત છે.

## પ્રજામત

### લવજિહાદ વિરુદ્ધ સખત પગલાં લેવાની વિનંતી

આજે છાશવારે લવજિહાદના મામલા ખૂબ વધી રહ્યા છે. ભોળી છોકરીઓને ફસાવીને તેમનું ધર્માંતરણ કરવામાં આવે છે. જે ખરેખર ચિંતાજનક વિષય છે. એથી મોદી સરકારને મારી વિનંતી છે કે આવી ઘટનાઓ પર સત્વરે સખત કાર્યવાહી કરવામાં આવે અને દોષીઓને કડક સજા ફટકારવામાં આવે. એના માટે કડક કાયદો બનાવવાની તાતી જરૂર છે. આરોપી પકડાય એટલે એના એક મહિનામાં કેસનો ચુકાદો આવી જાય અને લવજિહાદના કેસમાં મોતની જોગવાઈ રાખવામાં આવે. કાયદામાં એવી સખત સજાની જોગવાઈ રાખવામાં આવે કે કોઈ મુસ્લિમ કોઈ હિન્દુ છોકરી કે યુવતી સામે જોવાની હિમ્મત ન કરી શકે.

–જિતેન્દ્ર દવે (ઈન્દોર)

### મુંબઈમાં વધતું વાયુ ને ધ્વનિ પ્રદૂષણ ચિંતાનો વિષય

મુંબઈમાં રસ્તા પર ચાલીએ તો વાયુ પ્રદૂષણ ખૂબ વધી ગયું છે એનો અહેસાસ થાય છે. રસ્તા પર ચાલતાં વાહનોની સંખ્યામાં પણ ધરખમ વધારો થયો છે. એને કારણે કાર્બનમોનોક્સાઈડ વધી ગયો છે, જે આપણાં ફેફસાં માટે જોખમી છે.

સાથે જ શહેરોમાંથી વૃક્ષોનું નિકંદન પણ કાઢવામાં આવે છે. એ પણ એક કારણ છે પ્રદૂષણ વધવાનું. એથી જેમ બને એમ ઝાડ- છોડ વાવવામાં આવે તો હવા શુદ્ધ થઈ શકે છે. ઝાડ વાતાવરણમાંના ઝેરી વાયુને ઘટાડીને ઓક્સિજન આપણને આપે છે.

આવી જ રીતે ધ્વનિ પ્રદૂષણ પણ સતત વધી રહ્યું છે. મુખ્ય રસ્તા પર આવેલાં મકાનોમાં વસતા લોકોને રસ્તા પર ચાલતાં વાહનોને કારણે તકલીફ થાય છે. સતત અવાજને કારણે તેમને ખલેલ પડે છે. કેટલાંક વાહનો તેજ ગતિથી દોડે છે એથી તેમને પકડવા પણ સહેલા નથી હોતા. એથી વધુ અવાજ કરતાં વાહનો પર પણ દંડ ફટકારવામાં આવે એવી પહેલ શરૂ કરવી જોઈએ.

–પ્રવીણચંદ્ર હરજીવનદાસ શાહ (બોરીવલી-વેસ્ટ)

### પત્ર મિત્રોને ખાસ સૂચના

પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ–મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો.

E-mail:
prajamat@bombaysamachar.com

ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ–મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. – તંત્રી

પહેલા પાનાનું ચાલુ

### હલિસ્કો કાર્ટેલના

પર કરવામાં આવેલા ગોળીબારની જવાબી કાર્યવાહીમાં ઘટનાસ્થળે ચાર જણ ઠાર મરાયા હતા અને અન્ય ત્રણ ઘાયલ થયા હતા. ઘાયલોમાં ઑસેગ્વેરા સર્વેન્ટિસનો પણ સમાવેશ થતો હતો. ઘાયલ થયેલા અન્ય બે જણની ધરપકડ કરવામાં આવી હતી અને તેમની પાસેથી રૉકેટ લૉન્ચર શસ્ત્રો ભરેલું વાહન વગેરે કબજે કરવામાં આવ્યા હતા. આ અથડામણમાં સેનાના ત્રણ જવાન ઘાયલ થયા હતા અને હાલ તેઓ સારવાર હેઠળ છે. સેનાના આ ઓપરેશન બાદ સમગ્ર મેક્સિકોમાં ઠેર ઠેર હિંસા થતી જોવા મળી છે. અલ મેન્ચોના મોતથી રોષે ભરાયેલા કાર્ટેલના સભ્યોએ હાઈવે બ્લોક કરી દીધા છે અને સેંકડો વાહનોને આગ ચાંપી દીધી છે. ટાપાલપા, ઝાપોપન અને ગ્વાદલારા જેવાં શહેરો અત્યારે યુદ્ધના મેદાનમાં ફેરવાઈ ગયા છે. આ હિંસામાં અનેક સૈનિકો અને સામાન્ય નાગરિકોના મોતના અહેવાલ મળી રહ્યા છે. પરિસ્થિતિ એટલી ગંભીર છે કે લોકો ડરના માર્યા ઘરોમાં કેદ થઈ ગયા છે અને અનેક પ્રાંતોમાં શાળાઓ અનિશ્ચિત સમય માટે બંધ કરી દેવામાં આવી છે. હિંસાને ડામવા માટે મેક્સિકન મિલિટરીએ બખ્તરબંધ ગાડીઓ અને હેલિકોપ્ટર સાથે મોરચો સંભાળ્યો છે. સેનાએ અનેક શકમંદોની ધરપકડ કરી છે અને દરોડા દરમિયાન રોકેટ લોન્ચર જેવા અત્યાધુનિક હથિયારોનો મોટો જથ્થો જપ્ત કર્યો છે. આ ઓપરેશન ટ્રમ્પ વહીવટીતંત્ર માટે પણ એક મોટી જીત સમાન છે, કારણ કે અમેરિકા લાંબા સમયથી મેક્સિકો પર આ કાર્ટેલને ખતમ કરવા માટે દબાણ કરી રહ્યું હતું. (એજન્સી)

#### કોણ હતો અલ મેંન્ચો

અલ મેન્ચોનો ઈતિહાસ કોઈ ફિલ્મી સ્ટોરીથી ઓછો નથી. તે અગાઉ પોતે એક પોલીસ અધિકારી તરીકે ફરજ બજાવતો હતો, પરંતુ ગુનાની દુનિયાના આકર્ષણે તેને ડ્રગ્સના વેપારમાં ધકેલી દીધો. છેલ્લા એક દાયકામાં તેણે ‘હલિસ્કો ન્યૂ જનરેશન કાર્ટેલ’ (સીજેએનજી)ને મેક્સિકોના સૌથી ક્રૂર અને શક્તિશાળી સંગઠનમાં ફેરવી દીધું હતું. આ સંગઠન અમેરિકામાં મોટા પાયે કૃત્રિમ ડ્રગ્સ ‘ફેટાનિલ’ની સ્મગલિંગ કરવા માટે જવાબદાર હતું, જેના ઓવરડોઝને કારણે અમેરિકામાં લાખો લોકોના મોત થયા છે.

### હવે આતંકવાદ

યોગદાન આપવું તથા આખા સમાજના અભિગમ વડે પૂર્વવત સ્થિતિ અને શાંતિ સ્થાપવી છે.

દસ્તાવેજમાં પાકિસ્તાનનું નામ લીધા વિના કહેવામાં આવ્યું છે કે ભારતના પડોશનો હિંસાનો ઈતિહાસ છે અને આને લીધે શાસન ન હોય એવી અરાજકતાનું નિર્માણ થાય છે. તદુપરાંત રીજનના અમુક દેશો આતંકવાદને દેશની નીતિ તરીકે અખત્યાર કરે છે. દસ્તાવેજમાં વધુમાં કહેવામાં આવ્યું હતું કે ભારત આતંકવાદને કોઈ ચોક્કસ ધર્મ, વંશ, રાષ્ટ્રીયતા કે સભ્યતા સાથે સાકળતું નથી. ભારતે આતંકવાદ અને તેનો ઉપયોગ કરીને જણાવેલા અને ન જણાવેલા હેતુ સિદ્ધ કરવાની સ્પષ્ટપણે અને નિર્વિવાદ રીતે નિંદા કરી છે. દસ્તાવેજમાં જણાવામાં આવ્યું છે કે ભારત હંમેશાં આતંકવાદના ભોગ બનેલાઓની પડખે ઊભું રહ્યું છે. ભારત મક્કમપણે માને છે કે વિશ્વમાં હિંસાને કોઈ પણ રીતે વાજબી ગણાવી શકાય નહીં. દસ્તાવેજ કહે છે કે આ સૈદ્ધાંતિક અભિગમ ભારતની આતંકવાદ સામેની શૂન્ય સહિષ્ણુતા બતાડે છે. સરહદ પારના પુરસ્કૃત આતંકવાદને લીધે ભારતને લાંબા સમયથી સહન કરવું પડ્યું છે. જેહાદી આતંકવાદી સંગઠનો ભારતમાં આતંકવાદી હુમલા કરવાની યોજના, સંકલન અને ઉત્તેજન આપવાની સાથે એને અંજામ આપતા હોય છે. અલ કાયદા, અને ઈસ્લામિક સ્ટેટ ઑફ ઈરાક ઍન્ડ સીરિયા જેવા આંતરરાષ્ટ્રીય જૂથો ભારતને લક્ષ્ય બનાવે છે. આ સંગઠનો તેના સ્લીપર સેલ વડે ભારતમાં હિંસા ફેલાવાના પ્રયાસ કરે છે. આતંકવાદના આકાઓ અદ્યતન તંત્રજ્ઞાન અને ડ્રોનનો ઉપયોગ કરીને પંજાબ તથા જમ્મુ અને કાશ્મીરમાં હુમલાઓ અને આતંકવાદી પ્રવૃત્તિઓ કરે છે. (એજન્સી)

### ઝારખંડના

રેડબર્ડ એરવેઝ પ્રાઇવેટ લિમિટેડ આ એર એમ્બ્યુલન્સનું સંચાલન કરી રહી હતી. પ્લેન સાંજે ૭:૦૭ વાગ્યે રાંચીથી રવાના થયું, જે શેડ્યુલ મુજબ ૧૦ વાગ્યે દિલ્હીમાં લેન્ડ થવાનું હતું. સાંજે ૭:૩૪ વાગ્યે એર ટ્રાફિક કંટ્રોલ સાથે પ્લેનનો તેનો સંપર્ક તૂટી ગયો હતો. અધિકારીઓના જણાવ્યા મુજબ વિમાન ચત્રા નજીક સિમરિયાના કાસિયાતુ જંગલમાં તૂટી પડ્યું હતું. અધિકારીઓએ હજુ સુધી જાનહાનિ અને નુકસાનની સત્તાવર જાણકારી આપી નથી.

### ચાંદીમાં

વૈશ્વિક બજારમાં વેપારની અનિશ્ચિતતા સપાટી પર આવતા લંડન ખાતે સોના-ચાંદી સહિતની કિંમતી ધાતુઓમાં સલામતી માટેની માગ નીકળતાં સોનાના ભાવ વધીને ત્રણ સપ્તાહની ટોચે અને ચાંદીના ભાવ બે મહિનાની ટોચે પહોંચ્યા હતા. વધુમાં આજે વિશ્વ બજારમાં ડૉલરમાં નરમાઈનું વલણ રહેતાં સોના-ચાંદીની તેજીને ટેકો મળ્યો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં ચાંદીના ભાવમાં કિલોદીઠ ૧૩,૭૬૧ રૂપિયાનો અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ ૩૧૪૧થી ૩૧૫૪ રૂપિયાનો ઝડપી ઉછાળો આવ્યો હતો. આજે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે હાજરમાં ૯૯૯ ટચ ચાંદીના વેરારહિત ધોરણે કિલોદીઠ ભાવ ૧૩,૭૬૧ રૂપિયાના ઉછાળા સાથે ૨,૬૪,૦૭૫ રૂપિયાના મથાળે રહ્યા હતા. જોકે, ભાવમાં અચાનક ઝડપી તેજી આવતા જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સતરની માગ નિરસ રહી હતી. તેમ જ ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી પણ ખપપૂરતી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. તે જ પ્રમાણે આજે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ ૩૧૪૧ રૂપિયા વધીને ૧,૫૭,૫૮૬ રૂપિયા અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૩૧૫૪ રૂપિયા વધીને ૧,૫૮,૨૨૦ રૂપિયાની સપાટીએ રહ્યા હતા.

### આઈડીએફસી

કરોડ રૂપિયાનું ધોવાણ થતાં શેરબજારના સેન્ટિમેન્ટ પર પણ અસર પડી હતી. સોમવારે સવારના સત્રમાં એક જ સત્રમાં ઉક્ત બેંકના બજાર મૂલ્યમાં ૧૪,૪૩૮ કરોડ રૂપિયાનું ધોવાઈ ગયું હતું. આ કૌભાંડનો આંકડો બેંકના સમગ્ર ત્રિમાસિક નફા કરતાં વધી ગઈ હોવાના સમાચાર મળતાં રોકાણકારોએ જોરદાર વેચવાલી શરૂ કરતા બેંકના માર્કેટ કેપિટલાઈઝેશનમાં આ ધોવાણ નોંધાયું હતું.


સવારના સત્રમાં બેંકના શેર ૨૦ ટકા સુધી તૂટી ગયા હતા, જે માર્ચ ૨૦૨૦ પછીનો સૌથી મોટો ઘટાડો છે. પાછળથી શેરબજાર સાથે જ આ શેરમાં પણ નીચી સપાટીથી થોડો સુધારો જોવા મળ્યો હતો. સત્રને અંતે આ બેંકના શેર એનએસઇ પર ૧૬.૦૭ ટકાના ઘટાડા સાથે રૂ. ૭૦.૦૯ની સપાટીએ સ્થિર થયા હતા.

આ અંગે આઇડીએફસી ફર્સ્ટ બેંકના મેનેજિંગ ડિરેક્ટર અને સીઇઓ વી. વૈદ્યનાથને સોમવારે જણાવ્યું હતું કે બેંકના કર્મચારીઓ અને બહારના પક્ષો વચ્ચેની મિલીભગતથી હરિયાણા સરકારના ખાતામાં ૫૯૦ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હતી.

આ અંગે બેંકે પોલીસ ફરિયાદ નોંધાવી છે. તેમજ બેંકના નિયમનકારો અને ઓડિટરોને જાણ કરી છે. આ ઉપરાંત બેંકિંગ સિસ્ટમમાં વસૂલાત અને લિયન-માર્કિંગ કાર્યવાહી શરૂ કરી છે. લિયન-માર્કિંગ એ બેંક અથવા નાણાકીય સંસ્થા દ્વારા ખાતામાં ચોક્કસ રકમ અસ્થાયીરૂપે ફ્રીઝ કરવાની પ્રક્રિયા છે.

### આર્યન ડૉમની

નહીં હોય. પરંતુ ‘મેક ઇન ઇન્ડિયા’ પહેલ હેઠળ ભારતમાં જ આ સિસ્ટમોના ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે અમારો ધ્યેય આ કરારને ભારતમાં ઉત્પાદન અને આયર્ન ડોમ જેવી ટેકનોલોજી શેર કરવા સહિતના ચોક્કસ વિષયો સુધી વિસ્તૃત કરવાનો છે. ભારત અને ઇઝરાયલ બંને સમાન સુરક્ષા પડકારોનો સામનો કરે છે. યાનિવે કહ્યું કે ઇઝરાયલ ભારત સાથે તેની સુરક્ષા પ્રણાલી ટેકનોલોજી શેર કરવા તૈયાર છે કારણ કે તે ભારતને એક મજબૂત અને વિશ્વસનીય વ્યૂહાત્મક ભાગીદાર માને છે.


અવતાર મેહેર બાબા મુંબઈ કેંદ્ર
અવતાર મેહેર બાબાની ૧૩૨ મી જન્મ જયંતીની ઉજવણી
બુધવાર, ૨૫મી ફેબ્રુઆરી ૨૦૨૫
સવારનો કાર્યક્રમ : સમય - સવારે ૪:૩૦ થી ૬:૩૦
કાર્યક્રમ - ભક્તિ ગીતો, ધૂન, ભગવાનના નામ, પ્રાર્થના, ધ્વજારોહણ, આરતી અને પ્રસાદનું વિતરણ.
સાંજનો કાર્યક્રમ : સમય - સાંજના ૫:૩૦ થી ૭:૩૦
કાર્યક્રમ - શ્રી. અમેય ગોખલે, એમ.ટેક (આઈઆઈટી, મુંબઈ) અને તેમની ટીમ સંગીતનો કાર્યક્રમ પ્રસ્તુત કરશે.
કાર્યક્રમોનો સ્થળ : અવતાર મેહેર બાબા મુંબઈ કેંદ્ર, ૨૩-૨૬, એ વિંગ, નવયુગ નિવાસ સીએચએસ લિ., ૩જો માળા, ડૉ. ડી. ભડકમકર માર્ગ, મુંબઈ - ૪૦૦ ૦૦૭.
(www.avatarmeherbaba.in)
(Email: avatarmeherbababombaycentre@gmail.com)
સંપર્ક સાધો - શ્રી. સાયરસ ખંબાટા (મો. ૯૯૮૭૪ ૬૬૮૭૮)
|| સર્વ ઈશ્વર પ્રેમીઓને હાર્દિક આમંત્રણ ||

### મહારાષ્ટ્ર વિધાનસભા બજેટ સત્રનો પ્રારંભ

# સરકાર વિકસિત મહારાષ્ટ્ર બનાવવા કટિબદ્ધઃ રાજ્યપાલ

મુંબઈઃ મહારાષ્ટ્ર રાજ્ય વિધાનસભાનું બજેટ સત્ર સોમવારથી મુંબઈમાં શરૂ થયું હતું. આ સત્રના પહેલા દિવસે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે વિધાનસભાના બંને ગૃહોને સંબોધિત કરેલા ભાષણમાં તેમણે રાજ્યની આર્થિક પ્રગતિનો હિસાબ આપતા જાહેરાત કરી કે સરકાર વિકસિત મહારાષ્ટ્ર બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

આ પ્રસંગે રાજ્યપાલએ ભાષણમાં અનેક વિષય પર ટિપ્પણી કરી હતી. વર્લ્ડ ઇકોનોમિક ફોરમનો ઉલ્લેખ કરી તેમણે કહ્યું હતું કે દાવોસ કરારથી રાજ્યમાં ૩૦ લાખ કરોડ રૂપિયાનું રેકોર્ડ રોકાણ થવાની અપેક્ષા છે. આને કારણે રાજ્યના જીડીપીમાં મહારાષ્ટ્રનો હિસ્સો ૧૩ ટકા સુધી પહોંચી ગયો છે. મહારાષ્ટ્ર ફરી એકવાર ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ (એફડીઆઈ )માં દેશમાં અગ્રેસર બન્યું છે. ઉપરાંત હિન્દુ હૃદય સમ્રાટ બાળાસાહેબ ઠાકરે સમૃદ્ધિ મહામાર્ગનું વિસ્તરણ કરવાથી કનેક્ટિવિટીમાં સુધારો થશે. નક્સલ પ્રભાવિત ગણાતો ગઢચિરોલી જિલ્લો હવે સ્ટીલ હબમાં રૂપાંતરિત થઈ રહ્યો છે. વિદર્ભમાં સ્ટીલ કોરિડોર બનતા વિકાસને મોટો વેગ મળશે.

ગ્રામીણ વિસ્તારોમાં કનેક્ટિવિટી સુધારવા માટે મુખ્યમંત્રી કિસાન ખેત માર્ગ યોજનાનો અસરકારક રીતે અમલ કરવામાં આવી રહ્યો છે.

સરકાર હવે ખેડૂતોની આવક વધારવા માટે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરશે. રાજ્યપાલે જણાવ્યું હતું કે સરકારે કૃષિ ઉત્પાદકતા વધારવા અને પાક આયોજન માટે મોટા પાયે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) ટેકનોલોજીનો ઉપયોગ કરવાની નીતિ ઘડી છે. ■

# મહારાષ્ટ્રના ઈતિહાસમાં પહેલીવાર બન્ને ગૃહમાં વિરોધ પક્ષના નેતા વગર બજેટ રજૂ થશે

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનસભાનું સોમવારથી શરૂ થયેલું બજેટ સત્ર રાજ્યના ઇતિહાસમાં પ્રથમ વખત વિધાનસભા અને વિધાન પરિષદ બંનેમાં વિરોધ પક્ષના નેતા (એલઓપી)ની હાજરી નથી.

વિપક્ષ મહા વિકાસ આઘાડી (એમવીએ)એ આ પરિસ્થિતિને લોકશાહી માટે ખતરો ગણાવી દલીલ કરી છે કે શાસક ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ પાસે પ્રચંડ બહુમતી હોવાથી બંને ગૃહમાં એલઓપીની ગેરહાજરી સંસ્થાકીય નિયંત્રણો અને સંતુલનને નબળી પાડે છે.

શિવસેના (યુબીટી)ના સંસદ સભ્ય સંજય રાઉતે રવિવારે એલઓપી પદના નકારને લોકશાહી પર કલંક ગણાવી દાવો કર્યો હતો કે સરકારને જવાબદાર ઠેરવવાની વિપક્ષની બંધારણીય ભૂમિકાને નબળી પાડવામાં આવી રહી છે. ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીઓથી આ ખાલી જગ્યા યથાવત્ છે. એલઓપીની માન્યતા મેળવવા અન્ય કોઈ પણ પક્ષ જરૂરી ૧૦ ટકા બેઠક નહોતો મેળવી શક્યો.

શિવસેના (યુબીટી)ના વિધાન સભ્ય ભાસ્કર જાધવે બંને ગૃહમાં વિરોધી પક્ષની નિમણૂક નહીં થવા દેવા માટે શાસક ગઠબંધન પર ઇરાદાપૂર્વક લોકશાહી પ્રક્રિયાઓને નબળી પાડવાનો આરોપ મૂક્યો હતો. જાધવે વધુમાં જણાવ્યું હતું કે તેમણે વિધાનસભામાં વિરોધી પક્ષના નેતાની નિમણૂકને લગતા કોઈપણ નિયમ કે કાયદા અંગે સ્પષ્ટતા માગવા માટે મહારાષ્ટ્ર વિધાન ભવન વહીવટીતંત્રને પત્ર લખ્યો હતો, પરંતુ તેમને જાણ કરવામાં આવી હતી કે કોઈ ચોક્કસ કાયદાકીય જોગવાઈ નથી. તેમણે એ પણ નિર્દેશ કર્યો કે ભૂતકાળમાં ૧૦થી ઓછા વિધાનસભ્ય ધરાવતા પક્ષોને એલઓપી પદ આપવામાં આવતું હતું, જ્યારે ૨૮૮ સભ્યોની વિધાનસભામાં શિવસેના (યુબીટી) પાસે ૨૦ વિધાન સભ્યો હોવા છતાં તેમને આ પદ આપવાનો ઇનકાર કરવામાં આવ્યો છે.

આ વિશે પૂછવામાં આવતા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે આ નિર્ણય વિધાનસભાના અધ્યક્ષ અને પરિષદના અધ્યક્ષનો વિશેષાધિકાર છે. મારાથી તેના પર કોઈ ટિપ્પણી ન કરાય. (પીટીઆઈ)■

# બંને ગૃહમાં અજિતદાદાને આપવામાં આવી શ્રદ્ધાંજલિ

## દાદાએ ૧૩મું બજેટ રજૂ કરી રેકોર્ડ તોડ્યો હોતઃ ફડણવીસ

મુંબઈઃ સોમવારથી રાજ્યનું બજેટ સત્ર શરૂ થયું. રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન, સ્વર્ગસ્થ અજિત પવારના અવસાન પર ગૃહમાં શોક પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે અજિતદાદાને યાદ કર્યા. મુખ્ય પ્રધાન ફડણવીસે ૨૦૧૯માં શપથ ગ્રહણ સમારોહની ઘટનાઓ પર ટિપ્પણી કરી. મુખ્ય પ્રધાને કહ્યું કે દાદા આજે આપણી વચ્ચે નથી તે વિચારીને ખૂબ જ દુઃખ થાય છે અને તેમણે ઘણી યાદો તાજી કરી. આ વર્ષે, દાદાએ તેમનું ૧૨મું બજેટ રજૂ કર્યું હોત અને આવતા વર્ષે ૧૩મું બજેટ રજૂ કરીને, બેરિસ્ટર શેષરાવ વાનખેડેના રેકોર્ડની બરાબરી કરી હોત. ભવિષ્યમાં સૌથી વધુ બજેટ રજૂ કરનાર નાણાપ્રધાન તરીકે તેમનું નામ નોંધાયું હોત. જોકે, તેમના અચાનક જવાથી હવે આ શક્ય નથી.

મુખ્યપ્રધાને વધુમાં કહ્યું કે અજિતદાદા અને મારો જન્મદિવસ એક જ દિવસે છે. જોકે, તેઓ મારા કરતા ૧૧ વર્ષ મોટા હતા. એક અર્થમાં તેઓ ખરેખર મારા મોટાભાઈ જ હતા.

૨૦૧૪ પછી, અમે બંને નજીક આવ્યા અને એક દાયકાથી વધુ સમય સુધી મૈત્રીપૂર્ણ અને સુમેળભર્યા સંબંધો જાળવી રાખ્યા. સભાગૃહમાં દાદાની હાજરી સ્પષ્ટપણે અનુભવાય છે. તેઓ દરેક કામ સમયસર અને શિસ્તબદ્ધ રીતે થાય તેની ખાતરી કરતા હતા. તેમને સવારે ૬ વાગ્યે કામ શરૂ કરવાની આદત હતી.

### ૨૦૧૯ ના શપથ ગ્રહણ સમારોહ વિશે શું કહ્યું?

ફડણવીસે કહ્યું કે અજિત પવાર વચન પાળનાર નેતા હતા. મેં ૨૦૧૯માં આનો અનુભવ કર્યો. તે સમયે અમે (ભાજપ-એનસીપી) સરકાર બનાવવાનું નક્કી કર્યું હતું. તેમના વરિષ્ઠોએ નિર્ણય ઉલટાવી દીધો. પરંતુ અજિતદાદા મક્કમ રહ્યા. દાદાએ કહ્યું, મેં શબ્દ આપ્યો છે અને હું તેને તોડીશ નહીં. મુખ્ય પ્રધાને કહ્યું કે તેમને તે નિર્ણયની કિંમત ચૂકવવી પડી હતી. સુપ્રીમ કોર્ટનો નિર્ણય અમારી વિરુદ્ધ ગયો. તે પછી સરકાર બનાવવી શક્ય નહોતી. તે સમયે અમે બંનેએ વર્ષા બંગલામાં ચર્ચા કરી હતી. મેં તેમને પોતાનો નિર્ણય લેવાની છૂટ આપી હતી. તેઓ પાછળથી સરકારમાં જોડાયા. મુખ્ય પ્રધાન ફડણવીસે કહ્યું કે અજિતદાદા ખૂબ જ પારદર્શક હતા. તેઓ મન માં હોય એ જ હોઠ પર હોય એવા નેતા હતા. તે સમયે તેઓ રાજકીય પરિણામોની પરવા નહોતા કરતા. ■

### તે સમયે અજિતદાદા મારી પડખે ઊભા હતાઃ ઉદ્ધવ ઠાકરે

વિધાનસભા અને વિધાન પરિષદમાં અજિત પવારનો શોક પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. પૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ અજિત પવારનો શોક પ્રસ્તાવ રજૂ કર્યો, તે સમયે તેઓ અત્યંત ભાવુક થઈ ગયા હતા. રાજકારણમાં માણસો આવે છે અને જાય છે, પણ અમુક માણસો ગયા પછી તેમની ખોટ ખૂબ જ વર્તાય છે. આજે મેં મારો એક દિલદાર અને અત્યંત ભરોસાપાત્ર મિત્ર ગુમાવ્યો છે, એવા શબ્દોમાં ઉદ્ધવ ઠાકરેએ પોતાની સંવેદનાઓ વ્યક્ત કરી હતી.

અજિત દાદા સાથેની રાજકીય સફરનો ખાસ ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું હતું કે, અમારી કારકિર્દીની શરૂઆત અલગ હતી, અમે ક્યારેય સાથે આવીશું એવું લાગ્યું નહોતું. બે સવાર એવી હતી જેણે સૌને ચોંકાવી દીધા હતા. પરંતુ જ્યારે અમે મહાવિકાસ આઘાડીના નિમિત્તે સાથે આવ્યા ત્યારે મને સમજાયું કે અજિત દાદા જેવો માણસ મિત્ર તરીકે કેટલો કિંમતી છે. મુખ્ય પ્રધાન તરીકે કામ કરતી વખતે મને વહીવટનો અનુભવ નહોતો, પરંતુ દાદાએ એક અનુભવી અને વિશ્વાસુ સાથી તરીકે મને મજબૂત સાથ આપ્યો હતો.

મુશ્કેલીના સમયે તેમણે રાજ્યનું નાણા મંત્રાલય સંભાળ્યું હતું. મને જ્યારે કોઈ અનુભવ નહોતો, ત્યારે તેમણે એક ભરોસાપાત્ર સાથી તરીકે કામ કર્યું.

ઘડિયાળ અને સમય... કદાચ એટલે જ તે અજિતદાદાની નિશાની હતી, દાદા હંમેશા સમયસર આવતા. વિષય લઈને આવતા અને કામ પૂરું થાય એટલે તરત જ નીકળી જતા - આવી કેટલીક યાદો ઉદ્ધવ ઠાકરેએ તાજી કરી હતી. ■

### દુનિયાથી વિદાય લેવાનો તમારો નિર્ણય ખોટોઃ શિંદે ભાવુક થયા

મુંબઈઃ લાખોનો પાલનહાર ચાલ્યો જાય અને લાખો લોકો અનાથ થઈ જાય, આવી જ કંઇક સ્થિતિ અજિતદાદાના જવાથી થઈ છે. દાદા, રાજકારણમાં તમે લીધેલા અનેક નિર્ણયો અચૂક હતા, પરંતુ આ દુનિયાથી વિદાય લેવાનો તમારો નિર્ણય તો ખોટો હતો. તેને પાછો ખેંચો અને પાછા આવો, આવા ભાવુક શબ્દોમાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ દિવંગત નેતા અજિત પવારને વિધાન પરિષદમાં શ્રદ્ધાંજલિ અર્પિત હતી.

અજિત પવારની યાદો તાજી કરતા એકનાથ શિંદેએ કહ્યું હતું કે, હું, દેવેન્દ્રજી અને અજિતદાદા એટલે કે રાજ્યની સ્થિરતાનો એક મજબૂત 'ટ્રાયંગલ ઓફ સ્ટેબિલિટી' હતા. અમે ત્રણેય સાથે આવ્યા એટલે જ મહારાષ્ટ્રની ભૂમિતિ અને પ્રગતિ ઝડપથી ચાલી રહી હતી. ૨૮ જાન્યુઆરીના તે કાળા દિવસે અમારો આ આધાર છીનવી લીધો. દાદા ક્યારેય સમય ચૂકતા નહોતા, પરંતુ તે દિવસે કુદરતે દગો કર્યો.

તેમણે વધુમાં કહ્યું કે વહીવટ પર તેમની મજબૂત પકડ હતી. હાથમાં ફાઇલ લીધાની થોડીક સેકન્ડોમાં તેમની આંખો કાગળ સ્કેન કરતી. દાદા બહારથી કઠોર દેખાતા હોવા છતાં અંદરથી ખૂબ જ નરમ દિલના હતા. લાડકી બહિણ યોજના માટે ૪૬ હજાર કરોડ રૂપિયાની જોગવાઈ કરતી વખતે તેમણે અર્થતંત્રમાં સારું સંતુલન જાળવી રાખ્યું હતું.■

### અજિત પવાર વિમાન દુર્ઘટનાઃ શંકાનો વધુ એક ફણગો ફૂટ્યો

# બ્લેક બોક્સ બળી જવા પર આવ્હાડે સવાલ ઊઠાવ્યો

મુંબઈઃ અજિત પવાર વિમાન દુર્ઘટના અંગે ઘણા લોકોએ એ અકસ્માત હતો કે શંકા વ્યક્ત કરી છે કે કારસ્તાન હતું એની તપાસ ચાલી રહી છે. અજિત પવારના સાથી અને એનસીપી વિધાન સભ્ય જિતેન્દ્ર આવ્હાડે વિમાન દુર્ઘટના અંગે તીવ્ર શંકા વ્યક્ત કરી ટિપ્પણી કરી છે. જિતેન્દ્ર આવ્હાડે જણાવ્યું હતું કે બ્લેક બોક્સ બળી ગયું એ બાબત મને શંકાસ્પદ લાગે છે. તે વિમાનને ભારતમાં ઉડવાની મંજૂરી નહોતી આપવામાં આવી. વિમાન પાંચ હજાર કલાકથી વધુ ઉડવું નહોતું જોઈતું પણ તેમ છતાં એ આઠ હજાર કલાકથી વધુ સમય ઉડ્યું હતું..

જિતેન્દ્ર આવ્હાડએ વધુમાં જણાવ્યું હતું કે આ અકસ્માતમાં મને સૌથી વધુ આશ્ચર્ય એ વાતનું થયું છે કે બ્લેક બોક્સ બળી ગયું. બ્લેક બોક્સ હોય છે એ પ્લેનનો હિસ્સો અકબંધ હતો. બ્લેક બોક્સ ટાઇટેનિયમમાંથી બનાવવામાં આવે છે. એનો અર્થ એ થયો કે ૧૧ હજાર સેન્ટિગ્રેડ તાપમાનમાં પણ બ્લેક બોક્સ હેમખેમ રહે છે. આ પરિસ્થિતિમાં જો એમ કહેવામાં આવે કે બ્લેક બોક્સ બળી ગયું તો મારા જેવી વ્યક્તિને ચોક્કસ શંકા પડે. એટલે રોહિત પવારે કરેલી માગણીમાં તથ્ય છે. કંપની કોની માલિકીની છે, કંપનીમાં કોણે પૈસા રોક્યા, વિમાન કેટલા કલાક ઉડ્યું, શું તેને આટલા કલાકો સુધી ઉડવાની મંજૂરી હતી કે નહીં, શું ડીજીસીએ કંઈક છુપાવવાનો પ્રયાસ કરી રહ્યું છે, ડીજીસીએના અધિકારીઓ કોના દબાણમાં છે? આ કંપની કોના અધિકાર હેઠળ કાર્યરત છે, આ બધા પ્રશ્નો હવે સામે આવ્યા છે. તપાસમાં જેટલો વિલંબ કરશે, બ્લેક બોક્સ બળી ગયાની ખોટી વાતો કરશે તેટલી જ શંકા વધશે. મારી સૌથી મોટી શંકા એ છે કે બ્લેક બોક્સ બળી ગયું. દુનિયામાં કોઈ પણ અકસ્માતમાં ક્યારેય એવું કહેવામાં આવ્યું નથી કે બ્લેક બોક્સ બળી ગયું એમ પણ આવ્હાડએ જણાવ્યું હતું. ■

### તપાસ સીબીઆઈને સોંપવા ગૃહ પ્રધાનને વિનંતી કરવામાં આવી છેઃ ફડણવીસ

મુંબઈઃ ગયા મહિને નાયબ મુખ્યપ્રધાન અજિત પવારના વિમાન દુર્ઘટનાની સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ) તપાસનો આદેશ આપવા મહારાષ્ટ્ર સરકારે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને વિનંતી કરી છે, એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું. મહારાષ્ટ્ર વિધાનસભાના બજેટ સત્રની પૂર્વસંધ્યાએ એક પત્રકાર પરિષદને સંબોધતા ફડણવીસે કહ્યું કે મને એનસીપી તરફથી વિમાન દુર્ઘટનાની સીબીઆઈ તપાસની માગણી કરતો પત્ર મળ્યો છે અને મેં ગૃહપ્રધાન અમિત શાહ સાથે વાત કરી છે. સીબીઆઈ ડીજીસીએ (નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય) અને રાજ્ય સીઆઈડી (ક્રાઈમ ઇન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ) સાથે મળીને તપાસ કરશે. ■

### બ્લેક બોક્સનો ફોટો અમારી પાસે છેઃ રોહિત પવાર

મીડિયા સાથે વાત કરતા રોહિત પવારે કહ્યું કે, શું તપાસ એજન્સીઓ તમામ પુરાવા યોગ્ય રીતે એકત્ર કરી રહી છે? અજિત પવારના અકસ્માતની ઊંડી તપાસ થવી જોઈએ - આ માંગણી તેમણે ફરી કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે તપાસ એજન્સીઓ કેવા પ્રકારની તપાસ કરી રહી છે, તે અમે જોઈશું. વીએસઆર પર શું કાર્યવાહી કરવામાં આવશે? તે પણ અમે જોઈશું. તેમણે અનેક નિયમોનું ઉલ્લંઘન કર્યું છે. હું મુખ્ય પ્રધાનને આ અકસ્માત સંદર્ભે પત્ર લખવાનો છું 'બ્લેક બોક્સનો ફોટો અમારી પાસે આવી ગયો છે. શ્વેતા સિંહ વિશેની માહિતી પણ સામે આવી છે. હું દેવેન્દ્ર ફડણવીસની મુલાકાત લઈને તેમને પત્ર સોંપવાનો છું. નાયડુને પદ પર રાખવા યોગ્ય નથી, એમ રોહિત પવારે કહ્યું હતું. ■

# સત્તાધારીને વિકાસને બદલે નામ બદલવાના પ્રસ્તાવમાં વધુ રસઃ કૉંગ્રેસની ટીકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકામાં ભાજપ અને શિંદેની સત્તા આવ્યા બાદ તેમને મુંબઈગરાની મૂળભૂત સમસ્યાને વાચા આપવાનો સમય ન હોવાની ટીકા કૉંગ્રેસે કરી છે. પાલિકાની પહેલી સભામાં રજૂ કરવામાં આવેલા ૨૭ પ્રસ્તાવમાં લગભગ ૨૦ પ્રસ્તાવ રસ્તા, ચોક અને અન્ય કામમાં નામાંતર કરવાના છે. આ પ્રસ્તાવને જોતા ભાજપ મહાયુતિને વિકાસ કરતા જગ્યાઓના નામ બદલવામાં વધુ રસ હોવાનો પાલિકામાં કૉંગ્રેસે ટીકા કરી છે.પાલિકામાં કૉંગ્રેસના ગ્રૂપ લીડર અશરફ આઝામીએ સત્તાધારીઓની ટીકા કરતા કહ્યું હતું કે મુંબઈ મહાનગરમાં સૌથી વધુ ગંભીર સમસ્યા પ્રદૂષણ, ટ્રાફિક તથા પીવાના પાણીની છે. મુંબઈમાં પ્રદૂષણ દિવસેને દિવસે વધી રહ્યું છે. નાના બાળકો અને વરિષ્ઠ નાગરિકોને તેને કારણે ત્રાસ થઈ રહ્યો છે. શ્વાસોશ્વાસને લગતી બીમારીનું પ્રમાણ વધી રહ્યું છે. મુંબઈગરાને રસ્તા પર ચાલવાનું મુશ્કેલ થઈ ગયું છે. રસ્તા તથા ફૂટપાથ પર અતિક્રમણનું પ્રમાણ વધી ગયું છે. રસ્તા પર ખાડા છે. લોકોને ચાલવામાં અને વાહન ચલાવવામાં તકલીફ થઈ રહી છે. પીવાના પાણીની, આરોગ્ય સહિત ઝૂંપડપટ્ટીના નાગરિકોની સમસ્યા છે. પહેલી સભામાં આ મુદ્દાઓ પર ચર્ચા થવી જોઈતી હતી, પણ સત્તાધારીને નાગરિકોની મૂળભૂત સમસ્યા પર ચર્ચા કરવા માટે સમય નથી. વિકાસને બદલે નામાતરણમાં સત્તાધારીઓને રસ છે. ■







# સ્પ્રે છાંટીને અર્ધબેભાન અવસ્થામાં સગીરા સાથે દુષ્કર્મ

## ત્રણ વર્ષે આરોપી પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાયંદરમાં સ્પ્રે છાંટીને ૧૫ વર્ષની સગીરાને અર્ધબેભાન કર્યા પછી તેની સાથે કથિત દુષ્કર્મ કરવાના કેસમાં ફરાર આરોપી ત્રણ વર્ષે ભિવંડીથી પકડાયો હતો.

કાશીમીરાની ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૧ના અધિકારીઓએ પકડી પાડેલા આરોપીની ઓળખ ઈમરાન સુબરાતી ખાન ઉર્ફે બાદલ તરીકે થઈ હતી. વધુ કાર્યવાહી માટે આરોપીને ભાયંદર પોલીસ સ્ટેશનના તાબામાં સોંપાયો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર ઘટના ૭ નવેમ્બર, ૨૦૨૨ના રોજ ભાયંદરમાં બની હતી. સગીરા ઘરમાં એકલી હતી ત્યારે આરોપી તેના ઘરમાં ઘૂસ્યો હતો. આરોપીએ સગીરાના ચહેરા પર કોઈ સ્પ્રે છાંટ્યું હતું, જેને કારણે તે અર્ધબેભાન અવસ્થામાં સરી પડી હતી. પછી આરોપીએ એકથી વધુ વાર સગીરા સાથે દુષ્કર્મ કર્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું.

આ પ્રકરણે ભાયંદર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આરોપીનું નામ બાદલ હોવાનું તે સમયે સગીરાએ પોલીસને કહ્યું હતું. જોકે પોલીસે શોધ હાથ ધર્યા છતાં તેની કોઈ ભાળ મળી નહોતી.

તાજેતરમાં આરોપીને શોધી કાઢવાનો આદેશ વરિષ્ઠ અધિકારીએ ક્રાઈમ બ્રાન્ચને આપ્યો હતો. તપાસ દરમિયાન પોલીસની ટીમ આરોપીના વતન ઉત્તર પ્રદેશ પણ ગઈ હતી, પરંતુ તે હાથ લાગ્યો નહોતો. તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપી ડ્રાઈવર તરીકે કામ કરતો હોવાથી તે કોઈ એક સ્થળે રહેતો નહોતો. આરોપી અમદાવાદ, નાશિક, થાણે, ભિવંડી એ પરિસરમાં ટ્રક ચલાવતો હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું. પોલીસે ભિવંડીમાં એમેઝોન વૅર હાઉસના પાર્કિંગ યાર્ડમાં છટકું ગોઠવી રાખ્યું હતું. ૨૦ ફેબ્રુઆરીએ પાર્કિંગ યાર્ડમાં પહોંચેલા આરોપીને પોલીસે તાબામાં લીધો હતો. ■





## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ખર્ચ (રૂ.) |
|---|---|
| ૧) છાયા | ૧,૪૫,૦૦૦ |
| ૨) સુધીરચંદ્ર | ૩,૦૦,૦૦૦ |
| ૩) કનિકા | ૨,૦૦,૦૦૦ |
| ૪) સુથનલ | ૧,૫૦,૦૦૦ |
| ૫) બિનાદ કુમાર | ૬૦,૦૦૦ |
| ૬) દુશેન | ૧,૫૦,૦૦૦ |
| ૭) કમલેશ | ૩,૦૦,૦૦૦ |
| ૮) કનિકા | ૫૦,૦૦૦ |
| ૯) કવિતા | ૨,૦૦,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ સાયન હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | |
|---|---|
| ૧૦) પ્રદીપ | ૧,૫૦,૦૦૦ |
| ૧૧) સુટીરી સુરિયા | ૭૦,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | |
|---|---|
| ૧૨) સાકસી | ૩,૫૦,૦૦૦ |
| ૧૩) આજીત | ૪,૦૦,૦૦૦ |
| ૧૪) છાયા | ૪,૦૦,૦૦૦ |
| ૧૫) ઋતિક | ૬,૫૦,૦૦૦ |
| ૧૬) હર્ષદ | ૧,૦૦,૦૦૦ |
| ૧૭) ગરવ | ૮૦,૦૦૦ |
| ૧૮) પ્રતીક | ૧,૫૦,૦૦૦ |
| ૧૯) ભાવિક | ૭,૦૦,૦૦૦ |
| ૨૦) ગૌરવ | ૫,૫૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફ્લેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

# મુંબઈ મહાનગરપાલિકામાં ગુજરાતી નગરસેવિકાને સુધાર સમિતિનું અધ્યક્ષપદ

### બેસ્ટ કમિટીનું અધ્યક્ષપદ પહેલી વખત મહિલા નગરસેવિકાને

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકામાં સ્થાયી સમિતિ બાદ મહત્ત્વની ગણાતી સુધાર સમિતિના અધ્યક્ષપદે સોમવારે શિવસેના (શિંદે)ના ગુજરાતી નગરસેવિકા સંધ્યા વિપુલ દોશી બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. તો બેસ્ટ કમિટીના અધ્યક્ષપદે શિંદેસેનાના નગરસેવિકા તૃષ્ણાવિશ્વાસરાવ ચૂંટાઈ આવ્યા હતા, એ સાથે જે તેઓ બેસ્ટ કમિટિના પહેલા મહિલા અધ્યક્ષ બની ગયા હતા. મુંબઈ મહાનગરપાલિકામાં મેયર અને સ્થાયી સમિતિનું મહત્વનું પદ ચૂંટણીમાં બહુમતી મેળવનારા ભાજપને ફાળે ગયું હતું. તો બંને પક્ષ વચ્ચે થયેલી સમજૂતી મુજબ સુધાર અને બેસ્ટ કમિટિનું અધ્યક્ષ પદ શિંદેની શિવસેનાને ગયું હતું. મેયરની ચૂંટણી બાદ સ્થાયી સમિતિ, શિક્ષણ સમિતિના અધ્યક્ષપદની ગયા અઠવાડિયે ચૂંટણી પાર પડયા બાદ સોમવારે સુધાર સમિતિન અને બેસ્ટ સમિતિના અધ્યક્ષપદની ચૂંટણી બિનહરીફ પાર પડી હતી. માગાઠાણે વિધાનસભા મતદારસંઘના નગરસેવિકા સંધ્યા દોશીને સોમવારે સુધાર સમિતિના અધ્યક્ષ જાહેર કરવામાં આવ્યા હતા. સુધાર સમિતિમાં મુંબઈ મહાનગરપાલિકાના પ્લોટ, બિલ્ડિંગ સહિતની મિલકતને સંબંધી નિર્ણય લેવામાં આવતા હોય છે. સુધાર સમિતિમાં કુલ ૨૬ સભ્યો હોય છે. પાલિકામાં ભાજપ પાસે બહુમતી હોવાથી આ સમિતિમાં ભાજપના ૧૦ નગરસેવક છે. તો શિંદે સેનાના ચાર નગરસેવક છે. શિવસેના (યુબીટી)ના સાત સભ્યો છે.

બેસ્ટ સમિતિના અધ્યક્ષ પદે વોર્ડ નંબર ૧૮૦ના શિંદેસેનાના નગરસેવિકા તૃષ્ણા વિશ્વાસરાવ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. તેઓ અગાઉ સંયુક્ત શિવસેનામાં હતા એ દરમ્યાન ૨૦૧૪થી ૨૦૧૭ સુધીમાં પાલિકાના સભાગૃહ નેતાપદે રહ્યા હતા.

## થાણે પાલિકામાં સભાગૃહના નેતા શિવસેનાના જગદાળે અને વિરોધપક્ષ નેતા શાનુ પઠાણ

થાણે: થાણે મહાનગરપાલિકામાં સોમવારે યોજાયેલી સામાન્ય સભામાં શિંદે સેનાના નગરસેવક હણમંત જગદાળેને સભાગૃહ નેતા તો શરદ પવારની રાષ્ટ્રવાદીના અશરફ શાનુ પઠાણ વિરોધ પક્ષ તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા હતા. થાણેના મેયર શર્મિલા પિંપળોલકરની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં રાષ્ટ્રવાદી કૉંગ્રેસ (એસપી)ના શાનુ પઠાણને ૧૩૧ સભ્યોની થાણે પાલિકાની યોજાયેલી સામાન્ય સભામાં વિરોધપક્ષ નેતા તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. જાન્યુઆરીમાં થયેલી પાલિકાની ચૂંટણીમાં શિંદે સેનાએ ૭૫ બેઠકો જીતની સ્પષ્ટ બહુમતી મેળવી હતી. ત્યારબાદ બીજા નંબર ૨૮ નગરસેવકો સાથે ભાજપ રહી હતી અને ૧૨ નગરસેવકો સાથે રાષ્ટ્રવાદી અને અજીત પવારની રાષ્ટ્રવાદીને નવ, એઆઈએમઆઈએમને પાંચ, ઉદ્ધવની શિવસેનાને એક બેઠક મળી હતી.

## મુંબઈમાં ગેરકાયદે ફેરિયા તથા અતિક્રમણને દૂર કરવા ખુદ કમિશનર રસ્તા પર ઊતર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: છેલ્લા અનેક દિવસોથી મુંબઈમાં રસ્તા તથા ફૂટપાથને ગેરકાયદેસર રીતે અંડિગો જમાવી બેસેલા ફેરિયાઓથી મુક્ત કરવા તથા ગેરકાયદે બાંધકામનો સફાયો કરવાની ઝુંબેશ મુંબઈ મહાનગરપાલિકાએ હાથ ધરી છે. પાલિકાની કાર્યવાહી બાદ બીજા દિવસે ફરી ફેરિયાઓ જગ્યા પર ગેરકાયદે રીતે કબજો જમાવી બેસતા હોવાનું સામાન્ય થઈ ગયું છે ત્યારે પાલિકા કમિશનર ભૂષણ ગગરાણી ખુદ મુંબઈમાં ઊભા થઈ ગયેલા ગેરકાયદે બાંધકામ તથા અતિક્રમણને હટાવવા રસ્તા પર ઉતર્યા હતા હતા. સોમવારે કમિશનરે દાદર પશ્ચિમમાં સ્ટેશન બહારના પરિસરમાં ઈન્સ્પેકશન કરવાની સાથે જ સ્થાનિક નાગરિકો સાથે અતિક્રમણ તથા ફેરિયાઓને મુદ્દે ચર્ચા કરી હતી.

કોર્ટના આદેશ મુજબ છેલ્લા અનેક દિવસોથી મુંબઈમાં ઠેર-ઠેર રસ્તા પર તથા ફૂટપાથ પર અતિક્રમણ કરનારા ફેરિયાઓ અને ગેરકાયદે બાંધકામ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી રહી છે. સોમવારે પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ દાદર પશ્ચિમમાં રેલવે સ્ટેશન બહારના પરિસરમાં ઈન્સ્પેકશન કર્યું હતું અને સ્થાનિક નાગરિકો સાથે વાતચીત કરીને તેમની સમસ્યાઓ જાણી હતી. આ દરમ્યાન કમિશનરે કહ્યું હતું કે મુંબઈને ગેરકાયદે ફેરિયાઓ તથા તથા અતિક્રમણથી મુક્ત કરવાની યોજના પાલિકાએ હાથ ધરી છે. આ ફક્ત દંડાત્મક કાર્યવાહી નથી પણ નાગરી સુવ્યવસ્થા જાળવી રાખવાની સાથે જ રાહદારીઓના હકનું સંરક્ષણ કરવાનો પણ ઉદ્દેશ્ય છે.

કમિશનરે કહ્યું હતું કે મુંબઈમાં વધતી લોકસંખ્યા, ટ્રાફિકની સમસ્યા અને ફૂટપાથ પરના અતિક્રમણને કારણે રાહદારીઓ માટે ફૂટપાથ પર ચાલવું મુશ્કેલ થઈ ગયું છે. તેથી પાલિકા દ્વારા ગેરકાયદે ફેરિયાઓ મુક્ત રસ્તા અને ફૂટપાથ યોજનાને અમલમાં મૂકવામાં આવી છે.

# મુંબઈનાં ૪૪ સ્ટેશન પર બનાવાશે ઈમર્જન્સી મેડિકલ રૂમ્સ: મધ્ય રેલવેની જાહેરાત

### ઈએમઆર નિર્માણ કરવાનો મુખ્ય ઉદ્દેશ તો સૌથી પહેલા ત્યાં પ્રાથમિક અને ઈમર્જન્સીમાં જરૂરી સારવાર પૂરી પાડવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સબર્બન મુંબઈ રેલવેમાં વધતા અકસ્માતથી રેલવે પ્રશાસન ચિંતિત છે, ત્યારે અકસ્માત પછીની મહત્વની પળોમાં પીડિતને હોસ્પિટલ પહોંચાડવા માટે રેલવે પ્રશાસન પ્રયાસ કરે છે, પરંતુ ક્યારેક મોડું થઈ જતું હોય છે. આ બાબતમાં રેલવેએ મેડિકલ ઈમર્જન્સી સેન્ટર બનાવ્યા હતા, પરંતુ એને બંધ કરવાની નોબત આવી હતી, પરંતુ હવે મેડિકલ રૂમ બનાવવાની ફરી જાહેરાત કરી છે. સામાન્ય અથવા ગંભીર અકસ્માતમાં પણ જો પીડિતને તાત્કાલિક મેડિકલ સુવિધા મળ્યા પછી મોટી રાહત થઈ શકે છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

મુંબઈ રેલવેમાં વિવિધ પ્રકારના અકસ્માતમાં પ્રવાસીઓને ગંભીર ઈજા પહોંચતી હોય છે અથવા અકસ્માત પછી તુરંત મોતને ભેટતા હોય છે, ત્યારે પ્રવાસીઓને ગોલ્ડન હવરમાં મેડિકલ સુવિધા પૂરી પાડવા માટે મુંબઈ ડિવિઝનના ૪૪ સ્ટેશન પર ઈમરજન્સી મેડિકલ રૂમ (ઈએમઆર)નું નિર્માણ કરવામાં આવશે.

મધ્ય રેલવેના અધિકારીએ કહ્યું હતું કે રેલવે સ્ટેશનના પરિસરમાં પ્રવાસીઓની સુવિધા માટે પ્રશાસન એક કરતા અનેક સુવિધા પૂરી પાડે છે તેમ જ સુલભ અને સુરક્ષિત સેવા પૂરી પાડવા માટે પણ પ્રતિબદ્ધ છે, પરંતુ અકસ્માત પછી પ્રવાસીને તાત્કાલિક મેડિકલ સુવિધા પૂરી પાડવાના હેતુથી ઈએમઆર નિર્માણ કરવાનો નિર્ણય લીધો છે. ઈએમઆર નિર્માણ કરવાનો મુખ્ય ઉદ્દેશ તો સૌથી પહેલા ત્યાં પ્રાથમિક અને ઈમરજન્સીમાં જરૂરી સારવાર પૂરી પાડવામાં આવશે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

મુંબઈ ડિવિઝનના ૪૪ સ્ટેશન પર આ મેડિકલ રૂમ્સ તૈયાર કરવામાં આવશે, ત્યાર પછી તબક્કાવાર વિવિધ સ્ટેશને વિકસાવામાં આવશે. મેડિકલ રૂમ તૈયાર કરવાનો ઉદ્દેશ તો ઈમરજન્સીમાં મેડિકલ સહાય પૂરી પાડવાનો છે. રેલવે પ્રવાસીઓની સુરક્ષા પૂરી પાડવા માટે હંમેશાં મક્કમપણે પ્રતિબદ્ધ રહેશે એટલું નિશ્ચિત છે. અહીં એ જણાવવનું કે આ અગાઉ મુંબઈ હાઈ કોર્ટે પણ આ મુદ્દે ટકોર કરી હતી, પરંતુ રેલવેએ માંડ ચાર સ્ટેશન પર જ મેડિકલ રૂમ બનાવ્યા હતા, એમ રેલવે એક્ટિવિસ્ટે જણાવ્યું હતું.

અહીં એ જણાવવાનું કે મધ્ય રેલવેમાં ભાયખલા, કલ્યાણ અને વાશી સ્ટેશને ઈએમઆર કાર્યરત છે, જ્યારે ૧૦ વધુ સ્ટેશન માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે, જેમાં કલવા, ટિટવાલા, કર્જત સ્ટેશનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કુર્લા, એલટીટી, ઘાટકોપર, થાણે, મુમ્બ્રા, માનખુર્દ અને ચેમ્બુર વગેરે સાત સ્ટેશનનું કામકાજ ચાલુ છે.

## અકસ્માતમાં ઘવાયેલી નોકરાણી, દરજીને ૨૮.૬૮ લાખનું વળતર ચૂકવવાનો આદેશ

થાણે: થાણે મોટર એક્સિડેન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) ૨૦૧૮માં અકસ્માતમાં કાયમી દિવ્યાંગતા બદલ મહિલા દરજીને ૨૦.૯ લાખ રૂપિયા અને નોકરાણીને ૭.૭ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

મહિલા દરજીને તેના બંને ઘૂંટણના નીચેના હિસ્સામાં લકવાને કારણે ૮૦ ટકા કાયમી દિવ્યાંગતાનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ એમએસીટીએ કાર્યાત્મક દિવ્યાંગતા પચાસ ટકા નક્કી કરી હતી અને નોંધ્યું હતું કે આધુનિક ઇલેક્ટ્રિક સિલાઇ મશીનનો હાથ અને કોણીનો ઉપયોગ કરીને ચલાવી શકાય છે. એમએસીટીનાં સભ્ય આર.વી. મોહિતેએ ૧૨ ફેબ્રુઆરીએ બે અલગ અલગ આદેશ જારી કર્યા હતા જેમાં ટ્રેલર ટ્રકની વીમા કંપનીને પ્રથમ વળતરની રકમ ચૂકવવા અને બાદમાં વીમા શરતોના ભંગને કારણે વાહનમાલિક પાસેથી તે રકમ વસૂલવાના નિર્દેશ આપ્યા હતા.

૨૪ એપ્રિલ, ૨૦૧૮ના રોજ આ અકસ્માત થયો હતો, જ્યારે નોકરાણી રત્ના વિજય ભાગવ (૪૪) અને દરજી સાયલી વિજય સાળુંખે (૩૫) લક્ઝરી બસમાં પ્રવાસ કરી રહી હતી.

વલસાડ જિલ્લામાં બ્રિજ નજીક બસ પહોંચી ત્યારે નેશનલ હાઇવે પર પહેલા ટ્રેક પર કોઇ સિગ્નલ, લાઇટ કે સંકેત વિના પાર્ક કરાયેલા ટ્રેલર સાથે તે અથડાઇ હતી. આ અકસ્માતમાં બસના બંને ડ્રાઇવરનાં મોત થયાં હતાં, જ્યારે અનેક પ્રવાસીઓ ગંભીર ઇજા પામ્યા હતા. મોહિતેએ અવલોકન કર્યું હતું કે આ અકસ્માત નસંપૂર્ણ બેદરકારીથનો કેસ છે. (પીટીઆઇ)

## થાણે કોર્ટે ૨૦૨૧ના હત્યાકેસમાં આરોપીને આજીવન કારાવાસની સજા ફટકારી

થાણે: મુંબ્રા વિસ્તારમાં ૨૦૨૧માં વિવાદ થયા બાદ સ્થાનિક રહેવાસીની હત્યા કરવા બદલ કોર્ટે ૨૯ વર્ષના આરોપીને આજીવન કારાવાસની સજા ફટકારી હતી, જ્યારે સહ-આરોપીને પુરાવાને અભાવે નિર્દોષ જાહેર કર્યો હતો. પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ એસ.બી. અગ્રવાલે આ કેસમાં સોમવારે ચુકાદો આપ્યો હતો. કોર્ટે આરોપી અંકેશ ગુપ્તાને હત્યા અને ગુનાહિત ધાકધમકી બદલ દોષી ઠેરવ્યો હતો અને તેને ૧.૧૦ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. આ રકમ મૃતકની પત્નીને વળતર તરીકે ચૂકવવામાં આવે, એવા નિર્દેશ કોર્ટે આપ્યા હતા. થાણે જિલ્લાના મુંબ્રામાં વિવાદ થયા બાદ સમીર શશિકાંત પાઠારેની શસ્ત્રના ઘા ઝીંકી હત્યા કરવા બદલ પોલીસે ૬ ઑગસ્ટ, ૨૦૨૧ના રોજ અંકેશ ગુપ્તા અને પ્રશાંત પ્રદીપ ગુજર (૨૯) વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. બંને વિરુદ્ધ ભારતીય દંડસંહિતાની કલમ ૩૦૨ (હત્યા), ૫૦૬ (ગુનાહિત ધાકધમકી) અને ૩૪ (સમાન હેતુ) હેઠળ ગુનો દાખલ કરાયો હતો.

છેલ્લા પાનાનું ચાલુ

### મુંબઈમાં આ વર્ષે

લાગુ પડેલા લોકડાઉન બાદ ૨૦૨૨ની સાલથી મુંબઈમાં પાણીના દરમાં કોઈ પ્રકારનો વધારો કરવામાં આવ્યો નથી. એ બાદ લોકસભા અને રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીને પગલે પાણીના દરમાં વધારો આગળ ઠલવાતો રહ્યો હતો. તેથી પાલિકાની તિજોરીને વાર્ષિક ૧૦૦ કરોડ રૂપિયાથી વધુ છેવટે આગામી નવા નાણાકીય વર્ષમાં દર વધારો લાગુ કરવાની પ્રશાસનની યોજના હતી પણ હવે મેયરે પાણીના દરમાં વધારો ફરી રોકી દીધો છે. તેથી હવે પાલિકાની તિજોરીને આ વર્ષે પણ ફટકો બેસવાનો છે.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ પાલિકાની આવકમાં જો વધારો થયો નહીંતો આગામી દિવસોમાં પાલિકાના મોટા પ્રોજેક્ટને તેની અસર થઈ શકે છે. કરવેરામાંથી આવતી રકમમાંથી જ પાલિકા પોતાના વિકાસલક્ષી પ્રોજેક્ટ અમલમાં મૂકતી હોય છે. પાણીના દર રાજકીય દૃષ્ટિએ ફાયદાકાર હોય તો પણ પાલિકા માટે આર્થિક દૃષ્ટિએ તેને નુકસાનકાર સાબિત થઈ રહ્યો છે.

મુંબઈના પાણીપુરવઠાને વધુ સક્ષમ કરવા માટે પાલિકા દ્વારા અનેક મોટા પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા છે, જેમાં વોટર ટનલ, અત્યાધુનિક વોટર ફિલ્ટરેશન પ્લાન્ટ, ગાર્ગાઈ જેવા મોટા પ્રોજેક્ટ માટે મોટા પ્રમાણમાં ભંડોળની આવશ્યકતા છે. પાણીના દરના માધ્યમથી પાલિકાને આવક થતી હોય છે, જે આ પ્રોજેક્ટમાં વાપરવામાં આવતી હોય છે.

જો પ્રકારે દરવધારો ટળતો રહ્યો તો ભવિષ્યમાં પાણીના મોટા પ્રોજેક્ટ માટે ભંડોળ ઊભું કરવું પણ મુશ્કેલ થઈ શકે છે.

### નાશિકથી નરીમાન

નાશિકથી મુંબઈ પ્રવાસ કરતા મુસાફરો માટે કોઈ રાહત નથી. નાશિકવાસીને મુંબઈ પહોંચવામાં થતી અડચણનું જલ્દ નિરાકરણ લાવવામાં આવશે, એમ નાશિક કુંભમેળા પ્રધાન ગિરીશ મહાજને માહિતી આપતા જણાવ્યું હતું.

સમૃદ્ધિ મહામાર્ગ પરથી નાશિકથી મુંબઈ પહોંચવું સરળ થઇ જશે એવો અંદાજ હતો. નાશિકના વ્યાપારીઓ, વેપારીઓને નાશિકથી મુંબઈ પહોંચવામાં ટ્રાફિક જામથી કાયમી છુટકારો મળશે એવી અપેક્ષા હતી, પરંતુ સમૃદ્ધિ મહામાર્ગ ચાલુ થયો હોવા છતાં આ સમસ્યામાંથી છુટકારો ન મળ્યો હોવાનું નાશિકના લોકોને અનુભવ થઇ રહ્યો છે.

સમૃદ્ધિ મહામાર્ગ પરથી નાશિકથી ભિવંડી દોઢ કલાકમાં પહોંચી શકાય છે પરંતુ ખરી સમસ્યા ત્યારબાદ શરૂ થાય છે. ભીવંડીથી મૂળ માર્ગે પ્રવાસ કરતા ફરી ટ્રાફિક જામનો સામનો કરવો પડે છે. પરિણામે ભિવડીથી મુંબઈ પહોંચતા દોઢ કલાકથી વધુ સમય લાગે છે. તેથી સામાન્ય લોકોથી લઈને પ્રધાનો સુધી સૌ કોઈ રેલ માર્ગે પ્રવાસ કરવાનું પસંદ કરતા હોવાનું પ્રધાન ગિરીશ મહાજને સ્વીકાર્યું છે. હવે નાશિકથી નરીમાન પોઇન્ટ અઢી કલાકમાં પહોંચી શકાય તે માટે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ઉપાય યોજના બનાવી હોવાનું ગિરીશ મહારાજે કહ્યું હતું. તે માટે ભીવંડીથી મુંબઈ સુધીનો રસ્તો પહોળો કરવો, ઠેર ઠેર ફ્લાયઓવર બનાવવા વગેરેનો સમાવેશ થાય છે. આ કામ શરૂ કરવામાં આવતા એક વર્ષની અંદર નાશિકથી નરીમાન પોઇન્ટ માત્ર અઢી કલાકમાં પહોંચવું શક્ય થશે.

આ સિવાય કસારાથી મનમાડ સુધી ત્રીજી અને ચોથી રેલવે લાઈન નાખવાથી નાશિક અને મુંબઈ વચ્ચેનું અંતર ઓછું થશે જેથી નાશિક જિલ્લાનો વિકાસ થતા ઉદ્યોગધંધા વધારવામાં મદદ મળશે. યુવાનોને રોજગાર મળશે.

આ ત્રીજી અને ચોથી રેલવે લાઈન પર નાશિક સુધી એસી લોકલ દોડાવવા અંગે રેલવે પ્રધાન સાથે ચર્ચા કરી હોવાનું પ્રધાન ગિરીશ મહાજને જણાવ્યું હતું.

### ૫૦ ટકાથી વધુ

મહારાષ્ટ્ર સરકારની મૂળ અરજી પર સુનાવણી થઈ. સુપ્રીમ કોર્ટે બાંઠિયા સમિતિ સમક્ષ યથાસ્થિતિ મુજબ ચૂંટણીઓ યોજવાનો આદેશ આપ્યો હતો. રાજ્ય ચૂંટણી પંચે અનામત નક્કી કરતી વખતે ૨૨ જિલ્લા પરિષદો અને પંચાયત સમિતિઓમાં ૫૦ ટકાની મર્યાદા વટાવી દીધી હતી.

આ કારણે આ સ્થળોએ ચૂંટણીઓ મુલતવી રાખવામાં આવી હતી. રાજ્ય ચૂંટણી પંચે જાહેરાત કરી છે કે ૧૨ જિલ્લા પરિષદો અને ૧૨૫ પંચાયત સમિતિઓની ચૂંટણીઓ યોજાઈ ગઈ છે. બાકીની ૨૨ જિલ્લા પરિષદો અને બાકીની પંચાયત સમિતિઓની ચૂંટણીઓ અનિશ્ચિત સમય માટે મુલતવી રહેવાની શક્યતા છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે મહારાષ્ટ્રમાં ઓબીસીના રાજકીય અનામત અંગેની અંતિમ સુનાવણી ટૂંક સમયમાં શરૂ કરશે અને તમામ વકીલોને અંતિમ સુનાવણીની તૈયારીઓ પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો છે.

### મુંબઈ-પુણે

હતા. મળતી માહિતી અનુસાર પ્રોપીલીન ગૅસ વહન કરનારું ટૅન્કર કેરળ રાજ્યમાંથી ગુજરાતના દહેજ તરફ જઈ રહ્યું હતું. સોમવારે સવારે ૧૦ વાગ્યાની આસપાસ ટૅન્કર લોનાવલાના અમૃતાંજન બ્રિજ નજીક હતું ત્યારે અકસ્માતની ઘટના બની હતી.

કહેવાય છે કે ટૅન્કરની બ્રેક ફ્રેલ થવાને કારણે આ ઘટના બની હતી. પુલ પરના ઢોળાવ પાસે ટૅન્કરની બ્રેક ફ્રેલ થયાની જાણ ડ્રાઈવરને થઈ હતી. ઢોળાવ પર ટૅન્કરની ગતિને કાબૂમાં લાવવી મુશ્કેલ હતી. ટૅન્કર એક્સપ્રેસ-વે પર ઊંધું વળી ગયું હોત તો ગમખ્વાર અકસ્માત થયો હોત. પરિણામે ડ્રાઈવરે સમયસૂચકતા દાખવી હતી.

ડ્રાઈવરે અકસ્માતમાં અન્ય વાહનોને પણ નુકસાન ન થાય એ રીતે ટૅન્કર રિટેનિંગ વૉલ (ડુંગર તરફની દીવાલ) પર અથડાવ્યું હતું. પરિણામે ટૅન્કર સુરક્ષિત રીતે ઊભું રહી ગયું હતું. ટૅન્કર ઊંધું વળ્યું નહોતું અને તેમાંથી ગૅસ લિકેજ પણ થયો નહોતો.

દરમિયાન અકસ્માતની જાણ થતાં હાઈવે પોલીસ, સ્થાનિક પોલીસ અને ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. તાત્કાલિક ક્રેનની મદદથી અકસ્માતગ્રસ્ત ટૅન્કરને અન્યત્ર ખસેડવામાં આવ્યું હતું અને વાહનવ્યવહાર પૂર્વવત્ કરાયો હતો.

## પારસી મરણ

દેઝી મીનુ મેધોરા તે મરહુમો જરૂ મીનુ મેધોરાના દીકરી. તે માકી પરસી લાકડયાના ફ્રેન્ડ. (ઉં. વ. ૬૯) રે. ઠે. બોટાવાલા બિલ્ડિંગ, ભોંયતળિયે, ૨૫૭ ઠાકુરદ્વાર રોડ, ચર્ની રોડ સ્ટેશન, કાલબાદેવી, મુંબઇ-૪૦૦૦૦૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૫-૨-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે બનાજી લીમજી અગિયારીમાં છેજી.

## જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

વાંકીના કસ્તુરબેન પોપટલાલ ગાલા (ઉં. વ. ૮૪) તા. ૨૧-૨-૨૬ ના અવસાન પામેલ છે. નાનબાઈ પ્રેમજી નેણશીના પુત્રવધૂ. પોપટલાલના ધર્મપત્ની. અનિલ, ડો. રાજેશ, સુશીલના માતુશ્રી. પત્રીના જેઠીબાઈ પદમશી નરશીના સુપુત્રી. ધનજી, મુલચંદ, શાંતી, મણીબેન, નિર્મળા, ઝવેર, સુશીલા, ભાનુના બેન. પ્રા. તા. ૨૪-૨-૨૬, શ્રી વ. સ્થા. જૈ. શ્રા. સં. સં. શ્રી કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) ટા. ૪ થી ૫.૩૦.

મોટી ભુજપુરના ગીરીશ (બબલી) કરમશી પાલણ (ઉં. વ. ૬૫) તા. ૨૧-૨-૨૬ ના અવસાન પામેલ છે. મણીબેન કરમશીના પુત્ર. પુષ્પના પિતા. કાંતીલાલ, ભાવનાના ભાઇ. નાના ભાડીયાના સુશીલાબેન ભવાનજી રાંભીયાના જમાઇ. પ્રા. શ્રી કાલિદાસ મેરેજ હોલ, પી.કે. રોડ, મુલુંડ (વે). ૪ થી ૬.

વીઢના શામજી પ્રેમજી સંગોઈ (ઉં. વ. ૮૨) તા. ૨૨-૦૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લક્ષ્મીબેન પ્રેમજી મોમાયાના સુપુત્ર. વિજયાબેનના પતિ. ભરતના પિતાજી. ભવાનજી, નરેન્દ્ર, મોંઘીબાઈ રતનશી, સરલાબેન જવેરીલાલ, વિમળાબેન સુરજીના ભાઈ. હાલાપુરના રતનબેન વેલજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. શામજી સંગોઈ, રૂ.નં.૧૭, તારાપોરવાલા, ૨-જે માળે, બિ.નં.૧, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, કેમ્પસ કોર્નર. મુંબઈ-૨૬.

સાડાઉના મધુરીબેન દિનેશ દેઢીયા (ઉં. વ. ૬૮) તા. ૨૧/૨/૨૬ના મોક્ષગામી થયેલ છે. મણીબેન કેશવજી દેવજીના પુત્રવધુ. પુણ્યશ્લોકી દિનેશના ધર્મપત્ની. જીજ્ઞા, ભાવિકા, ચૈતાલીના માતુશ્રી. બિદડાના રૂક્ષ્મણીબેન (રાણબાઇ) જીવરાજ મુરજીના સુપુત્રી. સુશીલા, દિનેશ, વીમળા, સુરેશના બહેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. નિ. સચિન ધીરજલાલ ગાલા, ૨૧૪/૫૦૨ - અરૂણોદય દર્શન, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઇ).

સમાઘોઘાના ભવાનજી રાયશી સંગોઇ (ઉં. વ. ૯૩) તા. ૨૧-૨-૨૬ના અવસાન પામેલ છે. જીવીબાઇ રાયશી લધાના પુત્ર. ચંચળબેનના પતિ. રશ્મીકાંત, જયેશના પિતા. કુંવરજી લાખાપર કુંવરબાઇ ધનજી, પત્રી સાકરબેન દામજીના ભાઇ. રતાડીયા (ગ.) લધીબાઇ ગાંગજીના જમાઇ. દેહદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. નિ. રશ્મી સંગોઇ, એ-૪/૨૧, યુ.ટી.આઇ. ક્વાટર્સ, જુહુતારા રોડ, સાંતાક્રુઝ (પ.).

**વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વઢવાણ નિવાસી, ભાઈલાલભાઈ કેશવલાલ દોશીના પુત્રવધૂ અ.સૌ. કલ્પનાબેન (ઉં. વ.૭૬) તે વિપિનભાઈના ધર્મપત્ની. નેહા, શ્રેયા રોહિતકુમાર શંખેના માતુશ્રી. ગૌતમભાઈ તથા ઉદયભાઈના ભાભી. લીંબડી નિવાસી કંચનબેન જયંતિલાલ ડુંગરશીભાઈ સંઘવીના સુપુત્રી તા. ૨૩/૦૨/૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠ વીશા શ્રીમાળી જૈન**

મોટી પાનેલી નિવાસી હાલ મુંબઈ, સ્વ. પોપટલાલ નરસીદાસ વોરાના સુપુત્ર શાંતિલાલ (ઉં. વ. ૧૦૧) તે સ્વ. શારદાબેનના પતિ. સ્વ. જયંતીલાલભાઈ, સ્વ. પ્રફુલભાઈ, સ્વ. પ્રવીણભાઈ, સ્વ. તારાબેન મનસુખલાલના ભાઈ. મીતુબેન સુધીરભાઈ મોદી, સ્વ. ઉદયભાઈના પિતાશ્રી. ભદ્રાબેન વોરા તથા સુધીરભાઈ મોદીના સસરા. શ્વસુરપક્ષે બગસરા નિવાસી સ્વ. અમરચંદ કપૂરચંદ દોશીના જમાઈ તા. ૨૦-૨-૨૬ના રોજ વવાણીયા મુકામે અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

## હિન્દુ મરણ

**નાગર બંધારા બ્રાહ્મણ સમાજ**

ગામ વડનગર હાલ મલાડ અમુલભાઇ નટવરલાલ મહેતા તા. ૨૦-૨-૨૬ શુક્રવારના શ્રીજી પામ્યા છે. તે ગીતાબેનના પતિ. ફરસરામ તુલસીદાસ પેટીગરાના જમાઇ. નિકુંજ, વિશાલના પિતા. સિદ્ધિ, ટીવકલના સસરા. ખુશ, વાણીના દાદા. અરુણભાઇના મોટાભાઇ. પ્રાર્થનાસભા તા. ૨૪-૨-૨૬ મંગળવારના સાંજે ૪થી ૬. ઠે. માતૃમંદિર હોલ, પોદાર રોડ, મલાડ સ્ટેશન પાસે, મલાડ (ઇસ્ટ).

**કચ્છી લોહાણા**

સ્વ. ગોદાવરી કલ્યાણજી ઠક્કર (ટોડાઇ) નાંદેડવાલાના પૌત્રવધુ. તે સ્વ. કુસુમબેન ત્રિકમજી દાવડા કચ્છ ગામ મુન્દ્રા હાલ મુલુંડના પુત્રવધૂ. તે સ્વ. રમેશભાઇ ત્રીકમજી દાવડાના ધર્મપત્ની સુશીલાબેન (ઉં. વ. ૮૨) તા. ૨૨-૨-૨૬ના રામચરણ પામેલ છે. તે સ્વ. લક્ષ્મીબેન ગોપાલજી ગટ્ટા કચ્છ ગામ કોજાચોરાના પુત્રી. તે સ્નેહન અને દર્શનના માતુશ્રી. તે ગં. સ્વ. જયાલક્ષ્મી જયરામભાઇ ગટ્ટાના નણંદ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૪-૨-૨૬ના સાંજે ૫.૩૦થી ૭. ઠે. ગોપુરમ હોલ, ડો. આર. પી. રોડ, જ્ઞાનસરિતા સ્કૂલની બાજુમાં, મુલુંડ (વેસ્ટ).લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

આટકોડ નિવાસી હાલ મુંબઇ સ્વ. પ્રદીપ નરસીદાસ જગડ (ઉં. વ. ૬૯) તે સ્વ. પાર્વતીબેન નરસીદાસ ગોપાલજી જગડના પુત્ર અને ગીતાબેનના પતિ. સ્વ. રસીકભાઇ, જીતેન્દ્ર તથા ભરતભાઇના ભાઇ. તે ભાવનાબહેનના દિયર તથા કિરણના જેઠ. મંગળાબેન ભગવાનદાસ પડીયાના જમાઇ તા. ૨૨-૨-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૪-૨-૨૬ના શિવાજી હોલ, કામાલેન, ઘાટકોપર (વેસ્ટ), સાંજ ૪થી ૬.

**મોઢ વાણિયા**

સ્વ. દ્વારકાદાસ કે. શાહ (ઉં.વ. ૮૧) તે સ્વ. ભારતીબેન શાહના પતિ. તે આનંદ શાહ અને દર્શના ફોજદારના પિતાશ્રી. મોનિકા શાહ અને સુરંજન ફોજદારના સસરા તા. ૨૨-૨-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. રે. ઠે. ૧૬૦૪, રિદ્ધિ ટાવર, રિદ્ધિ ગાર્ડન, ઓફ ફિલ્મસિટી રોડ, મલાડ (ઇસ્ટ).

**હાલાઇ ભાટીયા (વીરજીયાણી)**

કિશોરભાઇ લક્ષ્મીદાસ સંપટ (ઉં. વ. ૭૯) તે સ્વ. શાંતાબેન લક્ષ્મીદાસ સંપટના પુત્ર. આશાબેનના પતિ. જીતેન્દ્રના પિતા. સૌ. અમીના સસરા. દેવાંશના દાદા. સ્વ. કરસનદાસ કાનજી આશરના જમાઇ તા. ૨૩-૨-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, (સર્વોદય હોલ) બોરીવલી (પશ્ચિમ), તા. ૨૫-૨-૨૬ના સાંજે ૪થી ૫.૩૦. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા સોરઠિયા વણિક**

કાલાવડ નિવાસી (હાલ કાંદિવલી) મનોજ શેઠ (ઉં. વ. ૭૩) તે સ્વ. પ્રાણજીવનદાસ શામજી શેઠ તથા સ્વ. રૂક્ષ્મણીબેન શેઠના સુપુત્ર. સ્વ. વસુમતીબેન ગંગાદાસ શેઠના જમાઇ. ભારતીના પતિ. જહાનવી તથા ધવલના પિતા. રિદ્ધિના સસરા. રેખા, બકુલ, શૈલેશ તથા રાજશ્રી (રીટા)ના ભાઇ. શુક્રવાર, તા. ૨૦-૨-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**બ્રાહ્મણ**

દિલ્હી નિવાસી હાલ, કાંદિવલી હસુબેન ત્રિવેદી (ઉં. વ. ૮૦) તા. ૨૧-૨-૨૬ શનિવારના દેવલોક પામ્યા છે. તે સ્વ. અનિલ ત્રિવેદીના પત્ની. સ્વ. ગોરધનભાઇ બી. પટેલના સુપુત્રી. અજય ત્રિવેદીના માતા. રાધા ત્રિવેદીના સાસુ. ધ્રુવ અને વંશના દાદી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

ગામ મોડવદર દિવાળીબેન ભગવાનજી (ગંધા)ના સુપુત્ર. ડો. રમેશ (ઉં. વ. ૮૩) સોમવાર, તા. ૨૩-૨-૨૬ના રામશરણ પામેલ છે. સ્વ. મણીબેન લક્ષ્મીદાસ ઠક્કરના જમાઇ. સ્વ. રશ્મી તથા કુસુમબેનના પતિ. ફલોરા, નેહા, પાયલના પિતા. ભાવેશ, ધીરેન, જીગરના સસરા. મહેન્દ્ર, રવિન્દ્ર, પ્રમોદ, સુશીલા, ત્રિવેણીના ભાઇ. તેમની પ્રાર્થનાસભા તા. ૨૪-૨-૨૬ મંગળવારના સાંજે ૪થી ૬. ઠે. સ્વામીનારાયણ મંદિર, સરિતા પાર્ક, ૯૦ ફીટ રોડ, લવન્ડર બાગની બાજુમાં, ઘાટકોપર (ઇસ્ટ).

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ**

ગઢડા સ્વામિનારાયણ, મૂળ ગામ ભાવનગર, બરોડાવાસી, હાલ કેલગરી કેનેડા અ.સો. જયશ્રીબેન સન્મુખરાઈ મેહતા (ઉં. વ. ૮૪) ગુરુવાર તા. ૧૯.૦૨.૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ફૂલચંદભાઈ અને ચંપાબેન મેહતાના પુત્રી. સન્મુખરાઈ દામોદરદાસ મેહતાના પત્ની. પરેશ, હિના અને પ્રશાંતના માતુશ્રી. લીના અને અર્ચનાના સાસુ. દીપ અને દ્રષ્ટિ, ક્રિષ્ના અને પર્વ, અદિતિ અને બાદલ, અનન્યાના દાદીમા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

હાલ નાલાસોપારા, મનીષ સંઘવી (ઉં. વ. ૬૦) સ્વ. પ્રતાપ પુરષોત્તમ દાસ સંઘવી અને સ્વ. દેવિયાની પ્રતાપ સંઘવી જાફરાબાદવાલાના મોટા દીકરા. નમિષ સંઘવીના ભાઈ. મનનના કાકા. સ્વ. નરેન્દ્રભાઈ દ્વારકાદાસ પારેખના જમાઈ. ભક્તિ સંઘવીના પતિ. તા. ૨૨/૦૨/૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે.

**કચ્છી લોહાણા**

ગામ અંજાર હાલે ડોમ્બીવલી, અ.સૌ. રેખાબેન (સોનુ) (ઉં. વ.૫૫) શનિવાર તા. ૨૧/૦૨/૨૬ના રામશરણ પામેલ છે. તે વિજયભાઈ હીરાલાલ પાદરાઇના ધર્મપત્ની. ગં. સ્વ. લીલાવતીબેન તથા હીરાલાલ લાલજી પાદરાઈના નાનાવહુ. સ્વ. જશોદાબેન તથા મોહનલાલ કરમશી રાયચના મોટા ભાડિયાના સુપુત્રી. નરેશભાઈના ભાભી. નરેશભાઈ, કમલેશભાઈ, ચેતનાબેન, હંસાબેન, પૂનમબેન તથા જ્યોતિબેનના બેન. ચિ. બ્રિજેશ સિદ્ધેશના માતાશ્રી. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૨૪/૦૨/૨૬ના સાંજે ૫.૦૦ થી ૭.૦૦. પવાણી હૉલ, કચ્છી લોહાણા મહાજનવાડી, આરઆરટી રોડ, મુલુંડ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. કુસુમબેન નારાયણજી (કોઠારી) ઠક્કર અને સ્વ. નારાયણજી ધરમસી (કોઠારી) ઠક્કર અંજારવાલા હાલ શ્રીરામપુરના સુપુત્ર રાજેશભાઈ (ઉં. વ. ૬૨) તે ગં. સ્વ. રૂપાબેનના પતિ. ભૂમિકા અને રાધિકાના પિતાશ્રી. સ્વ. વાસુમતી નારાયણદાસ ચોથાણી અને સ્વ. નારાયણદાસ રણછોડદાસ ચોથાણી નાસિકવાલાના મોટાજમાઈ તા. ૨૦/૨/૨૬ના રામશરણ પામેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|





વિકસિત ભારત
ગુજરાત બજેટ 2026-27
વિકસિત ગુજરાત

ગુજરાત રાજ્યનું અત્યાર સુધીનું

# સૌથી મોટું બજેટ

## ₹ ૪ લાખ ૮ હજાર ૫૩ કરોડ

### 'અર્નિંગ વેલ, લિવિંગ વેલ'નો ધ્યેય થશે સિદ્ધ

**રાજ્ય સરકારનો સર્વગ્રાહી અને સર્વ-સમાવેશી અભિગમ**

પાંચ સ્તંભ-સામાજિક સુરક્ષા, માનવ સંસાધન વિકાસ, આંતર માળખાકીય સુવિધાઓ, આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ અને ગ્રીન ગ્રોથ પર આધારિત બજેટ

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ

**₹૧૬,૧૧૬ કરોડની જોગવાઈ**

દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, સૌરાષ્ટ્રના દરિયાકાંઠાનો વિસ્તાર અને કચ્છ એમ ૬ (છ) ક્ષેત્ર માટે

**₹૨000 કરોડની જોગવાઈ**

**"સૌના માટે ઘર"**નો સંકલ્પને સાકાર કરવા વિવિધ આવાસ યોજનાઓ હેઠળ આશરે ૩.૧૫ લાખથી વધુ આવાસો બનાવવા

**₹૪૨૭૨ કરોડની જોગવાઈ**

૨૫ જી.આઇ.ડી.સી.ને આધુનિક ટેક્નોલોજીથી સ્માર્ટ બનાવવા

**₹૧૨૫૦ કરોડનું રોકાણ તેમજ ₹૫૦ કરોડના રોકાણથી**

૧૨૦ મીની GIDCનું નવીનીકરણ.


પ્રધાનમંત્રી જન આરોગ્ય-મુખ્યમંત્રી **"અમૃતમ્ (મા યોજના)"** યોજના હેઠળ

**₹૩૪૭૨ કરોડની જોગવાઈ**

નમો શક્તિ એક્સપ્રેસ-વે તેમજ સોમનાથ દ્વારકા એક્સપ્રેસ-વે પ્રોજેક્ટ માટે વધુ

**₹3000 કરોડની જોગવાઈ**

VB-G RAM G (વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ)) યોજના હેઠળ કામના દિવસો 100થી વધારી ૧૨૫ કરવામાં આવ્યા, **જેના માટે કુલ ₹૧૫૦૦ કરોડનું આયોજન**



સામાજિક ન્યાય, આદિજાતિ તથા શિક્ષણ વિભાગ દ્વારા અંદાજે **૯૭ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ માટે ₹ ૫૯૬૭ કરોડની જોગવાઈ**

નિકાસને વધુ વેગ આપવા ગુજરાત સ્ટેટ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GEPC)ની સ્થાપના કરવાનો નિર્ણય

કૃષિ યાંત્રિકીકરણના વિવિધ ઓજારોની ખરીદીમાં સહાય આપવા **₹ ૧૫૬૫ કરોડની જોગવાઈ**

મહિલાઓ દ્વારા સંચાલિત સ્વ-રોજગાર પ્રવૃત્તિઓ વિસ્તારવા **₹ ૪૭ કરોડની જોગવાઈ**

મોટા શહેરો પરનું ભારણ ઘટે અને રોજગારી વધારવા પાંચ નવા સેટેલાઇટ ટાઉન કલોલ, સાણંદ, સાવલી, બારડોલી અને હિરાસરના વિકાસનું આયોજન.


મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ **₹ ૫૬00 કરોડની જોગવાઈ**

અદ્યતન પરિવહન સુવિધા માટે ૨૪૬૩ જેટલી નવી બસો (જે પૈકી ૫00 AC ઇલેક્ટ્રિક બસો) તેમજ આદિજાતિ તેમજ ઔદ્યોગિક વિસ્તારમાં ૫00 મીડી બસ મૂકવામાં આવશે. જેના માટે કુલ **₹ ૧૨૮૬ કરોડની જોગવાઈ**

ગુજરાત પોલીસ માટે Data Fusion Centre & Centre of Excellence for AI in Policingની સ્થાપના માટે **₹ ૬0 કરોડની જોગવાઈ**

આશ્રમશાળાઓ અને ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયોમાં અભ્યાસ કરતા આદિજાતિ, અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ તેમજ આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને મળતી માસિક સહાય **₹ ૩૪0 નો વધારો કરી ₹ ૨૫00 કરવાનો નિર્ણય**

> **"ગરવા ગુજરાતની પ્રગતિને આગવી ગતિ આપતું આ ઐતિહાસિક બજેટ વર્ષ ૨૦૨૬-૨૭ નાગરિક જીવનના તમામ પાસાને સ્પર્શી તેને બળ આપનારું અને સૌને વિકાસની સમાન તકો આપનારું બની રહેશે."**
>
> **- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત



# ગુજરાત કૅડરમાં આઇએએસ અધિકારીઓની કુલ સંખ્યા ૩૧૩થી વધારીને ૩૨૮ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત કેડરમાં આઇએએસ અધિકારીઓની કુલ સંખ્યા ૩૧૩ થી વધારીને ૩૨૮ કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત રાજ્ય માટે આઇએએસ (ભારતીય વહીવટી સેવા) કેડરની સંખ્યામાં વધારો કરવાની જાહેરાત કરવામાં આવી હતી. કેન્દ્રના પર્સનલ અને ટ્રેનિંગ વિભાગ ડીઓપીટી દ્વારા આ ગેઝેટ નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું. જે મુજબ કેન્દ્ર સરકાર દ્વારા આ નિર્ણય વહીવટી કામગીરીને વધુ અસરકારક બનાવવા અને રાજ્યની વધતી જરૂરિયાતોને પહોંચી વળવા માટે લેવામાં આવ્યો છે. આ નવી જોગવાઈ મુજબ ગુજરાત કેડરમાં આઇએએસ અધિકારીઓની કુલ ૧૫ નવી જગ્યા ઉમેરવામાં આવી છે. જેમાં સીધી ભરતી દ્વારા લેવામાં આવતા અધિકારીઓ અને રાજ્ય સેવાઓમાંથી બઢતી પ્રમોશન મેળવતા અધિકારીઓનો સમાવેશ થાય છે. આ ફેરફાર બાદ રાજ્યમાં સિનિયર ડ્યૂટી પોસ્ટ્સની સંખ્યા પણ વધીને ૧૬૯ થઈ ગઈ છે, જે અગાઉ ૧૬૧ હતી. કેન્દ્ર સરકાર દ્વારા જે તે રાજ્યની માગણીને ધ્યાનમાં રાખીને કે વહીવટી માળખાને વધુ કાર્યક્ષમ બનાવવા માટે સમયાંતરે કેડર રિવ્યૂની આ પ્રક્રિયા હાથ ધરવામાં આવતી હોય છે. રાજ્યમાં વધી રહેલા શહેરીકરણ અને વિવિધ સરકારી પ્રોજેક્ટ્સના અમલીકરણ માટે વધુ અનુભવી અધિકારીઓની જરૂરિયાત જણાતી હતી, જેને ધ્યાનમાં રાખીને આ મહત્ત્વનો ફેરફાર કરવામાં આવ્યો હતો.

# ગુજરાતના નવા મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે આઈએએસ સંદીપ સાગલેની નિમણૂક, હારીત શુક્લાનું સ્થાન લેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે ૨૦૦૭ બેચના ગુજરાત કેડરના આઇએએસ અધિકારી સંદિપ જનાર્દનપંત સાગલેની નિમણૂક કરવામાં આવી છે. આ પદ માટે તેમની નિમણૂક લોક પ્રતિનિધિત્વ અધિનિયમ એક્ટ, ૧૯૫૦ ની કલમ ૧૩એ હેઠળ કરવામાં આવી છે. ભારત ચૂંટણી પંચે ગુજરાત સરકાર સાથે વિચાર વિમર્શ બાદ આ નિર્ણય લીધો હતો. મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે કાર્યરત હારીત શુક્લાની જગ્યાએ હવે આ જવાબદારી સંદીપ સાગલે નિભાવશે. તેઓ જે તારીખથી કાર્યભાર સંભાળશે તે દિવસથી આ આદેશ અમલી ગણાશે.

ચૂંટણી પંચના પ્રિન્સિપલ સેક્રેટરી રાહુલ શર્મા દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર નોટિફિકેશનમાં જણાવવામાં આવ્યું હતું કે, સંદિપ જનાર્દનપંત સાગલે જે દિવસથી રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી તરીકેનો કાર્યભાર સંભાળશે, તે સાથે જ તેમના નિવાસસ્થાન અને કચેરીના ફોન નંબર તથા ફેક્સ નંબર જેવી સંપર્ક વિગતો કેન્દ્રીય પંચને તાકીદે મોકલી આપવાની રહેશે. આ સાથે જ સંદીપ સાગલેએ ગુજરાત સરકાર હેઠળના તેમના અન્ય તમામ વર્તમાન હોદ્દાઓ અથવા કાર્યભાર તાત્કાલિક છોડવાના રહેશે. મૂળ મહારાષ્ટ્રના અને ૨૦૦૭ની કેડરના આઇએએસ અધિકારી સંદીપ સાગલેનો જન્મ ૧૬ નવેમ્બર ૧૯૭૨નો થયો હતો. તેઓ ગાંધીનગર, નર્મદા, ભરૂચ, બનાસકાંઠા, ખેડા, અમરેલી, જૂનાગઢ જિલ્લાઓમાં વિવિધ જવાબદારીઓ નિભાવી ચુક્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે ભારત ચૂંટણી આયોગ દ્વારા ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારી પદ પર ફેરફાર કરવામાં આવ્યો છે. ચૂંટણી તંત્રમાં પારદર્શિતા જાળવવા માટે આ ફેરફારને મહત્ત્વનો માનવામાં આવી રહ્યો છે.

# ગુજરાતમાં પાંચ લાખ જેટલાં વાહન નંબર પ્લૅટ્સ વિના ફરતાં હોવાનો અંદાજ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના જુહાપુરા વિસ્તારમાં ૨૨ વર્ષીય યુવકને નંબર પ્લેટ વિનાના ડમ્પરે હડફેટે લેતા તેનું મોત નિપજ્યું હતું. આ ઘટનાએ શહેર અને રાજ્યમાં નંબર પ્લેટ વિના ફરતાં વાહનો અંગે ચર્ચા જગાવી છે, ત્યારે ચોંકાવનારી વિગતો અનુસાર સમગ્ર રાજ્યમાં લગભગ પાંચ લાખ જેટલા વાહનો હશે જે યોગ્ય નંબરપ્લેટ વિના ફરી રહ્યા છે. ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન દર દસમાંથી એક વાહન કરે છે, તેમ ખુદ તંત્રને લાગી રહ્યું છે.

ઓળખાણ ન આપવાની શરતે એક અધિકારીએ જણાવ્યું હતું કે નંબર પ્લેટ વિના વાહન શો-રૂમમાંથી બહાર જ ન નીકળવું જોઈએ. આ એક ગુનો છે તે જાણવા છતાં ઘણા ડિલર વાહનો આપી દે છે. અધિકારીએ એમ પણ જણાવ્યું હતું કે વાહનની ડિલિવરી થઈ હોય તેવી ત્રણ સોશિયલ મીડિયા પોસ્ટમાંથી એક પોસ્ટમાં વાહન નંબર પ્લેટ વિના લઈ જવાતું જોઈ શકાય છે.

જ્યારે એક આરટીઓ અધિકારીએ કહ્યું હતું કે ડિલિવરી પહેલાં નંબર પ્લેટ લગાવવાની જવાબદારી ડીલરોની છે. અધિક પોલીસ કમિશનર (ટ્રાફિક) એન.એન. ચૌધરીએ જણાવ્યું હતું કે અમલીકરણ અભિયાન નિયમિતપણે ઉલ્લંઘનો શોધી કાઢે છે. તપાસ દરમિયાન, અમને જાણવા મળ્યું છે કે દર ૧૦ વાહનોમાંથી લગભગ એક વાહનમાં નંબર પ્લેટ નથી અથવા તેમાં ચેડાં કરવામાં આવ્યાં છે. આવા ગુનેગારો સામે કેસ નોંધવામાં આવે છે, તેમ તેમણે ઉમેર્યું હતું. એક અધિકારીએ જણાવ્યું હતું કે દર ૧૦માંથી એક વાહન નંબર પ્લેટ વિનાની અથવા ટેમ્પર કરેલી છે.

# રાજકોટના જંગલેશ્વર પર આખરે બુલડોઝર ફરી વળ્યું, ૧૧૧૯ દબાણો તોડાયાં, આજે પણ કામગીરી યથાવત્

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરીકરણને લીધે સરકારી જગ્યાઓ પર લોકોના દબાણની સમસ્યા ખૂબ જ વકરી છે. ત્યારે રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં ઈતિહાસનું લગભગ સૌથી મોટું ડિમોલિશન સોમવારથી હાથ ધરવામાં આવ્યું હતું. ૬૪ જેસીબી, ૯૦ ટ્રેક્ટર, સાત હિટાચી અને ૨૬૦થી વધુ સાધનો ડિમોલિશનની કામગીરીમાં લાગ્યાં હતાં.

રાજકોટ મનપા દ્વારા આજે ૧,૪૮૯ મકાનો પર બુલડોઝર ફેરવવાનું શરૂ થયું હતું. સાંજ સુધીમાં લગભગ ૧૧૧૯ માળખા હટાવવામાં આવ્યાં હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

સવારે શરૂ થયેલી કામગીરી માટે જંગલેશ્વર વિસ્તારને સાત ઝોનમાં વહેંચવામાં આવ્યો છે. શહેરના તમામ આઈએએસ અને આઈપીએસ અધિકારીઓ કામગીરી પર સીધી દેખરેખ રાખી રહ્યા છે. જુદી-જુદી ૭ ટીમોની અધ્યક્ષતા ચાર સિટી ઈજનેરને સોંપવામાં આવી છે.

આશરે બે કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલાં આ દબાણો દૂર કરવાની કામગીરી એક દિવસમાં પૂર્ણ થાય તેમ ન હોવાથી આજે પણ ચાલશે. ડિમોલિશન દરમિયાન જો કોઈ વિરોધ થાય કે પરિસ્થિતિ કાબૂ બહાર જાય, તો તેવા સંજોગોમાં લાઠીચાર્જ કે ફાયરિંગ કરવા જેવા આકરા આદેશો આપવા માટે તંત્ર દ્વારા ખાસ સ્પેશ્યલ મેજિસ્ટ્રેટની નિમણૂક કરવામાં આવી છે. ફાયર બ્રિગેડ, મેડિકલ ટીમ અને એમ્બ્યુલન્સને પણ સ્થળ પર હાજર રાખવામાં આવ્યા છે.

ડિમોલિશનને લઈને સોશ્યલ મીડિયા પર કોઈ અફવા ન ફેલાય કે ભડકાઉ મેસેજ વાયરલ ન થાય તે માટે સાયબર ક્રાઈમની ટીમ સતત મોનિટરિંગ કરી રહી છે. પોલીસ દ્વારા સોશ્યલ મીડિયા પર જંગલેશ્વર ડિમોલિશન અંગે ખોટી અફવા ફેલાવનારા સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી આપવામાં આવી હતી. રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ ડીસીપીએ લોકોને આવી અફવાથી દૂર રહેવા અને શાંતિ જાળવવા અપીલ કરી છે.

બીજી બાજુ પોતાના ઘર પડી જતા જોઈ ગરીબ પરિવારોના આક્રંદે વાતાવરણને ગમગીન બનાવી દીધું હતું. અમુક સામાજિક સંસ્થાઓએ આ પરિવારોને ફૂડ પેકેટ્સ અને અમુક સામાન આપ્યો હતો.

# વિરાટ કોહલી કોળી સમાજનો છે?: કેજરીવાલે બાફ્યું

ભાવનગરઃ ગુજરાતમાં આવતા વર્ષે વિધાનસભા ચૂંટણી યોજાવાની છે, એ પહેલા રાજ્યમાં જાતિને આધારે રાજકારણ રમવાનું શરૂ થઇ ગયું છે. એવામાં આમ આદમી પાર્ટી આપના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે ભારતના દિગ્ગજ ક્રિકેટ વિરાટ કોહલીનો ઉલ્લેખ કરીને એક વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે.

ભાવનગરમાં આપ નેતા રાજુ સોલંકી દ્વારા કોળી સમાજના સમૂહ લગ્ન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કેજરીવાલ અને પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત હાજર રહ્યા રહ્યા હતાં. આ દરમિયાન કેજરીવાલે કહ્યું કે વિરાટ કોહલી કોળી સમુદાયના છે. કેજરીવાલના ભાષણ અંગે ગુજરાત વિધાનસભામાં હોબાળો મચ્યો હતો. ગુજરાતના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ વિધાનસભામાં આપ નેતા અને વિધાનસભ્ય ચૈતર વસાવાને ઘેર્યા હતાં. હર્ષ સંઘવીએ ચૈતર વસાવાને કહ્યું કે તમારા નેતા કહી રહ્યા છે કે વિરાટ કોહલી કોળી સમુદાયનો છે, તમારે તમારા નેતાને સમજાવવું જોઈએ. ભાવનગરમાં વીર માંધાતા કોળી સમાજના સમૂહ લગ્નમાં પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માને પોતાને રમત પ્રેમી ગણાવ્યા અને કહ્યું, પહેલા મને એ ખબર હતી કે ઇંગ્લેન્ડ માટે રમનારા ક્રિકેટર વિક્રમ સોલંકી ગુજરાતનાં છે, પરંતુ પછી મને ખબર પડી કે તે કોળી સમુદાયનાં છે. ત્યાર બાદ કેજરીવાલે ભાષણમાં કહ્યું વિરાટ કોહલી કોળી સમુદાયનો છે.

‘કોહલી’ અને ‘કોળી’ અટક સાંભળવામાં થોડી એક જેવી લાગી શકે છે, પણ આ બંને સમુદાયો અલગ છે.

# ૬૮.૬૫ કરોડનું બાકી લેણું વસૂલવા માટે પીજીવીસીએલ દ્વારા આગામી પચીસ ફેબ્રુઆરીના મેગા ડિસકનેક્શન ડ્રાઈવ યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ હિસાબી વર્ષનો અંતિમ મહિનો હવે નજીક આવી રહ્યો છે, ત્યારે કરોડોનું બાકી લેણું વસૂલવા માટે પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના ભુજ વર્તુળ કચેરી હેઠળ ૬૮.૬૫ કરોડનું બાકી વીજ લેણું વસૂલવા માટે ચુકવણું ન કરનારા ગ્રાહકોના વીજ જોડાણ કાપવા માટે ભુજ વર્તુળ કચેરી હેઠળની ૨૦ પેટા વિભાગીય કચેરીમાં મેગા ડિસકનેક્શન ડ્રાઇવનું બુધવાર ૨૫ ફેબ્રુઆરીનાં આયોજન કરાયું છે.

પીજીવીસીએલ તંત્રએ બિલ ન ભરનારા ગ્રાહકોને અપીલ કરી છે કે, તેઓ બાકી રહેતું વીજલેણું તાત્કાલિક ભરી નાખે અન્યથા આ ઝુંબેશમાં તેમનાં જોડાણ કાપી નાખવામાં આવશે. આ મહાઝુંબેશમાં વાણિજ્ય,ઔદ્યોગિક, રહેણાક અને ખેતીવાડી સહિતનાં વીજ-જોડાણને આવરી લેવામાં આવશે. પીજીવીસીએલની ભુજ વર્તુળ કચેરી હેઠળ આવતા ગ્રાહકોમાં રહેણાક,વાણિજ્ય, ઔદ્યોગિક, ખેતીવાડી વિગેરે વીજજોડાણોમાં મોટી રકમ ગ્રાહકો દ્વારા ભરપાઈ કરવાની બાકી છે. આ મેગા ડિસકનેક્શન ડ્રાઈવમાં આવતી ભુજ વર્તુળ કચેરી હેઠળની તમામ પેટા વિભાગીય કચેરીઓમાં ડ્રાઈવ સમયે બાકી વીજબિલનાં લેણાં ધરાવતા વીજગ્રાહકોનાં જોડાણનો પુરવઠો સ્થળ પર જ કાપવામાં આવશે.

આ કાર્યવાહી દરમિયાન સ્થળ ઉપર કોઈ પણ નાણાં સ્વીકારવામાં કે વસૂલવામાં આવશે નહીં. વીજ પુરવઠો કપાઈ ગયા પછી ગ્રાહકે સંબંધિત પેટા વિભાગીય કચેરીમાં જઈને ૧૦૦ ટકા લેણાંની રકમ ભરપાઈ કરવાની રહેશે. સાથે ગ્રાહકોએ નિયમ અનુસાર રિ-કનેક્શન ચાર્જ ભરી અને જરૂરી ઇ-કેવાયસી રજૂ કરવાના રહેશે. બાકી લેણાંની રકમમાં અધૂરી રકમ સ્વીકારવામાં આવશે નહીં. જ્યાં સુધી બાકી લેણાંની પૂરી રકમ ભરપાઈ કરવામાં નહીં આવે ત્યાં સુધી વીજ-જોડાણ ચાલુ કરવામાં આવશે નહીં. વીજ બિલનાં બાકીનાં નાણાંની વસૂલાત માટે ભુજ વર્તુળ કચેરી હેઠળના ૨૦ પેટા વિભાગીય કચેરીઓમાં આ આયોજન કરાયું છે. બાકી વીજ બિલની રકમ ધરાવતા ગ્રાહકો વીજ પુરવઠો બંધ થાય નહીં તે માટે બાકી વીજ બિલનાં લેણાંની રકમ તાત્કાલિક સ્થાનિક પેટા વિભાગીય કચેરીમાં અથવા ઓનલાઇન વિવિધ માધ્યમો દ્વારા ભરપાઈ કરી આપે તેવી અપીલ વીજ તંત્ર દ્વારા કરવામાં આવી છે.

# કચ્છમાં ૧૪૨૭ આંગણવાડી બહેનોનાં ખાતામાં ₹ ૧૧.૨૭ કરોડની ગ્રેચ્યુઈટી રકમ જમા કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા મહિલા અને બાળ વિકાસના ક્ષેત્રે વર્ષો સુધી સેવા આપી નિવૃત્ત થયેલી આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોના હિતમાં એક પ્રશંસનીય નિર્ણય લેવામાં આવ્યો હતો. રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ અને જિલ્લા વિકાસ અધિકારી તેમજ પ્રોગ્રામ ઓફિસરના માર્ગદર્શન હેઠળ જિલ્લાની કુલ ૧૪૨૭.નિવૃત્ત બહેનોને રૂ.૧૧,૨૭,૪૩,૪૮૩ની રકમ ગ્રેજ્યુઈટી પેટે ચૂકવવામાં આવી હતી. લાંબા સમયથી સેવામાં જોડાયેલા આ શ્રમિક બહેનોની સામાજિક અને આર્થિક સુરક્ષાને ધ્યાને રાખીને વહીવટી તંત્ર દ્વારા આ રકમ સીધી તેમના બેંક ખાતામાં જમા કરાઈ હતી. આ ઝડપી અને પારદર્શી પ્રક્રિયાને કારણે નિવૃત્ત બહેનો અને તેમના પરિવારોમાં આનંદનો માહોલ જોવા મળ્યો હતો. આ પ્રસંગે પ્રોગ્રામ ઓફિસરે જણાવ્યું હતું કે, આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોએ ગ્રામ્ય સ્તરે કુપોષણ મુક્ત ગુજરાતના સંકલ્પને સાકાર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. તેમની નિવૃત્તિ બાદનું જીવન સુરક્ષિત રહે તે હેતુથી આ ગ્રેજ્યુઈટીની ચુકવણી કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, નલિયા ખાતે આયુષ મેળાનું આયોજન કરાયું હતું, જેમાં આઈસીડીએસ અબડાસાના ૨૮ નિવૃત્ત બહેનોને અંદાજે ૧૨ લાખ રકમની ગ્રેજ્યુઈટીના ચેકનું વિતરણ ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાના હસ્તે અર્પણ કરાયા હતાં.

# સુજલામ્ સુફલામ્ જળ અભિયાન-જળસંચય જનભાગીદારી ૨.૦નો રાજ્યવ્યાપી પ્રારંભ

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જળસંચય અને જળસંગ્રહ માટે ગુજરાતમાં સુજલામ્ સુફલામ્ જળ અભિયાન-જળ સંચય જનભાગીદારી ૨.૦નો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. જળ સંચય અને જળસંગ્રહ માટેનું આ મહાઅભિયાન તા. ૩૧ મે ૨૦૨૬ સુધી યોજાશે. આ અભિયાન અંતર્ગત તાલુકા દીઠ ૧૦ તળાવ ઊંડા કરવા સહિત પાણીના સંગ્રહ માટેની વ્યવસ્થાઓ વધુ સુદ્દઢ કરીને ભૂગર્ભ જળ સ્તર ઊંચા લાવવાના અને વરસાદી પાણીના સંગ્રહના કામો હાથ ધરવામાં આવશે. રાજ્ય સરકારના જળ સંપત્તિ, પાણી પુરવઠા, સરદાર સરોવર નર્મદા નિગમ, ગ્રામ વિકાસ, વન પર્યાવરણ, શહેરી વિકાસ સહિતના છ જેટલા વિવિધ વિભાગો તમામ જિલ્લાઓમાં લોકભાગીદારીથી જળસંચયના કામો હાથ ધરશે. આવા કામોમાં હયાત તળાવો ઊંડા કરવા, હયાત ચેકડેમોનું ડિસિલ્ટિંગ, હયાત જળાશયો/નદીનું ડિસિલ્ટિંગ, હયાત નુકસાન પામેલ ચેકડેમોના રિપેરિંગ, નહેરો તથા કાંસની મરામત/જાળવણી/સાફ સફાઇ, રેઇન વોટર હાર્વેસ્ટિંગ, ખેત તલાવડી, માટીપાળા, ટેરેસ/વનતળાવ, પીવાના પાણીના સ્રોત/ટાંકી/સંપ/ ઇન્ટેક સ્ટ્રક્ચર તથા આસપાસની સફાઇ, તળાવોના વેસ્ટ વિયરના રિપેરિંગ, નદીઓના પ્રવાહને અવરોધ રૂપ ગાંડા બાવળ, ઝાડી-ઝાંખરા દૂર કરવા વગેરે કામોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ વર્ષના સુજલામ્ સુફલામ્ જળ અભિયાન-જળસંચય જનભાગીદારી ૨.૦ની શરૂઆત ગાંધીનગર જિલ્લાના ભાટ ગામના તળાવને ઊંડું કરવાની કામગીરીથી કરાવી હતી.

# કરોડોના સાયબર ફ્રોડના ગુનામાં ફરાર બેચરાજી એપીએમસીના ડિરેક્ટરને પોલીસને સોંપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બેચરાજી અડખઈના ડિરેક્ટર હિરેન પટેલની સાયબર ફ્રોડના ગુનામાં સુરત પોલીસે ધરપકડ કરવામાં આવી હતી. સુરત પોલીસે તેની ધરપકડ કર્યા બાદ વધુ તપાસ માટે તેને બેચરાજી પોલીસને સોંપવામાં આવ્યો હતો. તેની ધરપકડથી મહેસાણા જિલ્લાના બેચરાજીના રાજકારણ અને સહકારી ક્ષેત્રમાં ભારે ખળભળાટ મચી ગયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૪૬ વર્ષીય હિરેન લક્ષ્મણભાઈ પટેલ ૨૦૨૦માં બેચરાજી એપીએમસીની ચૂંટણીમાં વેપારી વિભાગમાંથી ચૂંટાઈને ડિરેક્ટર બન્યો હતો. માર્કેટ યાર્ડમાં તેની ’પટેલ હિરેન લક્ષ્મણભાઈ એન્ડ કંપની’ નામે પેઢી પણ કાર્યરત હતી. જોકે સત્તા મળ્યા બાદ તે સાયબર ફ્રોડ જેવી ગેરકાયદે પ્રવૃત્તિઓ તરફ વળ્યો હતો.

હિરેન પટેલે પોતાની પત્ની પ્રેમિલા પટેલને પણ આ ગુનાખોરીમાં સામેલ કરી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, હિરેન પટેલે ગેરકાયદે રીતે નાણાકીય લાભ મેળવવાના હેતુથી પોતાની પત્ની પ્રેમિલા પટેલના નામે મહેસાણા અર્બન બેંકની બહુચરાજી શાખામાં સેવિંગ એકાઉન્ટ ખોલાવ્યું હતું.

આ ખાતામાં ભારતભરના અલગ અલગ રાજ્યોમાંથી સાયબર ફ્રોડનો ભોગ બનેલા લોકોનાં નાણાં જમા કરાવવામાં આવતાં હતાં. હિરેન પટેલ પોતે જ આ નાણાં ચેક દ્વારા ઉપાડી લેતો હતો. પત્નીના ખાતામાંથી અંદાજે ૧૬,૬૮,૦૦૧ રૂપિયા રોકડ ઉપાડી અંગત ઉપયોગમાં લીધા હોવાની પ્રાથમિક વિગતો મળી છે.

હિરેન પટેલ સામે મોટા ફ્રોડના આંકડા બહાર આવ્યા છે. તેની સામે ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્ર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, તમિળનાડુ, ઝારખંડ અને હરિયાણા જેવા રાજ્યોમાં ૨૧થી વધુ પોલીસ ફરિયાદ નોંધાઈ છે. જેમાં સૌથી મોટું ફ્રોડ મુંબઇ સાઉથ સાયબર ક્રાઈમમાં નોંધાયેલું છે, જે અંદાજે ૫,૮૮,૮૬,૯૫૭ રૂપિયાનું છે. આરોપીએ કુલ મળીને દેશભરમાં ૧૧,૯૩,૫૨,૫૨૫ અને સુરતની ફરિયાદ મળીને આ આંકડો ૧૩ કરોડને પાર કરી ગયો છે.

# ગુજરાતના પોલીસ વડાની કચ્છની બે દિવસીય મુલાકાત સંપન્નઃ તમામ સુરક્ષા એજન્સીઓ સાથે સંકલનના મુદ્દા પર અપાયો ભાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગુજરાતના પોલીસ વડા ડૉ. કે.એલ.એન. રાવનો સુરક્ષાની દૃષ્ટિએ અત્યંત સંવેદનશીલ કચ્છ જિલ્લાનો બે દિવસીય વ્યૂહાત્મક પ્રવાસ પૂર્ણ થયો હતો. ગત શનિવારે ભુજ આવી પહોંચેલા ડૉ. રાવે તેમના બે દિવસની કચ્છ મુલાકાત દરમિયાન સરહદી અને દરિયાઈ સુરક્ષા વ્યવસ્થાને વધુ સઘન બનાવવા માટે શ્રેણીબદ્ધ બેઠકો અને મુલાકાતો યોજી હતી. ભુજ ખાતે યોજાયેલી ક્રાઈમ કોન્ફરન્સમાં રાજ્યના પોલીસ વડાએ સરહદી ક્ષેત્રમાં સતત વધી રહેલી ગુનાખોરીની સ્થિતિની સમીક્ષા કરી હતી. ત્યારબાદ, સરહદી સીમા દળ, ભારતીય વાયુસેના, કોસ્ટ ગાર્ડ, આઈબી અને એનટીઆરઓ સહિતની સુરક્ષા એજન્સીઓના ઉચ્ચ અધિકારીઓ સાથે વિશેષ બેઠક યોજી હતી જેમાં ઈન્ટેલિજન્સ શેરિંગ, ડ્રગ્સની હેરાફેરી અટકાવવા, માછીમારોના પ્રશ્નો અને સંભવિત ઘૂસણખોરી રોકવા સહિતના અગત્યના મુદ્દાઓને ધ્યાને રાખીને તમામ એજન્સીઓ વચ્ચે મજબૂત સંકલન સ્થાપિત કરવા પર ભાર મૂક્યો હતો અને નેશનલ કોર્ડિનેશન સેન્ટરની પ્રગતિ અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ મુલાકાતના ભાગરૂપે રાજ્યના પોલીસ વડા ડો. કે.એલ.એન.રાવે અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયાના પોલીસ મથકની મુલાકાત લઈને તેને દત્તક લેવાની જાહેરાત કરી હતી. પશ્ચિમ કાંઠાના નલિયાના પોલીસ મથકના આધુનિકીકરણ અને સુવિધાઓ માટે તેમણે રૂપિયા ૫ લાખની ગ્રાન્ટ ફાળવવાની પણ જાહેરાત કરી હતી. ઉપરાંત, પોલીસ અધિકારીઓ, જવાનો અને સ્થાનિક નાગરિકો સાથે ‘બડા ખાના’ યોજીને સૌનું મનોબળ વધાર્યું હતું અને જનતાની સમસ્યાઓ સાંભળી હતી.

ડૉ.કે.એલ.એન.રાવએ જખૌ દરિયાકાંઠે ધ્વજવંદન કરી સુરક્ષા જવાનોનું અભિવાદન કર્યું હતું. તેમણે ભારતીય કોસ્ટ ગાર્ડ, બીએસએફ અને ગુજરાત પોલીસના જવાનો સાથે દરિયામાં સંયુક્ત પેટ્રોલિંગ કરીને સુરક્ષા કવચની સજ્જતા ચકાસી હતી. આ ઉપરાંત, છેવાડાના વિસ્તારો એવા પિંગલેશ્વર આઉટપોસ્ટની મુલાકાત લઈ ત્યાંના પડકારો અને સંવેદનશીલ દરિયાઈ પટ્ટી પર સતર્કતા રાખવા જરૂરી સૂચનાઓ આપી હતી.

પાકિસ્તાનને અડીને આવેલા રણ, દરિયો અને ખડકોનો ત્રિવેણી સંગમ ધરાવતા કચ્છની સંવેદનશીલ ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાને રાખી ડૉ. રાવે દરિયાઈ અને જમીની સરહદ પર એલર્ટ રહેવા, નવી એ.આઈ આધારિત ટેકનોલોજીનો ઉપયોગ વધારવા અને સુરક્ષા એજન્સીઓ વચ્ચે સીમલેસ કો-ઓર્ડિનેશન માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

# બાળ તસ્કરી રેકેટમાં સો ટકા બાળકની ગેરંટી આપતા આઈવીએફ સેન્ટરની સંડોવણીની શક્યતા

અમદાવાદઃ ગુજરાતના બાળ તસ્કરીના કેસમાં ઊંડી તપાસ બાદ નવા નવા ખુલાસા થઈ રહ્યા છે. એક નવા ખુલાસા અનુસાર નિઃસંતાન દંપતીઓને બાળક થવાની સો ટકા ગેરંટી આપવામાં આવતી હતી અને તે માટે આઈવીએફ સેન્ટરો પણ આ તસ્કરીમાં કથિત રીતે જોડાયેલા હોવાની શક્યતા પોલીસ તપાસી રહી છે. સૂત્રોએ જણાવ્યા અનુસાર ગુજરાત પોલીસ અધિકારીઓ હવે પુણેના અનેક સેન્ટરો પર નજર રાખી રહ્યા છે. ગુજરાત ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓએ જણાવ્યું હતું કે આ નેટવર્કમાં મોટાભાગે ગુજરાત અને રાજસ્થાનના આદિવાસી વિસ્તારોમાંથી બાળકો ખરીદી લેવાતાં હતાં, જેથી નિઃસંતાન યુગલો માટે બાળજન્મની ૧૦૦% ગેરંટી તરીકે માર્કેટિંગ કરવામાં આવતી હતી. અગાઉ પોલીસે જણાવ્યું હતું કે બાળકોને કથિત રીતે ત્વચાના રંગ, લિંગ અને ઉંમરના આધારે પસંદ કરીને વેચવામાં આવતાં હતાં.

# વીજબિલ ન ભરતાં ગ્રાહકો પર ડીજીવીસીએલ ત્રાટકશે, બાકી ₹ ૪૬૫ કરોડ વસૂલવાની કવાયત

અમદાવાદઃ દક્ષિણ ગુજરાતમાં વીજ પુરવઠો પૂરો પાડતી દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડનું ગ્રાહકો પાસેથી રૂ. ૪૬૫.૪૯ કરોડનું બિલ વસૂલવાનું બાકી છે. હવે વીજ કંપનીએ સખત વલણ અપનાવ્યું છે અને બિલ ન ભરતા ગ્રાહકો પાસેથી નાણાં વસૂલવાનું નક્કી કર્યું છે. કંપનીએ સ્પેશિયલ ડ્રાઈવની જાહેરાત કરતા જણાવ્યું હતું કે જે વીજગ્રાહકો બિલ મળ્યાના દસ દિવસમાં બિલ નહીં ભરે તો કોઈપણ જાણકારી વિના તેમના ઘર કે વ્યાવસાયિક એકમના વીજળીના જોડાણ કાપી નાખવામાં આવશે. આ માટે અલગ અલગ ટીમને મેદાનમાં ઉતારવામાં આવી છે. કંપનીએ જણાવ્યું હતું કે વીજળી મહત્ત્વની સેવા છે આથી બિલ ન ભરનારા સામે માનવીય અભિગમ રાખી તેમને વારંવાર રિમાઈન્ડર આપવામાં આવ્યા હતા, પરંતુ બિલ ચૂકવવામાં આવતા નથી, જે કંપનીને આર્થિક રીતે અસર કરે છે. આથી કંપનીએ તમામ કચેરીઓને બિલ ન ભરનારાઓની યાદી આપી દીધી છે, જેમાં ઘરેલું, વ્યાવસાયિક, ઔદ્યોગિક અને કૃષિ એમ તમામ કેટેગરીના વીજગ્રાહકો સામે કડકાઈથી કાર્યવાહી કરવામાં આવશે. ગ્રાહકોને સ્થળ પર બાકીના નાણાં ભરવાની તક આપવામાં આવશે અને જો તેમ નહીં થાય તો જોડાણ કાપી નાખવામાં આવશે. જો વીજજોડાણ કપાઈ જશે તો બાકીની રકમ સાથે દંડ પણ આપવો પડશે અને ફરી જોડાણ મેળવવાનો ચાર્જ પણ ચૂકવવો પડશે.

# વડોદરાના દુમાડમાં એસએમસીના દરોડા, ૧૩ લાખના દારૂના જથ્થા સાથે ત્રણ લોકોની ધરપકડ

અમદાવાદઃ ગુજરાતમાં દારૂબંધીના દરરોજ ધજાગરા ઊડી રહ્યા છે. જો કે સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી)એ દારૂબંધીના કડક અમલ માટે કમર કસી છે. એસએમસીએ દ્વારા સમગ્ર રાજ્યમાં મોટા પ્રમાણમાં દરોડા પાડવામાં આવી રહ્યા છે. આ કવાયતના ભાગરૂપે વડોદરાના દુમાડ વિસ્તારમાં સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા ફરી એક વાર દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસે દારૂના મોટા જથ્થા સાથે ત્રણ જણને ઝડપી પાડ્યા હતા. પોલીસે બાતમીના આધારે દુમાડ ચોકડી પાસે પેટ્રોલપંપની સામેના મકાનમાં દરોડો પાડ્યો હતો. પોલીસે ૧૩ લાખની કિંમતના દારૂ સાથે ૨૬૫૮ બોટલ કબજે કરી હતી. આ ઉપરાંત ૫૦૦૦૦ની કિંમતનો ૨૫૦ લિટર દેશી દારૂ, ચાર મોબાઈલ અને ૧૩૨૦૦ રોકડા પણ કબજે કર્યા હતા. તે ઉપરાંત પોલીસે કનુ ભાઈલાલ માળી, હિંમત શંકરભાઈ માળી અને ગૌતમસિંહ ગોપાલસિંહ પરમારને ઝડપી પાડ્યા હતા.

તન-મન-ધનથી રહો તરોતાજા

# સંપત્તિ આવે છે વાજતેગાજતે ને જાય છે ચૂપચાપ




ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

આજના ઉપભોક્તાવાદી જીવનનો સાર વોરન બફેટના આ એક વાક્યમાં સમાઈ જાય છે: 'જો તમે બિનજરૂરી ચીજો ખરીદ્યા કરશો તો બહુ જલદી તમારે કામની ચીજો પણ વેચી નાખવી પડશે.'

આપણી પાસે સંપત્તિ હોય પણ તેને સંભાળતાં આવડતી ન હોય ત્યારે આવું જ બને છે. વધારાનું નગદ નાણું આવતાં જ આપણી ખર્ચ કરવાની આદતો બદલાવા માંડે છે. હવે ગજવામાંથી પૈસા આસાનીથી નીકળે છે. દેખાડો કરવાનો ઈરાદો ન હોવા છતાં આપણી જીવનશૈલી પર નાણાંની અસર દેખાયા વગર રહેતી નથી. બૅન્કમાં પૈસા પડ્યા હશે તો જે ચીજો ખરીદતાં પહેલાં આપણે બે વખત વિચાર કરતા હતા તે હવે બેધડક ખરીદવા માંડીએ છીએ. તે ચીજ પછી આપણી જીવનશૈલીનો ભાગ બની જાય છે. આપણાં બાળકોને નાનપણથી જ તે વસ્તુઓની આદત પડી જાય છે. લાંબા અરસા સુધી સાવ નકામા ખર્ચ બેદરકારીપૂર્વક થતા રહેશે તોપણ આપણા પેટનું પાણી નહીં હલે, કેમ કે આપણને પૈસાની તંગી નડતી નથી. આને લીધે આપણી આદતો અને વ્યવહારમાં આવી રહેલાં પરિવર્તન તરફ આપણું ધ્યાન જતું નથી. આ આદતો અને વ્યવહારો જ આપણી સંપત્તિને ઓહિયાં કરી જાય છે. શક્ય છે કે આપણને એનાથી ખાસ ફરક ન પડે, પણ આવનારી પેઢીઓએ તેનાં માઠાં પરિણામ ભોગવવાં પડે છે.

અગાઉ કશુંક ખોવાઈ જતું કે આડુંઅવળું મુકાઈ જતું તો તેને શોધવા ખૂબ પ્રયત્નો થતા. કોઈ વસ્તુ ખોવાઈ જાય, તે ન જડે અથવા આડે હાથે કશેક મુકાઈ જાય તો તેને શોધવા માટે આજે નામ પૂરતી કોશિશ થશે ને પછી તરત તેની જગ્યાએ નવી વસ્તુ ખરીદી લેવામાં આવશે. ઘણી વાર બૅન્કમાં નાણું નિષ્ક્રિય પડી રહે છે અને રોકાણોને સમયસર ઉપાડવામાં આવતાં નથી. કોઈ કાર્યક્રમ કે પ્રસંગની ઉજવણી વખતેય પૈસા ખર્ચવાની બાબતમાં વિશેષ સતર્કતા જાળવવામાં આવતી નથી. આ આદત એક પેઢીમાંથી બીજી પેઢીમાં ઊતરે છે. પરિણામે સંપત્તિ ક્રમશઃ ઓછી થતી જાય છે.

ચાલો, કબાટ ખોલીને ચેક કરીએ કે એવાં કયાં કપડાં અને એસેસરીઝ છે જે બે-ત્રણ મહિનાથી વપરાયાં વિના એમ ને એમ પડ્યાં છે? એવાં જૂતાં તરફ નજર દોડાવીએ જે વર્ષમાં માંડ દસ-બાર વખત પણ પહેરાયાં નથી.

આ જ પ્રમાણે પુસ્તકો, મ્યુઝિક સીડી અને અન્ય વણવપરાયેલી ચીજવસ્તુઓ ચકાસો. અમુક વસ્તુ કદાચ આપણે લાઈબ્રેરીમાંથી લાવ્યા હતા, પણ તે પરત કરવાની રહી ગઈ છે. હજુ આગળ વધો: શું ઘરમાં હેલ્થ કે એક્સરસાઈઝને લગતાં સાધનો પડ્યાં છે જેને કોઈ ઉપયોગમાં લેતું નથી? ગોલ્ફની કિટ અને સ્પોર્ટ્સની અન્ય સાધનસામગ્રીનું શું? શું તમે હજુય તે રમતો સક્રિયપણે રમો છો અને પેલી બધી વસ્તુઓ વપરાશમાં લો છો? જવાબ ના હોય તો તમારા પૈસા આ બધી ચીજવસ્તુઓમાં વેડફાયા છે.

આપણાં શાસ્ત્રોમાં સંપત્તિના આગમન વિશે સરસ કહેવાયું છે કે લક્ષ્મી દેવી હંમેશાં વાજતેગાજતે આવશે. અને કેમ નહીં? ઘરે દેવીનું આગમન થયું હોય તો ઉજવણી થવાની જ. આ તો સુખનો અવસર કહેવાય.

જો આપણા પર લક્ષ્મીમાતાની કૃપા વરસી હોય તો આપણી જવાબદારી બને છે કે સંપત્તિને આપણે જ્યાંથી લાવ્યા છીએ તે જ્ઞાતિ, સમાજ, કુદરત અને સૃષ્ટિ સાથે વહેંચીએ. ઉજવણી ખરેખર આ રીતે કરવી જોઈએ.

આપણું જીવનધોરણ બદલાઈ શકે છે, પણ આપણો વ્યવહાર યથાવત્ રહેશે તો જીવનની ગુણવત્તા પર નકારાત્મક અસર નહીં થાય, બીજા કોઈને શારીરિક કે માનસિક રીતે હાનિ નહીં પહોંચે. જે લોકો પૈસેટકે આપણા જેટલા સુખી નથી એમને આપણે નીચી નજરે ન જોઈએ અને કુદરતી સંસાધનોને નુકસાન ન પહોંચાડીએ તો જીવનધોરણ ઉપર લાવવામાં કશું ખોટું નથી. વાસ્તવમાં, સંપત્તિ હોય તોય ઉજવણી ન કરવી, તેને છુપાવવી, ગુપ્ત રાખવી તે માંદી માનસિકતાની નિશાની છે. જો આપણે પૈસા વેડફીએ, સતર્ક ન રહીએ, ખરીદેલી ચીજવસ્તુઓને ન વાપરીએ, કબાટ-ડ્રોઅર-સ્ટોરરૂમ-ગેરેજમાં નકામી વસ્તુઓનો ખડકલો કરતાં જઈએ તો તે જરૂર સમસ્યાજનક ગણાય.

જો પરિવારમાં ખાસ કરીને યુવાનોને જીવનશૈલી સંબંધિત બીમારીઓ હોય, સંપત્તિના મામલે ઝઘડા થયા કરતા હોય, સમાજના લોકો પ્રત્યે અસહિષ્ણુતા હોય અને ઘર-મિત્રો-શોખ વગેરે માટે સમય ન હોય તો આ બધાં ધીમેધીમે ઓછી થઈ રહેલી સંપત્તિનાં સંકેતો છે.

બિનજરૂરી વસ્તુઓને વેચવામાં મદદ કરતી કેટલીય વેબસાઈટ્સ આજે સક્રિય છે. મોબાઈલ પર એની એપ ડાઉનલોડ કરી શકાય છે. આપણે શા માટે નકામી વસ્તુઓનો નિકાલ કરીને તે પૈસા જરૂરતમંદો પાછળ ખર્ચતા નથી? જ્યાં સુધી મારા કબાટમાંથી કમસે કમ એક જોડી કપડાંનો નિકાલ નહીં કરું અથવા જરૂરતમંદને આપી નહીં દઉં ત્યાં સુધી હું નવાં કપડાં નહીં ખરીદું એવો નિર્ધાર કરીએ તો? જ્યાં સુધી જૂનો મોબાઈલ ફોન કોઈને આપી ન દો યા તો બાય-બેક ઑફરમાં વાપરી ન નાખો ત્યાં સુધી નવો મોબાઈલ ન ખરીદો. કોઈ વસ્તુ ખોવાઈ ગઈ હોય અથવા આડેઅવળે કશેક મુકાઈ ગઈ હોય તો એના વગર જીવતાં શીખીએ. નક્કી કરેલી સમયમર્યાદા પૂરી થાય પછી જ નવી ચીજ ખરીદીએ.

જો આપણી પાસે નાણું હોય તો એને જરૂર વાપરીએ, પણ વેડફાટ ન કરીએ. પૈસાના મામલામાં જવાબદારીપૂર્વક વર્તીએ આપણાં શાસ્ત્રોમાં કહેવાયેલી આ વાત યાદ રાખો- લક્ષ્મી વાજતેગાજતે આવે છે પણ ચૂપચાપ, ધીમેધીમે જતી રહે છે ત્યારે આપણને ખબર સુધ્ધાં પડતી નથી. ■

**યોગિક વેલ્થ**

*વારસો મળે કે બીજી કોઈ અણધારી આવક થાય તો તેને લાંબા ગાળાની સંપત્તિ ઊભી કરવામાં વાપરીએ અને પછી લાંબા સમય સુધી એનાં મીઠાં ફળ ખાઈએ. જો આ નાણું ઉડાવી મારીશું તો લાભ ટૂંકા ગાળાના સબિત થશે. તેથી ઈચ્છાઓ પર અંકુશ રાખીએ.*

---

ફાઈનાન્સના ફંડા

મિતાલી મહેતા

# રૂલ ઓફ 100... શું છે?

## જાણી લો, વધતી ઉંમર સાથે સંપત્તિની ફાળવણી માટેનું એક સરળ માર્ગદર્શન

આ અગાઉના વિવિધ લેખમાં આપણને જાણવા મળ્યું કે પૈસા કેવી રીતે વધે છે, તે કેટલો સમય ટકે છે અને વિધડ્રોઅલની પસંદગીઓ નાણાકીય સ્વતંત્રતાને કેવી રીતે આકાર આપે છે...

આ તમામ નિયમ સમય સાથે જોડાયેલા હતા પછી તે સંપત્તિ ભેગી કરવાનો તબક્કો હોય કે તેને વાપરવાનો.

જોકે નાણાકીય આયોજનનું એક બીજું તેટલું જ મહત્ત્વનું પાસું છે, જે ઘણી વખત દ્વિધા ઊભી કરે છે. જેમ જેમ તમારી ઉંમર વધે, તેમ તેમ તમારા રોકાણોમાં કેવા ફેરફારો થવા જોઈએ?

અહીં એક સરળ, સચોટ અને સમયસિદ્ધ માર્ગદર્શિકા મદદરૂપ બને છે રૂલ ઓફ ૧૦૦.

**શું છે 'રૂલ ઓફ ૧૦૦'?**

રૂલ ઓફ ૧૦૦ 'ગ્રોથ' આધારિત (ઇક્વિટી/શેરબજાર) અને 'સ્થિરતા' આધારિત (ડેબ્ટ/કેશ) રોકાણો વચ્ચે સંપત્તિની ફાળવણી કેવી રીતે કરવી, તે વિચારવાની એક સીધી રીત સૂચવે છે.

તેનો વિચાર એકદમ સરળ છે:

ઇક્વિટી ફાળવણી (%) = ૧૦૦ તમારી વર્તમાન ઉંમર

તમારા પોર્ટફોલિયોનો બાકીનો હિસ્સો તુલનાત્મક રીતે સ્થિર રોકાણના વિકલ્પોમાં જેમ કે ડેબ્ટ ઇન્સ્ટ્રુમેન્ટ્સ, ફિક્સ્ડ ઇન્કમ અથવા રોકડ સમકક્ષ સાધનોમાં રોકવામાં આવે છે.

| ઉંમર | ઇક્વિટી (ગ્રોથ) | ડેબ્ટ/કેશ (સ્થિરતા) |
|---|---|---|
| ૩૦ | ૭૦% | ૩૦% |
| ૪૦ | ૬૦% | ૪૦% |
| ૫૦ | ૫૦% | ૫૦% |
| ૬૦ | ૪૦% | ૬૦% |

આ તર્ક એકદમ સહજ છે, કારણ કે તે તમારા જોખમને તમારા સૌથી મર્યાદિત સંસાધન સમય સાથે જોડે છે. જ્યારે તમે યુવાન હો, ત્યારે બજારની અસ્થિરતાને પચાવવા માટે તમારી પાસે પૂરતો સમય હોય છે. જેમ જેમ ઉંમર વધે છે, તેમ તેમ આ 'બફર' ઘટતું જાય છે અને ભેગી કરેલી સંપત્તિનું રક્ષણ કરવું એ એટલું જ સ્વાભાવિક બની જાય છે જેટલું ક્યારેક તેને વધારવું હતું.

**આ નિયમ આજે પણ કેમ મહત્ત્વનો છે?**

આજના સમયમાં બજાર સુધી પહોંચવું પહેલા કરતાં વધુ સરળ છે. ગણતરીની ક્લિક્સમાં કોઈપણ વ્યક્તિ શેરબજારમાં રોકાણ કરી શકે છે, પરંતુ આ સરળતાએ જોખમ લેવાની વૃત્તિ પણ વધારી દીધી છે. ઘણીવાર ઉંમર, લક્ષ્યો કે સમયની મર્યાદાને ધ્યાનમાં લીધા વગર.

બીજી તરફ, રૂલ ઓફ ૧૦૦ આ સમીકરણમાં સંતુલન લાવે છે. તે રોકાણકારોને યાદ અપાવે છે કે રિસ્ક કેપેસિટી (નુકસાન સહન કરવાની ક્ષમતા) ઉંમર સાથે ઘટે છે, ભલે રિસ્ક એપેટાઇટ (ઉચ્ચ રિટર્નની ઇચ્છા) યથાવત રહે.

* ૩૦ વર્ષની ઉંમરે બજારમાં આવતા કરેકશન અસુવિધાજનક હોય છે, પણ

* ૬૦ વર્ષની ઉંમરે એ જ કરેકશન




તમારી આખી આર્થિક સ્થિતિને ડગમગાવી શકે છે.

સમય સાથે ઇક્વિટીનું પ્રમાણ ધીમે ધીમે ઘટાડવાથી, આ નિયમ ખાસ કરીને ત્યારે જ્યારે આવકની સ્થિરતા ઘટે. બજારની અસ્થિરતાનો ભાવનાત્મક અને નાણાકીય પ્રભાવ ઓછો કરવાનો પ્રયાસ કરે છે.

**આ માર્ગદર્શિકા છે, આદેશ નહીં**

રૂલ ઓફ ૧૦૦ ને કડક સૂત્ર તરીકે નહીં, પરંતુ એક માળખા તરીકે જોવું જરૂરી છે. આ નિયમનું કેટલું પાલન કરવું, તેનો આધાર કેટલાક મુખ્ય પરિબળો પર રહેલો છે:

* નોકરીની સ્થિરતા અને ભવિષ્યની કમાણીની સંભાવના

* હાલના ભંડોળનું કદ

* નિર્ભર વ્યક્તિઓ અને નાણાકીય જવાબદારીઓ

* તમારી તાસીર અને જોખમ લેવાની ક્ષમતા

સ્થિર આવક અને લાંબી કામકાજની અવધિ ધરાવનાર વ્યક્તિ માટે સૂચવેલ કરતાં વધુ ઇક્વિટી એલોકેશન યોગ્ય હોઈ શકે છે. જ્યારે નિવૃત્તિ નજીક હોય તેવા વ્યક્તિ વધુ સંયમી અભિગમ અપનાવવાનું પસંદ કરી શકે છે.

આ નિયમનું મૂલ્ય ચોકસાઈમાં નથી, પરંતુ શિસ્ત અને દિશા આપવામાં છે.

**આધુનિક ફેરફારો અને સાદગી કેમ હજુ પણ જીતે છે**

તાજેતરના વર્ષોમાં રૂલ ઓફ ૧૧૦ અને રૂલ ઓફ ૧૨૦ જેવી વિવિધતાઓ સામે આવી છે. આ નિયમો એ સૂચવે છે કે આજના સમયમાં જીવનકાળ લંબાયો છે, અને તેથી નિવૃત્તિનો સમયગાળો પણ લાંબો થયો છે, જેને ધ્યાનમાં રાખીને રોકાણોને વધુ વર્ષો સુધી વૃદ્ધિ આપવી જરૂરી બને છે.

જોકે આ ફેરફારો અમુક રોકાણકારોને અનુકૂળ આવી શકે છે, પરંતુ મૂળ રૂલ ઓફ ૧૦૦ તેની સાદગીને કારણે આજે પણ લોકપ્રિય છે.

તે યાદ રાખવામાં સરળ છે, અમલમાં મૂકવો સહેલો છે અને દર વર્ષે તેની સમીક્ષા કરવી પણ આસાન છે. સૌથી મહત્ત્વનું એ છે કે, તે રોકાણકારોમાં પોર્ટફોલિયો રીબેલેન્સિંગની આદત કેળવે છે.

-અને છેલ્લે, મૂળભૂત રીતે, રૂલ ઓફ ૧૦૦ માત્ર ગણિત વિશે નથી, તે પરિપક્વતા વિશે છે. તે આપણને સમજાવે છે કે નાણાકીય આયોજન ગતિશીલ હોવું જોઈએ. જે આક્રમકતા ૨૫ વર્ષની ઉંમરે યોગ્ય હોય, તે ૫૫ વર્ષે અયોગ્ય હોઈ શકે છે. આ નિયમ ભલે બજારના વળતરની આગાહી ન કરે, પરંતુ તે તમારા પોર્ટફોલિયોને તમારા જીવનના તબક્કા સાથે સુસંગત કરે છે.

દુનિયા જ્યારે રોકાણને એક રેસ તરીકે જુએ છે, ત્યારે આ નિયમ એક શાંત સત્ય સમજાવે છે: સફળ રોકાણ એટલે હંમેશાં આક્રમક રહેવું તે નથી, પણ સમય પારખીને ક્યારે સંયમ રાખવો તે જાણવું છે.

લાંબા ગાળે, શ્રેષ્ઠ વળતર કરતા જીવનના ઉદ્દેશ્યો સાથેની સુસંગતતા વધુ મહત્ત્વની છે. કારણ કે સાચી સંપત્તિ એ માત્ર તમે કેટલું કમાયા તેના વિશે નથી, પરંતુ બદલાતા સમય સાથે તમે કેટલી - સમજદારીથી તમારી જાતને અનુકૂળ કરી શકો છો તેના વિશે છે. ■

દર સપ્તાહે વાંચો વિશેષ વાંચન સામગ્રી
ધર્મતેજ
તન-મન-ધનથી રહો તરોતાજા
ઈન્ટરવલ
લાડકી
પુરુષ
મેટિની
વીક એન્ડ
ઉત્સવ
દરરોજ કંઈક નવું- દરરોજ કશું અનોખું!

---

feedback@bombaysamachar.com

આરોગ્ય એક્સપ્રેસ

રાજેશ યાજ્ઞિક

# રેટિનાલ વેઇન ઓક્લુઝન (RVO) બીમારી શું છે?

## ખ્યાતનામ ક્રિકેટર ઈમરાન ખાન પણ જેનાથી પીડાઈ રહ્યો છે એવી આંખે ઝાંખપ આવવા પાછળનું કારણ આ સમસ્યા હોઈ શકે...

પાકિસ્તાનના ભૂતપૂર્વ ક્રિકેટર, કેપ્ટન અને વડા પ્રધાન ઈમરાન ખાનની આંખની બીમારી અત્યારે વિશ્વભરમાં ચર્ચાનો વિષય છે.

ઈમરાનને થયેલી આંખની બીમારીનું નામ છે 'રેટિનાલ વેઇન ઓક્લુઝન (RVO).' શું છે આ બીમારી...?

આપણે સહુ જાણીએ જ છીએ કે, ધમનીઓ અને નસો આપણા આખા શરીરમાં લોહીનું વહન કરે છે, જેમાં આપણી આંખોનો પણ સમાવેશ થાય છે. આંખના રેટિનામાં એક મુખ્ય ધમની અને એક મુખ્ય નસ હોય છે. 'આરવીઓ' બે પ્રકારના હોય છે. એક સેન્ટ્રલ આરવીઓ અને બીજું બ્રાન્ચ આરવીઓ.

જ્યારે મુખ્ય રેટિના નસ અવરોધિત થઈ જાય છે ત્યારે તેને સેન્ટ્રલ રેટિના વેઇન ઓક્લુઝન (CRVO) કહેવામાં આવે છે. જ્યારે નાની શાખા નસોમાંની એકમાં અવરોધ આવે ત્યારે તેને બ્રાન્ચ રેટિના વેઇન ઓક્લુઝન (BRVO) કહે છે. આ પ્રકાર વધુ સામાન્ય છે.


સરળ શબ્દોમાં કહીએ તો, રેટિના એ આંખની પાછળની બાજુએ પેશીનો એક સ્તર છે, જે પ્રકાશને ચિત્રોમાં પરિવર્તિત કરીને આપણને જોવામાં મદદ કરે છે. જ્યારે નસ અવરોધિત થાય છે ત્યારે લોહી અને પ્રવાહી રેટિનામાં બહાર નીકળી જાય છે. આનાથી ગૂંચવણો થઈ શકે છે, જેમાં તમારી આંખમાં દબાણ વધવું અને સોજો આવવો સામેલ છે. આ આપણી કેન્દ્રીય દ્રષ્ટિને અસર કરે છે.

આખરે, રક્ત પરિભ્રમણ વિના, આંખના ચેતા કોષો મરી શકે છે અને દ્રષ્ટિ ધીરે ધીરે જતી રહે છે.

ડાયાબિટીસ-સંબંધિત આંખની તકલીફો પછી રેટિનાલ વેઇન ઓક્લુઝન એ આપણા રેટિનાને અસર કરતી બીજી સૌથી સામાન્ય વિકૃતિ છે.

### લક્ષણો શું હોય છે?

રેટિના નસ અવરોધનાં લક્ષણો સામાન્ય રીતે એક આંખને અસર કરે છે. તે બંને આંખને અસર કરે તેવું પણ બને. તેના સામાન્ય લક્ષણોમાં ઝાંખી દ્રષ્ટિ અથવા દ્રષ્ટિ ગુમાવવી... આ અચાનક શરૂ થઈ શકે છે અથવા કલાકો કે દિવસો દરમિયાન ધીમે ધીમે વધી શકે છે.



**ફ્લોટર્સ**

આપણી દ્રષ્ટિમાં કાળા ટપકાં અથવા રેખાઓ દેખાતી હોય. તમારી આંખમાં દુખાવો અથવા દબાણઃ આ સામાન્ય રીતે વધુ ગંભીર કિસ્સાઓમાં થાય છે.

આ સમસ્યામાં ઘણીવાર દર્દીને ગૂંચવણો ઊભી ન થાય ત્યાં સુધી કોઈ લક્ષણો ન પણ હોય. કેટલાક લોકોને ખ્યાલ નથી આવતો કે કોઈ સમસ્યા છે, જ્યાં સુધી નિયમિત આંખની તપાસ દરમિયાન તબીબ સમસ્યાનું નિદાન ન કરે. ઘણા એવું પણ માને છે આંખોની નસ સુકાઈ જવી એ જ આ સમસ્યા છે.

ના, એવું નથી. આંખોની નસો સુકાઈ જવી એ સામાન્ય રીતે ડિહાઇડ્રેશન સાથે સંકળાયેલી સમસ્યા હોય છે, જેના કારણે લોહીનું પ્રમાણ ઓછું થવાને કારણે નસો ઓછી ભરેલી અથવા વધુ મોટી દેખાય છે.

### RVO થવાનું જોખમ કોને છે?

RVO સામાન્ય રીતે ૫૦ વર્ષ અને તેથી વધુ ઉંમરના લોકોમાં થાય છે. ઘણીવાર આપણે તેને ઉંમરની સાથે વધતા આંખના નંબર સમજીને તે પ્રમાણે જ ઉપાયો કરવાનું વિચારીએ છીએ.

જે લોકોને હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, ગ્લુકોમા, ધમનીઓની સખ્તાઈ (જેને ધમનીઓનું સ્ક્લેરોસિસ કહેવાય છે) જેવી સ્વાસ્થ્ય સમસ્યાઓ હોય તેમને તે થવાનું જોખમ વધારે હોય છે:

### RVOનું જોખમ કઈ રીતે ઘટાડી શકાય?

તેને ઘટાડવા માટે ઓછી ચરબીવાળો ખોરાક લો, નિયમિત કસરત કરો (તેમાં આંખની કસરતનો પણ સમાવેશ થાય છે), આદર્શ વજન જાળવી રાખો, ધૂમ્રપાન ન કરો. ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર અને હાઈ કોલેસ્ટ્રોલને નિયંત્રણમાં રાખવું મહત્ત્વપૂર્ણ છે.

આંખ જેવા મહત્ત્વના અવયવ બાબતે આપણે બેધ્યાન રહીને કે વધુ પડતા આત્મવિશ્વાસમાં રહીને નિર્ણયો લેવા નહીં, કેમ કે, દ્રષ્ટિ ભાગ્યે જ સંપૂર્ણરીતે સામાન્ય થાય છે અર્થાત્ નાની મોટી કોઈક તો ખોટ રહી જાય છે. દ્રષ્ટિના અવરોધ ઉલટાવી શકાય તેવો કે અવરોધ ખોલવાનો કોઈ રસ્તો નથી.

આંખ માટે જોખમ ઓછું કરવા અને અસરગ્રસ્ત આંખમાં વધુ નસ અવરોધ અટકાવવા માટે કોઈ પણ જોખમી પરિબળોને ઓળખવા અને તેમની સારવાર કરવી જરૂરી છે. એકની સાથે બીજી આંખની દૃષ્ટિને પણ નુકસાન થઇ શકે છે. ■

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# વસંતઋતુના ફૂલનો ઔષધીય ઉપયોગ













વસંતઋતુ એટલે એક મહોત્સવનો આરંભ. ફૂલોની મોસમ. રોજ સવારે ઉગતું ફૂલ વિશ્વને મદમત્ત મનમોહક મહેકનો મહોત્સવ અર્પણ કરે છે. ફૂલો પોતાની સુગંધ, સુંદરતા માટે જ ઓળખાય છે તેવું નથી તે તેના ઔષધીય ગુણોથી પણ માનવને મહેંકાવે છે. સૌથી સુંદર અને સુગંધિત રચના છે, જે પૃથ્વી પર સૌંદર્ય, રંગ અને જીવનનો સંચાર કરે છે. ઉજવણી અને પૂજામાં વિશેષ સ્થાન ધરાવે છે. ફૂલોમાંથી રંગો બનાવી તેનો ઉપયોગ ચિત્રકળા અને વસ્ત્રોને રંગીન બનાવવા થાય છે. એકથી બે દિવસનું ફૂલોનું જીવન જે ક્ષણ ક્ષણને મહેકાવી જાય છે.

વસંતઋતુમાં ઘણાંય ફૂલોનો ઉપયોગ શાક, સૂપ, ચટણી અને અથાણાં બનાવવામાં તેમ જ જામ બનાવવામાં થાય છે જેથી તેના ઔષધીય ગુણોનો લાભ શરીરના સ્વાસ્થ્યને જાળવવા માટે ઉપયોગી થાય છે. શીમળાના ફૂલ અને બોગન વીલા ફૂલો જે વસંતઋતુમાં મોટા પ્રમાણ ખીલે છે, આના ઔષધીય ગુણોનો લાભ જાણકારી રાખનારા લોકો લે છે.

શીમળાના ફૂલના ઘણાંય નામો છે જેમકે સેમલ, સિમ્બલ, વૈજ્ઞાનિક નામ બોમ્બેક્સ સીબીયા, રેશ્મી કપાસ ફૂલ, શાલ્મલી, મોચા, તુલિની પિચ્છિલા સ્થિરાયુ વગેરે. આ વૃક્ષનું આયુષ્ય બસોથી ત્રણસો વર્ષનું હોય છે. દોઢસો ફૂટ ઊંચું હોય છે. લાલ રંગનાં મોટાં પુષ્પો હોય છે. સ્વાદમાં મધુર અને હલકો તૂરો છે. પચવામાં હળવો છે. આ વૃક્ષમાંથી વિશેષ પ્રકારનો ગુંદર નીકળે છે જેને મોચરસ કહેવાય છે. જેમાં કેટકોલ ટેનિન અને ટેનિક એસિડ તેમજ ગેલિક એસિડ હોય છે. આઠથી નવ ટકા જેટલા ખનિજ પદાર્થ હોય છે. આ મોચરસથી મરડો, ઝાડા તેમજ શરીરની ગરમીનો નાશ થાય છે.

શીમળા ફૂલોના રસથી લોહીવા, શરીરના આંતરિક માર્ગમાં થતો રક્તસ્રાવ અટકાવે છે. શાક બનાવીને ખાવાથી પણ લોહીવા મટે છે. સૂકા ફૂલનું ચૂર્ણ પણ ઉપયોગી છે. શીમળાના ઝાડનો મુલાયમ મૂળને મૂળકંદ કહેવાય છે. જે મૂશળી જેવા ઔષધીય ગુણ ધરાવે છે. દૂધમાં ઉમેરીને લઈ શકાય. ફૂલનો ઉપયોગ બહારના ઘાવ ભરવા તેમજ ચામડીના રોગો માટે ઉપયોગી છે. શાક પાચન માટે ખૂબ જ ઉપયોગી છે. પહાડો પર આનું શાક બનાવી મોટા પ્રમાણમાં ખવાય છે. જે શરીરને સુંદરતા અને અનોખી આભા આપે છે. ગુજરાત-મહારાષ્ટ્રમાં આના ઘણાંય વૃક્ષો થાય છે. ડાયાબિટીસના રોગીને જખમ થાય ત્યારે તેના પર પાનની લુગદી બનાવી જખમને ભરી શકાય છે. ડાયાબિટીસના દર્દીમાં આનું શાક, સૂપ ખૂબ જ ઉપયોગી છે.

બોગન વેલ કે બોગનવિલા કે કાગળનાં ફૂલો. આ એક લોકપ્રિય કાંટાવાળી અને સદાબહાર વેલા કે ઝાડવા જેવી વનસ્પતિ છે જે મોટા બંગલામાં કે રસ્તા પર શોભા વધારવા માટે લગાડવામાં આવે છે. આના પાન કરતાં પુષ્પો વધુ પ્રમાણમાં હોય છે. વિવિધ રંગોમાં જેવા કે લાલ, પીળા, ગુલાબી, જાંબુડીયા, સફેદ અને નારંગીમાં જોવા મળે છે. લગભગ બારેમાસ ખીલે છે. આ ફૂલો શહેરમાં મોટા પ્રમાણમાં જોવા મળે છે. આ ફૂલમાં કોઈ સુગંધ હોતી નથી અને પૂજામાં આને સ્થાન નથી. આના ઔષધીય ગુણો ખૂબજ શક્તિશાળી છે. ગ્લુકોઝને કંટ્રોલમાં રાખવા માટે આ રામબાણ ઈલાજ છે. ઘણીય ડાયાબિટીસના ઔષધના ચૂર્ણમાં નાખી આનો ઉપયોગ કરાય છે. સરળતાથી મળી રહેતાં આ ફૂલોનો ઉપયોગ કરી ડાયાબિટીસની બીમારીને દૂર કરી શકાય છે.

કૃષ્ણકમળ- પેશન ફ્લાવર, રાખી બેલ ઝૂમખા લતા આ ફૂલ એ ઔષધીય ફૂલ છે જે અનિદ્રા, તાણ, ચિંતાને શાંત કરવા માટે અતિઉપયોગી છે. તેમજ દર્દવાળું માસિક ધર્મ, હાય બી.પી., પેટ સંબંધી સમસ્યા માટે સહાયક છે. આ ફૂલનો કાઢો બનાવીને લેવાથી ઘણીય સમસ્યામાં રાહત મેળવી શકાય છે.

ગુલાબનાં ફૂલોથી કોઈ અજાણ નથી. આ ફૂલનો ચૂર્ણ બનાવી મુખવાસમાં વપરાય છે તેમજ ગુલકંદ તો મોટા પ્રમાણમાં વપરાશ થાય છે. આને પાણીમાં નાખી નિયમિત રીતે પાણી પી શકાય છે. સારી નીંદર, હૃદયસંબંધી વ્યાધિઓ માટે ઉપયોગી છે.

અગસ્તાનાં ફૂલો આને ઉલટ કંબલ પણ કહેવાય છે. આંખની બધી જ બીમારી દૂર રાખવા એક શક્તિશાળી ઔષધ છે. સફેદ ફૂલોનો ઉપયોગ મહારાષ્ટ્રમાં ખૂબ મોટા પ્રમાણમાં થાય છે. શાક અને ભજિયાં બનાવીને ખવાય છે.

કૈલેંડુલા કે ગેંદાનાં ફૂલો ચામડીના રોગો માટે અતિ પ્રભાવશાળી છે. જે ત્વચાના ઘાવ, ખીલ, કીડાના સંક્રમણ કે તેણે આપેલા ડંખ પર ખૂબ ઉપયોગી છે. જે બવાસીર જેવી તકલીફને દૂર કરે છે. આનો મલમ પણ મળે છે. ગેંદાના ફૂલનું તેલ પણ ઘાવ માટે ઉપયોગી છે.

પ્રકૃતિ ફૂલોને સુંદરતા બક્ષી છે સાથે ઔષધીય ગુણો પણ આપ્યા છે. સાચી રીતે આનો ઉપયોગ કરવાથી બીમારી આવતી નથી. ફૂલો બજારમાં ઘણાંય મળે છે તેનો ઉપયોગ સજાગપણે કરવાથી લાભ પ્રાપ્ત થાય છે. પ્રકૃતિ દ્વારા જ સાજા રહી શકાય છે. ■

feedback@bombaysamachar.com
વિશેષ
સ્મિતા સોલંકી-પરમાર

# દિમાગને આવી રીતે બનાવો મજબૂત






દિમાગ- બ્રેન આપણાં શરીરનું અગત્યનું અંગ છે. આપણા આખા શરીરનું સંચાલન દિમાગ કરે છે. એવામાં એને મજબૂત બનાવવું ખૂબ જરૂરી છે. એના માટે એને જરૂરી પોષક તત્ત્વો પણ મળવા જોઈએ તો જ આપણું બ્રેન સારી રીતે કામ કરી શકે છે.

આજે આપણે વાત કરીશું કે કઈ રીતે દિમાગને તંદુરસ્ત બનાવી શકાય. એ પહેલા વાત કરી લઈએ ભૂલવાની બીમારી વિશે. જે આજે સર્વસામાન્ય બીમારી બની ગઈ છે. વધતી ઉંમરને કારણે પણ લોકોનું દિમાગ નબળું પડતું જાય છે અને તેઓ અલ્ઝાઇમર એટલે યાદશક્તિ નબળી થઈ જવાનો ભોગ બને છે. મેડિકલની ભાષામાં એને ડિમેંશિયા કહેવામાં આવે છે.

તાજેતરમાં શિકાગોની એક યુનિવર્સિટીએ કરેલા એક રિસર્ચમાં મળી આવ્યું છે કે નવી ભાષા શીખવાથી અને વાંચવાથી ડિમેંશિયા જેવી બીમારીનું જોખમ ૪૦ ટકા ઘટી જાય છે. એના માટે ૮ વર્ષ સુધી ૨૦ હજાર લોકો પર રિસર્ચ કરવામાં આવ્યું હતું, જેમાં આ નિષ્કર્ષ નીકળ્યું છે. રિપોર્ટમાં જાણવા મળ્યું કે જે લોકોને નવી ભાષા શીખવા અને વાંચવાની ટેવ હતી તેમનામાંથી માત્ર ૨૧ ટકા લોકોને અલ્ઝાઈમર ડેવલપ થયું હતું. અને જેમને આ આદત નહોતી એમાંથી ૩૪ ટકા લોકોને આ ઘાતક બીમારીનું નિદાન થયું હતું.

આપણાં દેશમાં ૧૨૨ ભાષા અને લગભગ ૨૭૦ માતૃભાષાઓ બોલવામાં આવે છે. અલગ અલગ પ્રદેશની વાત કરીએ તો ૧૪૫ કરોડ લોકો દોઢ હજારથી પણ વધુ ભાષાઓ બોલે છે. આખા વિશ્વમાં તો ૭ હજારથી પણ વધુ ભાષા બોલવામાં આવે છે. એથી જો નવી ભાષા શીખવામાં રસ હોય તો દિમાગને તેજ બનાવી શકાય છે. મૂળ વાત એ છે કે દિમાગને સક્રિય રાખવાનું છે. એને કાંઈ ને કાંઈ નવું શીખવાડવા માટે સજ્જ રાખવું જોઈએ. એનાથી આપણી યાદશક્તિ મજબૂત બને છે. એથી કોઈપણ પ્રકારની દવા કે સપ્લિમેન્ટ્સ વગર આપણા દિમાગને આપણે સશક્ત બનાવી શકીએ છીએ.

એક રિસર્ચમાં જાણવા મળ્યું છે કે આપણાં દેશમાં લગભગ ૮૦ લાખ લોકો અલ્ઝાઈમરથી પીડાય છે. વધતી ઉંમરને કારણે એનું જોખમ પણ અનેકગણું વધી જાય છે. એથી દિમાગને તરોતાજા અને સ્વસ્થ રાખવું આપણા હાથમાં છે.

શું છે બ્રેન ડિસઓર્ડર?

બ્રેન ડિસઓર્ડરને કારણે દિમાગની કાર્યપ્રણાલી પર અસર થાય છે. એને કારણે યાદશક્તિ, વ્યવહાર અને શારીરિક પ્રવૃત્તિઓ પર માઠી અસર પડે છે. એમાં અલ્ઝાઈમર, ડિમેંશિયા, પાર્કિંસન્સ, સ્ટ્રોક અને ટ્યુમર સામેલ છે. વાત કરતી વખતે કે પછી કોઈ વસ્તુ સમજવામાં તકલીફ પડે છે. એકાગ્રતાનો અભાવ અને સંતુલન ગુમાવી બેસે છે. કેટલીક બીમારીમાં ઉપચારની સાથે સાથે સુધાર શક્ય છે.

### એના મુખ્ય પ્રકારઃ ન્યુરોડિજનરેટિવઃ

**અલ્ઝાઈમરઃ** યાદશક્તિ અને વિચારવાની શક્તિ ધીમે-ધીમે નબળી પડતી જાય છે.

**પાર્કિંસન્સઃ** કંપન, કઠોરતા અને હલન-ચલનમાં તકલીફ ઊભી થાય છે.

**એએલએસ (એમિયોટ્રોફિક લૈટરલ સ્કલેરોસિસ):** આ એક ગંભીર ન્યૂરોમસ્કુલર બીમારી છે. જે મસ્તિષ્ક અને કરોડરજ્જુના મોટર ન્યૂરોન્સને નષ્ટ કરે છે. સાથે જ માંસપેશીઓને સંકુચિત કરીને નબળી કરે છે. એને કારણે વાત કરવી, ચાલવું, જમવું અને શ્વાસ લેવામાં સમસ્યા નિર્માણ થવા લાગે છે. હાથ-પગમાં પણ નબળાઈ આવે છે.

**સ્ટ્રોકઃ** મસ્તિષ્કમાં લોહીનો પુરવઠો અટકી જવો અથવા રક્તવાહિનીને નુકસાન થવાથી મસ્તિષ્કની કોશિકાઓ મરી જાય છે.

બ્રેન ટ્યુમરઃ મસ્તિષ્કમાં અસામાન્ય કોશિકાઓની વૃદ્ધિ થવાથી સામાન્ય કાર્યપ્રણાલીમાં બાધા ઊભી થાય છે.

માઈગ્રેનઃ ગંભીર અને વારંવાર થતો માથાનો દુઃખાવો છે.

દિમાગને જો પૂરતો આહાર અને પોષણ મળી રહે તો એને તંદુરસ્ત બનાવી શકાય છે. એના માટે એલોવેરા જ્યૂસ, ગિલોય જ્યૂસ અને અશ્વગંધા જ્યૂસ ફાયદાકારક છે.

સાથે જ બદામ રોગન દૂધમાં નાખીને પીવાથી પણ મગજને તંદુરસ્ત બનાવી શકાય છે. આ સિવાય બદામ અને અખરોટને ખાવાથી પણ દિમાગને મહદ્અંશે લાભ મળે છે.

### બ્રેનને મજબૂત બનાવવાના અગત્યના ઉપાયઃ

એક્સરસાઈઝ
બેલેન્સ ડાએટ
તણાવથી દૂર રહેવું
મ્યુઝિક
પૂરતી ઊંઘ
પાવર બૂસ્ટરઃ

લીલા શાકભાજી, પાલક, મેથી, બ્રોકલી, ડ્રાય ફ્રૂટ્સ, બદામ, અખરોટ, પિસ્તા. દાળ, ચણા, રાજમા, ઓટ્સ, જવાર અને બાજરીને પોતાના આહારમાં સામેલ કરવાથી દિમાગને તંદુરસ્તી પ્રદાન કરી શકાય છે.

બ્રેનને મજબૂતી પ્રદાન કરવા માટે અળસીના બીનો ઉપયોગ કરવો જોઈએ. સાથે જ આપણાં રોજિંદા વપરાશમાં વાપરવામાં આવતી હળદર પણ મેન્ટલ હેલ્થ માટે જરૂરી છે. યાદશક્તિ વધારવા માટે હળદરનું સેવન લાભકારી છે.

આ સિવાય એવું પણ કહેવાય છે કે 'યોગ મટાડે રોગ.'

દિમાગને પૂરતા પ્રમાણમાં બ્લડ અને ઓક્સિજન મળી રહે તો તે સ્વસ્થ રહે છે. એના માટે આપણાં આયુર્વેદમાં યોગ પર વધુ મહત્ત્વ આપવામાં આવ્યું છે. એનાથી નવી બ્રેન કોશિકાઓ બને છે.

એથી જો આપણું દિમાગ સશક્ત રાખવું હોય તો આહાર પર પૂરતું ધ્યાન આપવું જોઈએ. જેથી કરીને વૃદ્ધાવસ્થા સુધી પહોંચીએ ત્યારે દિમાગને લગતી બીમારીઓથી પોતાને બચાવી શકીએ છીએ. ■

feedback@bombaysamachar.com
ટૂંકું ને ટચ

# દરરોજ તલ ને ગોળના લાડુ ખાઓ .... સમસ્યાથી દૂર રહો

લાડુના ફાયદાઃ શરીરને આંતરિક ગરમી અને ઊર્જાની જરૂર હોય છે, ત્યારે તલના લાડુ પરંપરાગત સ્વાદ અને સ્વાસ્થ્ય લાભોનું અનોખું મિશ્રણ પ્રદાન કરે છે.

શું તમે જાણો છો કે તલના લાડુ ખાવાથી તમારા એકંદર સ્વાસ્થ્યમાં નોંધપાત્ર સુધારો થઈ શકે છે? આપણી દાદીમાના સમયથી, શિયાળાની ઋતુમાં પોષક તત્ત્વોથી ભરપૂર તલના લાડુ ખાવાની ભલામણ કરવામાં આવી છે. અહેવાલો અનુસાર તમારા આહારમાં તલના લાડુનો સમાવેશ કરવાથી શરીરને ગરમ કરવામાં મદદ મળે છે, કારણ કે તે તાપમ અસર ધરાવે છે. જો કે જો તમને ખૂબ ઠંડી લાગે છે, તો તમારે દરરોજ એક તલના લાડુ ખાવાનું શરૂ કરવું જોઈએ.

### તલના લાડુ ખાવાના ફાયદા

**પોષક તત્ત્વોથી ભરપૂર તલના લાડુઃ** રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે તલના લાડુ પણ ખાઈ શકાય છે. જેઓ પહેલાથી જ નબળા હોય છે અને શિયાળાની ઋતુમાં નબળી રોગપ્રતિકારક શક્તિને કારણે વારંવાર બીમાર પડે છે, તેમણે તેમની રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે પોષક તત્ત્વોથી ભરપૂર તલના લાડુ ખાવા જોઈએ. **હાડકાને પણ મજબૂત બનાવે છેઃ** સ્વાસ્થ્ય નિષ્ણાત કહે છે કે તલના લાડુ પણ સ્વાસ્થ્ય માટે ખૂબ જ સારા માનવામાં આવે છે. જો તમે હાડકાને મજબૂત બનાવવા અને સાંધાના દુખાવાથી બચવા માગતા હો, તો આજથી જ તલના લાડુ ખાવાનું શરૂ કરો.

**કબજિયાત અને પેટની સમસ્યાઓથી બચોઃ** માત્ર એટલું જ નહીં તલના લાડુ એટલા શક્તિશાળી છે કે તે આંતરડાના સ્વાસ્થ્યને પણ સુધારી શકે છે. કબજિયાત જેવી પેટની સમસ્યાઓથી બચવા માટે તલના બીજ યોગ્ય માત્રામાં અને યોગ્ય રીતે ખાવા મહત્વપૂર્ણ છે. ■

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

# એ વિચારે ગજગજ ફૂલે મારી છાતી હું ને મારી ભાષા બંને ગુજરાતી...




જો ભાઈ, ઈશ્વર પાર્ટટાઈમમાં બીજું કામ કરે છે કે નઈ એ ખબર નથી પણ એનો મૂળ ધંધો પૃથ્વી વાયુ- જળ- તેજ અને આકાશ જેવા પાંચ તત્ત્વનું મિશ્રણ કરી પીંડ બનાવી રંગરોગાન કરી એમાં જીવ મૂકી આયુષ્યની ચાવી આપી નીચે મોકલી દેવાનો.

૩.૧૨.૫૪ના દિવસે પૃથ્વીના રંગમંચનો પડદો ખુલ્યો. શરૂ થયું જનમ-બચપણ-જુવાની-બુઢાપો ને મોતની વાત સમજાવતું પંચેન્દ્રિયનું પંચઅંકી અદ્ભુત નાટક 'ગળથૂથીથી ગંગાજળ' લેખકઃ વિધાતા, કલાકારઃ માણસ, પ્રકાશઃ સૂરજ અને ચંદ્ર, સંગીતઃ પંખીનો કલરવ, ને માણસના નસકોરા નેપથ્યેઃ પરિવાર-મિત્રો ને દિગ્દર્શકઃ ઈશ્વરદાસ સ્વર્ગવાળા.... તો રજૂ કરીએ છીએ ન સમજાય છતાં સમજવુ જ પડે એવી આંટાઘુટીવાળું જિંદગીની ખટમધુરી વાનગી જેવું નાટક 'ગળથૂથીથી ગંગાજળ' અંક પહેલો...

એ હતો મારો જાતે શ્વાસ લેવાનો પહેલો અનુભવ. જન્મતાની સાથે પરિવારમાં હાથી- ઘોડા- પાલખી... જય કનૈયાલાલ કી જેવો આનંદ છવાયો. હું કોઈનો પુત્ર, કોઈનો ભાઈ, હું જલદી ઓળખાઉ એટલે નામનો વાઘો તો પહેરવો જ પડે. ગુજરાતી હિન્દુમાં જન્મ્યો એટલે પરિવારે નામ પાડ્યું સુભાષ,. મુસ્લિમ પરિવારમાં જન્મ્યો હોત તો સુલેમાન ને ખ્રિસ્તી પરિવારમાં જન્મ્યો હોત તો પીટર પણ હું જ હોત. ભાષા જુદી હોઈ શકે પણ અંદરનું સત્ય એ જ હોત જે હું છું. ધીરે ધીરે શરીર મોટું થતું ગયું ને થોડું મન પણ સમજણું થયું ને નાટકનો શરૂ થયો અંક બીજો. મને નિશાળમાં મુક્યો ને વિશ્વમાતૃભાષા દિવસે પ્યોર ગુજરાતી ભાષાના શીક્ષકે પૂછ્યું 'હે શિષ્યો, આજે માતૃભાષા વિશ્વદિન છે ને આજે જ બહાર મારા દ્વિચક્રી વાહનના પ્રથમ અને અગ્ર વાયુચક્રમાંથી હવા મુક્ત કરવાનું દુષ્કૃત્ય કોના શુભહસ્તે કરવામાં આવ્યું? આજે ક્રોધિત મુદ્રામાં મારા મુખમાંથી અપશબ્દ નીકળે એ પૂર્વે જણાવો.'

હું બાઘો બની આજુબાજુ જોવા લાગ્યો અચાનક સરને શું થઇ ગયું? બાજુમાં બેઠેલા સુલેમાનને પૂછ્યું 'અલ્યા સુલિયા, આ સાહેબ શું બોલ્યા?'

'અરે, પૂછે છે કે મારી સાઇકલમાંથી હવા કોણ કાઢી ગયુ?' પછી

તો સુલેમાને શિક્ષકને પૂછ્યું 'સાહેબ 'અપશબ્દ' એટલે શું? એની પરિભાષા સમજાવાની કૃપા કરો.'

'હે અજ્ઞાની જીવ, અપશબ્દનું બીજુ નામ છે ગાળ. અને ગાળ એટલે અત્યંત ક્રોધ આવવા છતાં શારીરિક રૂપથી હિંસા કર્યા વગર મન પર સંપૂર્ણ કાબૂ રાખી માત્ર મૌખિક રૂપથી કરાયેલી હિંસાત્મક કાર્યવાહી માટે શાસ્ત્રમાં પસંદ કરાયેલા શબ્દોનો સમૂહ, જેના ઉચ્ચારણ માત્રથી પોતાના મનને શાંતિ મળે છે, ને સામેનો પક્ષ ઉગ્ર બને છે એને ગાળ કહેવામાં આવે છે. સમજાયું કે ફરી એક વાર.?'

'સમજાઈ ગયું' હું ગુરુજીના ચરણ શોધવા લાગ્યો 'હે ગુરુદેવ આપ એકમાત્ર સાચા અર્થમાં માતૃભાષા ઉજવી રહ્યા છો...'

ત્યાં તો શિક્ષકે ચંપાને માતૃભાષાના જ્ઞાન વિષે પૂછ્યું ને ચંપા ચાલુ થઇ ગઈ 'વેલ યુ સી આપણને પેલ્લેથી જ આપણી માટરુભાષા ગુજાતી માટે ટુ મચ રીસ્પેક્ટ એન્ડ યુ નો, અમાંય આજે તો મધરટંગ ડે! યસ...આજે તો મોર્નિંગથી જ ડિસાઇડ કરેલું કે આઈ હેવ ટુ ડુ સમથીંગ ફોર મધરટંગ એન્ડ યુ નો માય નેચર વેરી વેલ...વન્સ મેં નક્કી કર્યું કે ડુ ઓર ડાઈ એન્ડ એવરી ગુજાતી નીડ ધીસ ટાઇપ સ્પીરીટ...બીકોઝ, એઝ યુ નો આપણી મધરટંગ અબાઉટ ટુ ડાઈ! ને આમેય અમારા ફેમિલીમાં બધાને સ્ટાર્ટિંગથી જ મધરટંગ માટે બહુ જ રીસ્પેકટ. મી, માય ફાધર, મધર, માય હસબંડ, માય સન...ઓલ્સો માય ફૂવા મામા... બધા જ લવ ગુજરાતી. ને હોવું પણ જોઈએ ને? ઇફ આપણે જ જો આપણી મધરટંગનું રીસ્પેક્ટ નહિ કરીએ ધેન અધર પીપલ પાસેથી હાઉ કેન વી એક્સપેક્ટ? આઈ હેટ ઈંગ્લીશ. એમ આઈ રાઈટ?' ને ચંપા બેસી ગઈ.

ચંપાના બયાનથી આખા ક્લાસમાં સોપો પડી ગયો. શિક્ષકનો ચહેરો બારણામાં આંગળી આવી ગઈ હોય એવો થઇ ગયો.

'ચંપા, તારું મગજ બહુ જ ખર્ચો માગે છે. વિદ્યાર્થી મિત્રો, જ્યાં વિદ્યાની જ અર્થી નીકળી રહી હોય ત્યાં કોને સમજાવું? જુઓ, અંગ્રેજીથી આપણો અહમ પોષાય પણ ગુજરાતી આપણી લાગણીઓને પોષે છે અને પાંખે છે દરેકને પોતાની માતા અને માતૃભાષા માટે ગૌરવ હોય છે પણ હૃદયની ને દિલની ભાષા જેવી કોઈ મીઠી ભાષા નથી જે ન બોલે તો પણ સમજાય.'

બીજા દિવસે મેં મારી બાને પૂછ્યું 'મા, નિશાળમાં મારી બાજુમાં સુલેમાન બેસે છે પણ અમે કોઈ દિવસ લડ્યા નથી ને તમે બધા...'

'બેટા, તમે હજી સમજણના પગથિયાં ચડ્યા નથી અણસમજુ છો. જે દિવસે સમજણ આવશે તો તમે પણ લડતા

થઇ જશો'

'ના મા, ના, ભગવાને મન આપી ભૂલ કરી પણ હવે ખોટી સમજ આપી ભૂલ ન કરે. મારા દાદા બાળપણમાં જ મને રમાડતા રમાડતા તેડીને એક ગીત ગાતા 'ન હિંદુ બનેગા ન મુસલમાન બનેગા, ઇન્સાનકી ઔલાદ હૈ ઇન્સાન બનેગા'. મા, તું જ બોલ દાદાની ઈજ્જત નઈ રાખવાની? ઈશ્વરે તો આપણા અંગોમાં હિંદુ-મુસ્લિમ જેવા ભેદભાવ મુક્યા નથી. મા, કાલે મહંમદ વાશિંગ કંપનીમાં આગ લાગેલી ત્યારે બધા હિંદુઓ રાજી થયા પણ મારા મનની ઉદાસી જોઈ પૂછ્યું 'એય ઠાકરિયા, આ વોશિંગ કંપની મુસલમાનની છે હિન્દુની નથી, ઉદાસ ન થવાય, ઉત્સવ ઉજવ.'

'વોશિંગ કંપની મુસલમાનની હશે પણ અંદર જે કપડાં હતા એ હિન્દુઓના હતા.' પછી મેં કીધું ; 'બોસ, ન હિંદુ નીકળશે ન મુસલમાન નીકળશે ... ખાડો ખોદીશું તો બધા ઇન્સાન નીકળશે.'

'વાહ મારા દીકરા વાહ' મા બોલી : 'અમારી આંખ કાયમ માટે બંધ થાય એ પહેલા તે ઉઘાડી દીધી.'

અહીં જિંદગીનો બીજો અંક પૂરો પણ સમજ આવ્યા પછી હું મનમાં તો બોલ્યો ; 'એ વિચારે ગજગજ ફૂલે મારી છાતી હું ને મારી ભાષા બંને ગુજરાતી' આ લેખ આંખોથી નઈ પણ હૃદયથી વાંચ્યો હશે તો મારી વિચારોની મહેનત વસૂલ.

શું કહો છો? ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# કેરીનો સ્વાદ ધરાવતી આંબાહળદર મનભરીને ખાઈ લેજો

ઉનાળો શરૂ થાય તેની સાથે કાચી કેરીને વિવિધ રીતે ખાવાની શરૂઆત થઈ જતી હોય છે. શિયાળામાં તથા કેરીની મોસમ બરાબર શરૂ થાય તેની પહેલાં કેરીનો સ્વાદ માણવો હોય તો મનભરીને ખટ-મધુરી આંબા હળદર ખાઈ લેવી જોઈએ. આંબા હળદર ગુણોનો ભંડાર ગણાય છે. આંબા હળદરને પીળી તાજી હળદરની સાથે ભેળવ્યા બાદ તેમાં સંચળ-લીંબુનો રસ છાંટીને ખાવાથી ત્વરિત તાજગી મળી જાય છે. દૂધમાં છીણીને ઉકાળ્યા બાદ પી શકાય છે. તેનું શાક બનાવીને ખાઈ શકાય છે.

આંબા હળદરનો પાઉડર બજારમાં સરળતાથી મળી જાય છે. તેનો ઉપયોગ કરી શકાય છે. આંબા હળદરને ઘરે સૂકવીને પણ તેનો શુદ્ધ પાઉડર બનાવી શકાય છે. આંબા હળદરનો કાઢો બનાવીને પીવાથી શરીરમાં ત્વરિત તાજગી મળે છે. ગર્ભાવસ્થામાં આંબા હળદરનો ઉપયોગ નિષ્ણાતની સલાહ અનુસાર કરવો આવશ્યક છે.

આહાર તજજ્ઞોના મત અનુસાર આંબા હળદરમાં ઍન્ટિ-ફંગલ, ઍન્ટિ-બેક્ટેરિયલ તથા ઍન્ટિ-ઑક્સિડેટીવ તત્ત્વ ભરપૂર માત્રામાં સમાયેલાં હોય છે. આંબા હળદરનો સ્વાદ અન્ય હળદરની તુલનામાં સ્વાદિષ્ટ હોય છે.

આયુર્વેદમાં આંબા હળદરને ગુણોનો ખજાનો કહેવામાં આવે છે. આંબા હળદર કંદમૂળની જેમ જમીનમાં અંદર ઉગે છે. અગણિત લાભ ધરાવે છે. અસ્થમા, ત્વચા, સાંધા, કફ તેમજ ઘાની ઝડપી રૂઝ માટે અત્યંત લાભકારી ગણાય છે.

અંગ્રેજીમાં મેંગો જીંજર, સંસ્કૃતમાં કર્પુરા હરિદ્રા, સુગંધા, હિંન્દીમાં આંબા હળદર કર્પરા હળદર, બંગાળીમાં આમાડા, તમિળમાં કસ્તુરી મંગલ, ગુજરાતીમાં સફેદ હળદર, મરાઠીમાં આંબા હળદ કહેવામાં આવે છે.

આંબા હળદરને કાચી હળદર કે સફેદ હળદરના નામથી ઓળખવામાં આવે છે. તેનું સેવન કરવાથી વ્યક્તિ માનસિક તાણ, હતાશા જેવી સમસ્યામાં રાહત મેળવી શકે છે. હળદરમાં કરક્યુમિન નામક પૌષ્ટિક સત્ત્વ સમાયેલું હોય છે. જે લોહીમાં વધતાં કૉલેસ્ટ્રોલને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે.

કૅન્સર જેવી ગંભીર બીમારીમાં આંબા હળદર અત્યંત ગુણકારી ગણાય છે. કૅન્સરની કોશિકાને વધતી રોકે છે. પુરુષોમાં ખાસ જોવા મળતાં પ્રોસ્ટેટે કૅન્સર તથા મહિલાઓમાં ઝડપથી વધી રહેલાં બ્રેસ્ટ કૅન્સરથી બચાવે છે. આંબા હળદર અસલી છે કે નહીં તે જોવું હોય તો આંબા હળદરને ૧ ગ્લાસ પાણી કે ૧ ગ્લાસ દૂધમાં ઉકાળીને તેમાં ફીણ થાય તો તે અસલી હળદર છે. તેના સેવનથી શરીરનો સોજો કે વાગ્યા બાદ રૂઝ ના આવતી હોય તે આવવા લાગે છે. આંબા હળદરનો ઉપયોગ નિયમિત કરવો આવશ્યક છે.

બૉલિવૂડ સિતારા તેમની ત્વચાની સંભાળ માટે નિયમિત આંબા હળદર ખાવાનું પસંદ કરે છે.



## આંબાહળદરના સ્વાસ્થ્યવર્ધક લાભ

**આંબા હળદર શરીર ઉપરનો સોજો ઘટાડવામાં મદદરૂપ :** આપણી પીળી હળદરની જેમ આંબા હળદરમાં પણ સોજા વિરોધી ગુણો સમાયેલાં છે. જેથી તેનું સેવન કરવાથી શરીર ઉપર આવેલાં સોજાને ઘટાડવામાં મદદ મળે છે. આંબા હળદરમાં રહેલાં ઍન્ટિ-ઈન્ફ્લેમેટરી ગુણોને કારણે જૂની બીમારીને દૂર કરવામાં મદદ કરે છે.

**પાચનતંત્રને મજબૂત બનાવે છે :** આંબા હળદરનું સેવન પાચન તંત્રને માટે ઉત્તમ ગણાય છે. શરીરમાં પાચન ઍન્ઝાઈમને ઉત્તેજિત કરવામાં મદદ કરે છે. આંબા હળદરનું સેવન કરવાથી ગેસ, અપચો, આંતરડા સંબંધિત રોગથી રાહત મેળવી શકાય છે. તાજી આંબા હળદરને બરાબર વહેતાં પાણીથી સ્વસ્છ કરીને તેના નાના ટુકડાં કાપી લેવાં. તેમાં સિંધવ મીઠું તથા લીંબુના રસને ઉમેરીને તેનો ઉપયોગ સવાર-સાંજ કરવો.

**રોગપ્રતિકારક શક્તિ વધારવામાં ગુણકારી :** ઠંડીને કારણે રોગપ્રતિકારક શક્તિ નબળી પડી જતી હોય છે. જેને કારણે શરદી-ઉધરસ-કફ કે તાવ જેવી બીમારી ઘર કરી જાય છે. આંબા હળદરનું સેવન મોસમી બીમારીથી બચાવવામાં અત્યંત ઉપયોગી છે.

**ખાંસી -અસ્થમાની તકલીફમાં ગુણકારી:** આંબા હળદરમાં ઍન્ટિ -એલર્જીના ગુણો સમાયેલાં હોય છે. જેવા કે ઍન્ટિ-બેક્ટેરિયલ, ઍન્ટિ-વાયરલ, ઍન્ટિ-ઈન્ફ્લેમેટરી. જેને કારણે ઠંડીમાં ઝડપથી ઊથલો મારતો અસ્થમાના રોગમાં આંબા હળદરનો ઉપયોગ અત્યંત ઉપયોગી ગણાય છે. મોસમમાં બદલાવને કારણે ખાંસી, ગળામાં ખારાશ, પિત્ત કે કફ જેવી તકલીફમાં રાહતદાયક ગણાય છે. ખાંસી-અસ્થમાની તકલીફથી રાહત મેળવવા માટે આંબા હળદરનાં નાના નાના ટુકડા કરીને મધ સાથે લેવાનું લાભકારક ગણાય છે.

**ત્વચાની સમસ્યાથી રાહત :** આંબા હળદરનું સેવન ત્વચાની વિવિધ સમસ્યા જેવી કે ખીલ, કાળા ડાઘ, વારંવાર ખંજવાળ, સોરાયસિસથી રાહત અપાવે છે. તેનું મુખ્ય કારણ આંબા હળદરમાં ઍન્ટિ-ઓક્સિડન્ટ તથા ઍન્ટિ-બેક્ટેરિયલ ગુણો સમાયેલાં છે. ઍન્ટિ-ઓક્સિડન્ટ યુક્ત આહાર શરીરમાં બનતાં ખરાબ ઑક્સિજન (ફ્રી રેડિકલ્સ)ને શરીરમાંથી દૂર કરવામાં ઉપયોગી ગણાય છે. જે ત્વચાને તાજગી આપવાની સાથે લોહીમાં કૉલેસ્ટ્રોલને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. ઍન્ટિ-ઓક્સિડન્ટથી ભરપૂર ખોરાકનો ઉપયોગ કરવાથી કૅન્સર જેવી બીમારીથી બચી શકાય છે.

**સાંધાના દુખાવામાં આરામદાયક :** આંબા હળદર સાંધાના દુખાવામાં અત્યંત પ્રભાવી ઉપયોગ ગણાય છે. કેમ કે આંબા હળદરમાં પ્રાકૃતિક રીતે જ ઍન્ટિ-ઈન્ફ્લેમેટરી ગુણ સમાયેલાં છે. જે સાંધાના દુખાવામાં તથા સોજાની સમસ્યામાં રાહત આપે છે. આંબા હળદરમાં આપણે ઉપર જોયું તેમ તેમાં કરક્યુમિન નામક સત્ત્વ સમાયેલું હોય છે. જે શરીરના હાનિકારક ઍન્ઝાઈમને રોકવામાં મદદ કરે છે. સાંધાના દુખાવમાં તેમજ સાંધાનો દુખાવો તથા અંગો ઉપર થતાં સોજાને ઘટાડવામાં મદદ કરે છે.

## આંબા હળદર-આમળાનો રસ (૪ વ્યક્તિ માટે)



**સામગ્રી :** ૨ મોટી આંબા હળદર, ૨ નંગ મોટાં આમળાં, ૧૦-૧૨ નંગ ફુદીનાના પાન, સ્વાદાનુસાર સંચળ, ૧ નાની ચમચી મરી પાઉડર. ૫૦૦ ગ્રામ પાણી.

**બનાવવાની રીત :** આંબા હળદરને બરાબર સાફ કરી લેવી. આમળાંને તથા આંબા હળદરને ઝીણાં સમારી લેવાં. મિક્સરમાં આંબા હળદર-આમળાંને એકરસ કરી લેવાં. સંચળ- ફુદીનો તથા પાણી ભેળવીને ફરી પાછું એકરસ કરી લેવું. ગ્લાસમાં કાઢીને ઉપરથી મરી પાઉડર ભેળવીને સ્વાદિષ્ટ રસને તાજો પીવો.




# અમુક ઈજામાં કઈ રીતે થઈ શકે પ્રાથમિક સારવાર...

**આજના ભાગાભાગીના જમાનામાં અકસ્માત થવા સામાન્ય ગણાય. તબીબી સારવાર પહોંચે એ પહેલાં અમુક પ્રાથમિક ઉપચાર જાણી લેવા સારા... ગયા અઠવાડિયે આવી કેટલીક ઈજાની સારવાર વિશે આપણે જાણ્યું. આ વિશે વધુ જાણીએ, જેમકે ...**

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ મહેતા

## દાઝવું

| દાઝ્યાના ચાર સ્ટેજ | |
|---|---|
| સ્ટેજ | ચામડી પર થતી અસર પર |
| પહેલું | બહારની ચામડીને જ ઇજા પહોંચે છે |
| બીજું | અંદરની ચામડી સુધી ઇજા પહોંચે છે |
| ત્રીજું | ચામડી અને ચરબી પર ઇજા પહોંચે છે, કોઇકવાર સ્નાયુને પણ ઇજા પહોંચી શકે છે. |
| ચોથું | ચામડી, ચરબી, સ્નાયુ અને હાડકાં સુધી ઇજા પહોંચે છે. |




## દાઝીએ ત્યારે શું કરવું - શું ન કરવું ?

### શું કરવું ?

* ખોટી શરમ કે ગભરાહટ રાખ્યા વિના જો કોઇ નજીકમાં ન હોય તો મદદ માટે જોરશોરથી બૂમો પાડવી.
* તરત જ ઠંડા પાણીનો નળ ખોલી તેની નીચે દાઝેલો ભાગ રાખવો.

જો નળ ન હોય તો દાઝેલા ભાગ પર પાણીની ધાર કરવી અથવા પાણીમાં ૧૦-૧૫ મિનિટ ડૂબાડી રાખવો.

* અગ્નિ જો માત્ર કપડાં ઉપર જ લાગ્યો હોય તો તરત જ તે કપડાને કાઢી નાખવા.
* વીંટી, ઘરેણાં, ઘડિયાળ વગેરે બહાર પહેરેલી વસ્તુઓ તરત જ કાઢી નાખવી. નહીંતર સોજો વધી જશે.
* જો શરીરના વધારે ભાગ ઉપર આગ લાગેલી હોય તો નજીકમાં ધૂળ કે કાદવ હોય ત્યાં તરત જ આળોટવા લાગવું.

### શું ન કરવું ?

* જે લોકો આપણને બચાવવા માગતા હોય તેમને આપણાથી દૂર ન કરવા.
* દાઝેલા ભાગ-ઉપર બને ત્યાં સુધી બરફ ન ઘસવો કે તેના પર ખૂબ જ ઠંડું પાણી પણ ન નાખવું. કેમ કે, તેનાથી રૂઝ આવતા વાર લાગે છે અને ચામડીને વધારે નુકસાન થાય છે.
* દાઝેલું કપડું જો ચામડી સાથે ચોંટી ગયું હોય તો તેને કાઢવાનો પ્રયત્ન ન કરવો. ચિકિત્સક પાસે સારવાર લેવી.
* ફોડલાઓ ફોડવા નહીં. નહીતર ચેપ લાગી શકે છે અને જો ફોડલાઓ ફૂટી ગયા હોય તો તેને ખુલ્લા ન રાખવા.
* અન્ય કપડાઓ દ્વારા આગ ઓલવવાનો પ્રયત્ન ન કરવો.

## દાઝી ગયા પછી શું કરવું - શું ન કરવું ?

### શું કરવું ?

* દાઝેલા ભાગ ઉપર કુંવારપાઠાનું લાબરું લગાવવું. તેનાથી દુઃખાવો ઓછો થાય છે અને ચામડીને જલદી રૂઝ લાવવામાં ખૂબ જ ઉપયોગી થાય છે.
* દાઝેલા ભાગને હૃદયથી ઊંચો રાખવો. જેથી શરીરમાં બ્લડપ્રેશર જળવાઇ રહે છે.
* પાણી અને પ્રવાહી પદાર્થો ખૂબ જ લેવા. તેમાં પણ નારિયેળનું પાણી વધારે પીવું.

### શું ન કરવું ?

* દાઝેલા ભાગ ઉપર ઘી કે અન્ય કોઇ લોશનો ન લગાવવા. તેનાથી કોઇ ફાયદો થતો નથી.
* દાઝેલા હાથ કે પગને હૃદયથી નીચે ન રાખવા.
* ખાંડ, તળેલા અને મીઠાવાળા પદાર્થો રૂઝ લાવવામાં ખૂબ જ વાર લગાડે છે. માટે જ્યાં સુધી રૂઝ ન આવે ત્યાં સુધી આવા પદાર્થો ન લેવા.

### દાઝ્યા હોય તેના ઉપચાર

સૂકા કોપરાને પાણીમાં ઘસીને તેનો લેપ દાઝેલા ભાગ ઉપર ચોપડવાથી દાહ અને



બળતરા મટે છે.

ત્રિફળાચૂર્ણ (હરડે + બહેડા + આંબળા) ને થોડા પાણીમાં લસોટીને તેનો ઘસારો-લેપ દાઝેલી ચામડી ઉપર સવાર-સાંજ ચોપડવાથી દાઝવાથી થયેલ સફેદ ચામડી અસલ જેવી થઇ શકે છે.

કુંવારપાઠાનો ઘાટો રસ દાઝ્યા ઉપર વારંવાર લગાડવો.

ખૂબ પાકાં કેળાને બરાબર મસળી ત્યારબાદ દાઝેલા ઘા પર લગાવીને પાટો બાંધી દેવો.

તુલસીરસ અને કોપરેલ ઉકાળીને દાઝેલા પર ચોપડવાથી તેની બળતરા મટે છે, ફોલ્લા અને જખમ ઝડપથી રૂઝાઇ જાય છે.

દાઝેલા ઘા પર તરત જ કોપરેલ અથવા બટેકા કાપી ઘસવાથી ફોલ્લા થતા નથી અને ચામડીમાં ડાઘ પડતા નથી. દિવસમાં ત્રણ-ચાર વાર આમ કરવું.

દાઝેલા ઘા પર મધ લગાવવાથી રૂઝ જલદી આવે છે અને ઘાના ડાઘા ઓછા થાય છે.

દાઝેલા ઘા પર માપસર કકડાવેલું તેલ ઠારીને ચોપડાવવાથી ખૂબ ફાયદો થાય છે.

. દાઝેલા ઘા ઉપર તાંદળજાનો રસ ચોપડવો.

. ચણાના લોટનું પાતળું પ્રવાહી દાઝ્યા ઉપર સારું કામ કરે છે.

## ચક્કર કે મૂર્છા આવવાનાં લક્ષણ

મગજને પૂરતું લોહી ન મળતા વ્યક્તિ થોડો સમય બેભાન થઇ જાય છે.

ધબકારા ઓછા થઇ જવા અને આંખે અંધારા આવવા.

* ચામડી ઠંડી થઇ જવી અને શરીરમાં વધારે પરસેવો વળવો.
* માથું ફરવા લાગે અને શરીરનું સંતુલન ન રહે.
* પેટમાં દુઃખવું.

## ચક્કર કે મૂર્છા આવવાનાં કારણ

* બ્લડ પ્રેશર કે બ્લડસુગરમાં ફેરફાર થવાથી
* ખૂબ જ ભૂખ અને તરસ લાગવાથી
* શરીરમાં વધુ પડતો દુઃખાવો થવાથી
* વધુ પડતી ઠંડી-ગરમીમાં રહેવાથી
* ખૂબ જ માનસિક બોજમાં જીવવાથી

## કોઇને ચક્કર કે મૂર્છા આવે તો આપણે શું કરવું ?

* તેમને જમીન પર ખુલ્લા વાતાવરણમાં વ્યવસ્થિત સુવડાવી દેવા.
* જો તેણે કોઇ ફીટ કપડાં પહેર્યાં હોય તો તરત જ ઢીલાં કરી નાખવાં.
* બંને પગ ઊંચા કરવા, જેથી મગજને લોહી મળે.
* મૂર્છા ઊતરી ગઇ હોય, તો પણ તેને ૧૫-૨૦ મિનિટ સુધી સુવડાવી રાખવા. ત્યાર પછી ધીરે-ધીરે ઊભા કરવા.
* ખાંડવાળું પાણી કે ફ્રૂટજ્યૂસ પિવડાવવું.

## પોતાને ચક્કર કે મૂર્છા આવે ત્યારે શું કરવું ?

* તરત જ જે કાંઇ ક્રિયા કરતા હોય તે બંધ કરીને નજીકની ખુલ્લી જગ્યામાં બંને પગ માથાથી ઊંચા રહે તે રીતે સૂઇ જવું.
* અથવા બંને પગ વચ્ચે માથું રહે તેમ બેસી જવું, જેથી મગજને લોહી મળે.
* ઊંડા શ્વાસ લેવા. જેથી મગજને પ્રાણવાયુ મળે.
* મૂર્છા ઊતરી ગયા પછી ૧૫-૨૦ મિનિટ સુધી સૂઇ રહેવું. ત્યાર પછી ધીરે-ધીરે ઊભા થવું.

## ચક્કર કે મૂર્છાના ઉપચાર

શરીરમાં પાણીનું પ્રમાણ જરૂર કરતાં ઓછું ન થઇ જાય તે માટે વરિયાળી અને સાકરનું પાણી પીવું.

હાથની આંગળી વડે કાનને ખેંચવા. જેથી કાનનું પ્રેશર સંતુલિત રહે છે અને મગજને લોહી મળે છે.

નાકમાં હૂંફાળાં ઘીનાં ચાર-પાંચ ટીપાં નાખવાં. જેથી મગજને શુદ્ધ પ્રાણવાયુ મળે.

બેભાનીમાં નાકમાં મરીનું ચપટી ચૂર્ણ ભૂંગળી વડે ફૂંકતા તરત જ દર્દી ભાનમાં આવે છે.

## વારંવાર આવતા ચક્કર કે મૂર્છાના ઉપચાર

આમળાનું ચૂર્ણ અને સાકર બંને ૧-૧ ચમચી ઘી સાથે રોજ લેવું.

૧ ચમચી બદામનો ભૂકો, ૧ ચમચી ઘી અને સાકર દૂધ સાથે લેવું.

૧ ગ્રામ મરીનું ચૂર્ણ, અડધી ચમચી ઘી અને અડધી ચમચી સાકર ભેગું કરીને લેવું.

તુલસીના ૧૦ પાન સાથે ૨ મરી સવાર-સાંજ ચાવવા. ■

feedback@bombaysamachar.com
ફોક્સ પ્લસ
ખુશ્બુ મુલાણી ઠક્કર

# તહેવાર બાદ કેવી રીતે ફરી શૅપમાં આવવું?



તહેવારોમાં આપણે પેટ ભરીને અને મકમુકીને મીઠાઈઓ ખાતા હોઈએ છીએ. એના કારણે પાછળથી ગિલ્ટ ફીલ પણ થાય છે. જોકે બીજી તરફ આપણે મનમાં એમ પણ વિચારીએ છીએ કે તહેવાર છે તો 'મીઠા તો બનતા હૈ.'

હોળીના તહેવારને હવે થોડા જ દિવસો છે. રંગોનો આ પર્વ અનેકગણી ખુશીઓ લઈને આવે છે. આ તહેવાર સાથે સ્વાદિષ્ટ મીઠાઈઓ અને ખાસ વાનગીઓ પણ જોડાયેલી છે. હોળીના દિવસે પરિવાર અને મિત્રો સાથે મીઠાઈ વહેંચવાની પરંપરા છે, જે સંબંધોમાં મીઠાશ ભરે છે. પરંતુ વધારે મીઠાઈ અને તળેલી વસ્તુઓ ખાવાથી સ્વાસ્થ્ય પર માઠી અસર પડી શકે છે, તેથી સંતુલન રાખવું ખૂબ જરૂરી છે. હોળીના તહેવારમાં સૌથી વધુ લોકપ્રિય મીઠાઈ ગુજિયા છે. મેંદાના પાતળા કવરમાં માવો, નાળિયેર અને ડ્રાયફ્રૂટ ભરેલા ગુજિયા ખાસ હોળી માટે બનાવવામાં આવે છે. માલપુઆ પણ હોળીનું વિશેષ મીઠું વ્યંજન છે, જેને ઘીમાં તળીને અને ખાંડની ચાસણીમાં ડૂબાડીને પીરસાય છે. ઠંડાઈ હોળીનું પરંપરાગત પીણું છે, જેમાં દૂધ, બદામ, પિસ્તા, ખસખસ અને વરિયાળી મિક્સ કરીને પીવામાં આવે છે. ઉત્તર ભારતમાં દહીં વડા, કચોરી અને મઠરી જેવી નમકીન વાનગીઓ પણ ખૂબ લોકપ્રિય છે. ગુજરાતમાં શ્રીખંડ, પૂરણ પોળી અને લાડુ પણ હોળીના તહેવારમાં ખાસ બનાવવામાં આવે છે.

### હોળી પછી કેવી રીતે ફરી ડાયટ પર આવવું?

હોળીના દિવસોમાં ખાવા-પીવાનું પ્રમાણ વધવું સ્વાભાવિક છે, પરંતુ તહેવાર બાદ શરીરને ફરી સંતુલિત કરવું મહત્ત્વપૂર્ણ છે. સૌપ્રથમ, તો તહેવાર પતી ગયા પછી બીજા દિવસથી પાણીનું સેવન વધારવું જોઈએ. ગરમ પાણી અથવા લેમન વોટર પીવાથી શરીરમાંથી ઝેરી તત્ત્વો બહાર નીકળે છે.

ખાસ કરીને હલકું અને ઘરેલુ ભોજન લેવું શ્રેષ્ઠ છે. બાફેલા શાકભાજી, દાળ, રોટલી, ખીચડી અને સલાડ શરીરને આરામ આપે છે. તળેલા અને વધુ ખાંડવાળા ખોરાક થોડા દિવસ માટે ટાળવા જોઈએ.

વ્યાયામ કરવું અને વૉક પર જવું એ સ્વાસ્થ્ય પાછો મેળવવાનો સરળ રસ્તો છે. દરરોજ ૩૦-૪૦ મિનિટ ચાલવું જોઈએ અથવા તો યોગ-પ્રાણાયામ કરવા જેથી પાચન તંત્ર મજબૂત બને છે. સાથે જ, મોડું જાગવું અને મોડું ખાવાનું ટાળવું જોઈએ. જો બની શકે તો સૂર્યાસ્ત પહેલા જમી લેવું. રાતે ભૂખ લાગે તો સલાડ, સૂપ, ફ્રૂટ કે દૂધ પી લેવું. હોળી એ તહેવાર છે, ઉપવાસ નહીં. મીઠાઈઓનો આનંદ લો, પરંતુ મર્યાદામાં રહીને. તહેવાર બાદ ફરી સ્વસ્થ જીવનશૈલી અપનાવવી એ જ સાચી સમજદારી છે. રંગોની જેમ જીવનમાં સ્વાદ અને સ્વાસ્થ્ય બંનેનું સંતુલન જાળવો અને હોળીનો આનંદ સંપૂર્ણ રીતે માણો. ■

# આલિયાના ‘દેશી’ અંદાજે મનડાં લીધાં મોહી...

## બાફ્ટામાં અવૉર્ડ પ્રેઝન્ટ કરતી વખતે હિન્દીમાં કર્યું સંબોધન

લંડનઃ બ્રિટિશ એકેડેમી ફિલ્મ એવોર્ડ્સ (બાફ્ટા) માં આ વર્ષે ભારતીય કલાકારોનો દબદબો જોવા મળ્યો હતો. લંડનમાં આયોજિત આ ભવ્ય સમારોહમાં બોલિવૂડ સ્ટાર્સ ફરહાન અખ્તર અને આલિયા ભટ્ટે હાજરી આપી હતી. ભારત માટે આ ગર્વની ક્ષણ ત્યારે બની જ્યારે ફરહાન અખ્તરના પ્રોડક્શન હેઠળ બનેલી મણિપુરી ફિલ્મ ’બૂંગ’ને ’બેસ્ટ ચિલ્ડ્રન એન્ડ ફેમિલી ફિલ્મ’ કેટેગરીમાં અવોર્ડ એનાયત કરવામાં આવ્યો. આ સફળતાએ સાબિત કર્યું કે ભારતીય પ્રાદેશિક સિનેમા હવે વૈશ્વિક ફલક પર પોતાની મજબૂત ઓળખ બનાવી રહ્યું છે.

આ ભવ્ય સ્ટેજ પર આલિયા ભટ્ટે જ્યારે અવોર્ડ પ્રેઝન્ટર તરીકે એન્ટ્રી કરી ત્યારે સૌની નજર તેના પર અટકી ગઈ હતી. આલિયાને ’બેસ્ટ નોન-ઇંગ્લિશ ફિલ્મ’ કેટેગરીનો અવોર્ડ પ્રેઝન્ટ કરવા માટે આમંત્રિત કરવામાં આવી હતી. સ્ટેજ પર આવતાની સાથે જ આલિયાએ પોતાની સ્પીચની શરૂઆત ’નમસ્કાર’ સાથે શુદ્ધ હિન્દીમાં કરી હતી. તેણે કહ્યું કે, ‘‘ફિલ્મો ભલે અલગ-અલગ ભાષાઓમાં વાત કરતી હોય, પરંતુ સિનેમાની ભાષા તો આપણે સૌ સમજીએ જ છીએ.‘‘ આલિયાનો આ દેશી અંદાજ અને માતૃભાષા પ્રત્યેનો પ્રેમ સોશ્યલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે અને ફેન્સ તેના ખૂબ વખાણ કરી રહ્યા છે. ■

### મણિપુરી ફિલ્મને બાફ્ટા ઍવૉર્ડ

લંડનઃ રવિવારે સાંજે યોજાયેલા બ્રિટિશ ઍકેડેમી ઑફ ફિલ્મ ઍન્ડ ટેલિવિઝન આર્ટ્સ ઍવૉર્ડ સમારોહમાં ભારતને ગર્વ થાય એવી પણ ક્ષણો જોવા મળી હતી. મણિપુરી ફિલ્મ ‘બૂન્ગ’ને ભપકાદાર સમારોહમાં બેસ્ટ ચીલડરન્સ ઍન્ડ ફેમિલી ફિલ્મનો ઍવૉર્ડ મળ્યો હતો. તેનાં ડાયરેક્ટર લક્ષ્મીપ્રિયા દેવીએ આ વેળાએ તેમના ગૃહ રાજ્ય મણિપુરમાં શાંતિ સ્થાપાય એવી પ્રાર્થના કરી હતી. આ ફિલમનું પ્રોડકશન ફરહાન અખતર અને રિતેશ સિધવાનીના એક્સેલ એન્ટરટેઈનમેન્ટે કર્યું હતું. આમાં યુવાન તેના ગેરહાજર પિતાને શોધીને માતને ચકિત કરવાની કોશિશ કરે છે.

# સુપ્રીમ કૉર્ટે આંખ કાઢતા વૉટ્સઍપ, મેટા ઝૂક્યાઃ સીસીઆઈની શરતો સ્વીકારી

નવી દિલ્હીઃ ગ્લોબલ ટેક જાયન્ટ મેટા પ્લેટફોર્મ ઈન્ક. અને વૉટ્સઍપે સોમવારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે જાહેરખબર સંબંધિત ડેટા અંગેની કમ્પિટિશન કમિશન ઑફ ઈન્ડિયા (સીસીઆઈ)ની પ્રાઈવસી અને સંમતિને લગતી માર્ગદર્શિકાને મામલે અમે નેશનલ કંપની લૉ અપેલેટ ટ્રીબ્યુનલ (એનસીએલએટી)ના આદેશનું પાલન કરીશું. ગયા વર્ષના ડિસેમ્બરમાં એનસીએલએટીએ આપેલા આદેશને પડકારતી ટૅક જાયન્ટ્સ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત, ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને વિપુલ એમ. પંચોલીની બનેલી ખંડપીઠ સુનાવણી કરી રહી હતી.

કૉર્ટે સીસીઆઈ દ્વારા દાખલ કરવામાં આવેલી ક્રોસ અપીલ પણ રદ કરી હતી અને વૉટ્સઍપ અને મૅટાને ગ્રાહકોનો ડૅટા જાહેરખબર માટે શૅર કરવાની પરવાનગી આપતા આપેલા ચુકાદા બદલ એનસીએલએટીને વખોડી કાઢી હતી.

કંપની ૧૬ માર્ચ સુધીમાં ટ્રીબ્યુનલના આદેશનો અમલ કરશે એ પ્રકારની વૉટ્સઍપ અને મૅટા વતી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબલે કરેલી રજૂઆત બાદ મુખ્ય ન્યાયાધીશે સ્ટે આપવાની માગણી રદ કરી હતી. કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વિના અરજી રદ કરવામાં આવી હોવાની સ્પષ્ટતા તેમણે કરી હતી. મુખ્ય ન્યાયાધીશે કંપની પાસેથી આદેશના અમલની પૂર્તિ સંબંધિત અહેવાલની પણ માગણી કરી હતી. (એજન્સી) ■



# રાજાજીને સલામ...

રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂએ સોમવારે રાજાજી તરીકે જાણીતા રાજગોપાલાચારીની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે રાષ્ટ્રપતિભવનમાં સ્વતંત્ર ભારતના પ્રથમ અને એકમાત્ર ભારતીય ગવર્નર જનરલ ચક્રવર્તી રાજગોપાલાચારીની પ્રતિમાના અનાવરણની પ્રશંસા કરી હતી.રાષ્ટ્રપતિ ભવનમાં અશોક મંડપ પાસે ભવ્ય ખુલ્લા દાદર પર રાજગોપાલાચારીની પ્રતિમા, નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન, નોર્થ બ્લોક, સાઉથ બ્લોક અને ઇન્ડિયા ગેટ સહિત અનેક સ્મારકોના મુખ્ય શિલ્પી એડવિન લુટિયન્સની પ્રતિમાનું સ્થાન લે છે. આ સાથે જ સામ્રજ્યવાદની ઓર એક નિશાની એવી લુટિયન્સની પ્રતિમાને દૂર કરવામાં આવી છે. આ દેશના ભાગ્યને ઘડનારાઓનું સન્માન કરવાના અને વસાહતી માનસિકતાના અવશેષોને દૂર કરવાના સંકલ્પને પ્રતિબિંબિત કરે છે, એમ મોદીએ જણાવ્યું હતું.

એક પ્રશંસનીય પ્રયાસ, જે આપણા ભાગ્યને ઘડનારાઓનું સન્માન કરવાના અને વસાહતી માનસિકતાના અવશેષોને દૂર કરવાના ભારતના સંકલ્પને પ્રતિબિંબિત કરે છે. રાજાજી એક ઉત્કૃષ્ટ વિદ્વાન, સ્વતંત્રતા સેનાની, વિચારક અને વહીવટકર્તા હતા. તેમનું જીવન અખંડિતતા, બુદ્ધિ અને રાષ્ટ્ર પ્રત્યેની અટલ પ્રતિબદ્ધતાને મૂર્ત બનાવે છે, તેવું મોદીએ ‘એક્સ’ પર લખ્યું. (એજન્સી) ■

# સેક્સ બાદ લગ્ન ન કરવા કુંડળીનું બહાનું કાઢ્યું તો થઈ શકે સજા

નવી દિલ્હીઃ લગ્ન કરવાની બાંયધરી આપી શારીરિક સંબંધ બાંધ્યા બાદ કુંડળી ન મળતી હોવાનું જણાવી લગ્ન કરવાનું નકારનાર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ)ની કલમ ૬૯ અંતર્ગત ગુનો દાખલ થઈ શકે છે, એમ દિલ્હી હાઈ કોર્ટે કહ્યું હતું.

ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૯ અંતર્ગત આ કૃત્ય ગુનો ગણાશે એમ જણાવી ન્યાયાધીશ સ્વર્ણકાન્તા શર્માએ આરોપીને જામીન આપવાનું નકારી કાઢ્યું હતું.

આરોપીએ સમયાંતરે બાંયધરી આપી અસરગ્રસ્ત મહિલા સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો અને ત્યાર બાદ કુંડળી ન મળતી હોવાની બાબત બંનેનાં લગ્નમાં અંતરાય ન બની શકે અને એટલે જ આ તબક્કે આરોપીનું આ પ્રકારનું વર્તન બીએનએસની કલમ ૬૯ અંતર્ગત ગુનો બની શકે છે, એમ ન્યાયાધીશે કહ્યું હતું.

ચાર જાન્યુઆરીથી જ્યૂડિશિયલ કસ્ટડીમાં રહેલા આરોપીએ બંને વચ્ચે શારીરિક સંબંધ સંમતીથી બંધાયો હતો તેમ જ બંને એકમેકને આઠ વર્ષથી ઓળખતા હોવાની ભૂમિકાને આધારે જામીનની માગણી કરી હતી. (એજન્સી) ■

# ‘તેજસ’ યુદ્ધવિમાનના ક્રેશના અહેવાલો એચએએલે નકાર્યા

નવી દિલ્હીઃ તેજસ ફાઇટર જેટ બનાવતી કંપની હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ(એચએએલ)એ વિમાન દુર્ઘટનાના અહેવાલોને નકારી કાઢ્યા હતા. તેમજ આ ઘટના જમીન પર બનેલી એક ‘નાની ટેક્નિકલ ઘટના’ હોવાનું જણાવ્યું હતું.

એચએએલએ જણાવ્યું કે એલસીએ તેજસ આજના ફાઇટર એરક્રાફ્ટમાં વિશ્વના શ્રેષ્ઠ સેફ્ટી રેકોર્ડ પૈકીના એક છે. એચએએલ એક નિવેદનમાં જણાવ્યું કે એચએએલ, એલસીએ તેજસ ઘટના અંગેના તાજેતરના મીડિયા અહેવાલોને સ્વીકારે છે અને સત્ય જણાવવા માંગે છે. એલસીએ તેજસ ક્રેશ થયાના કોઇ અહેવાલ નથી. આ ઘટના જમીન પર બનેલી એક નાની ટેક્નિકલ ઘટના હતી.

નિવેદનમાં જણાવાયું છે કે એક માનક સંચાલન પ્રક્રિયા તરીકે આ ઘટનાનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે અને એચએએલ વહેલી તકે ઉકેલ શોધવા માટે ભારતીય વાયુસેના(આઇએએફ) સાથે મળીને કામ કરી રહ્યું છે.

અત્રે નોંધીનય છે કે સમાચાર એજન્સીઓ આ મહિનાની શરૂઆતમાં ભારતીય વાયુસેના(આઇએએફ)ના હળવા લડાકુ વિમાન તેજસની એરફ્રેમને એક ફ્રન્ટલાઇન એરબેઝ પર રનવેથી આગળ નીકળી જતાં મોટું નુકસાન થયું હોવાના અહેવાલ આપ્યા હતા. જો કે આ ઘટના ક્યાં બની હતી તે અહેવાલોમાં સ્પષ્ટ કરવામાં આવ્યું ન હતું.

અહેવાલમાં જણાવાયું છે કે ૭ ફેબ્રુઆરીના રોજ વિમાન તાલીમ ઉડાન પછી બેઝ પર પાછું ફરી રહ્યું હતું ત્યારે તેના બ્રેક ફેલ થઇ હોવાની શંકા હતી. જેના કારણે તે રનવેની બહાર નીકળી ગયું હતું. અહેવાલોમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે આ ઘટનામાં જેટને ભારે માળખાકીય નુકસાન થયું હતું. પાયલોટ સુરક્ષિત રીતે બહાર નીકળી ગયો હતો અને તેને કોઇ ઇજા થઇ ન હતી. આ ઘટના જેને એચએએલએ જમીન પર બનેલી નાની ટેક્નિકલ ઘટના ગણાવે છે તે ૨૦૧૫માં તેજસ એરક્રાફ્ટ સેવામાં જોડાયા પછીની તેની સાથે જોડાયેલી ત્રીજી દુર્ઘટના છે. ■

### ભારત પર ૧૫૦ દિવસ ૧૦ ટકા ટૅરિફ :

# ... તો ૧૫ ટકા ટૅરિફનું શું? હજી અવઢવ

નવી દિલ્હીઃ અમેરિકાની સુપ્રીમ કોર્ટે ટ્રમ્પ વહીવટીતંત્રે લગાડેલા રેસિપ્રોકલ ટૅરિફને રદ કર્યા બાદ હવે ૨૪ ફેબ્રુઆરીથી ૧૫૦ દિવસ માટે ભારતની નિકાસ પર વધારાનો દસ ટકા ટૅરિફ લાગશે. હાલમાં આ ટૅરિફ પચીસ ટકા જેટલો છે. જોકે નિકાસકારોએ કહ્યું હતું કે વેપારી આલમમાં ટૅરિફ અંગે અનિશ્ચિતતા પ્રવર્તે છે, કારણ કે ટ્રમ્પે ટૅરિફ વધારીને ૧૫ ટકા કર્યો છે.

જોકે એ અંગે કોઈ સત્તાવાર હુકમ બહાર પડાયો નથી. સુપ્રીમ કૉર્ટે ગયા અઠવાડિયે ટ્રમ્પે લાદેલા ટૅરિફને ગેરકાયદે ગણાવ્યો હતો સર્વોચ્ચ અદાલતના ચુકાદા બાદ ટ્રમ્પે ૨૧ ફેબ્રુઆરીએ ભારત સહિત બધા દેશો પર દસ ટકા ટૅરિફ લગાડ્યો હતો. આ ટૅરિફ ૧૫૦ દિવસ માટે ૨૪ ફેબ્રુઆરીથી અમલમાં આવશે. આ હુકમ બહાર પાડ્યાના કલાકોની અંદર ટ્રમ્પે આ ટૅરિફ વધારીને ૧૫ ટકા કરી દીધો હતો. ફેડરેશન ઑફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન (એફઆઈઈઓ)ના ડિરેક્ટર જનરલ અજય સહાઈએ કહ્યું હતું કે હાલના આદેશ પછી ૨૪ ફેબ્રુઆરીથી ભારતીય માલ પર દસ ટકા ટૅરીફ લાગશે. જોકે અમે અવઢવમાં છીએ, કારણ કે અમેરિકાએ ૧૫ ટકા ટૅરિફનો નવો હુકમ બહાર પાડ્યો નથી. આથી અનિશ્ચિતતા રહે છે. ટૅરિફ અંગે ગૂંચવાડો છે. કોઈને ખબર નથી કે દોઢસો દિવસ બાદ શું બનશે. નિકાસકારે કહ્યું હતું કે આ ટૅરિફ ડ્રામા પર પડદો પાડવાની જરૂર છે. ભારતીય નિકાસકારો માટે અમેરિકા નિકાસનું ચાવીરૂપ મુકામ છે. આયાત જકાતની અનિશ્ચિતતા છે અને એની અસર સેન્ટિમેન્ટ પર પડી રહી છે. (એજન્સી) ■

# હું બનીશ તારા જિમનો મેમ્બરઃ ‘મોહંમદ દીપક’ને રાહુલે કહ્યું

નવી દિલ્હીઃ મુસ્લિમ દુકાનદારની કથિત હેરાનગતિ કરનાર સાથે બાથ ભીડવા બદલ ‘મોહંમદ દીપક’ તરીકે જાણીતા બનેલા બજરંગદળના કાર્યકર્તા અને ઉત્તરાખંડના જિમના માલિકને કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધી સોમવારે મળ્યા હતા અને એમ કહીને તેને ટેકો જાહેર કર્યો હતો કે તારા જિમનું સભ્યપદ મેળવવા હું કોટદ્વાર આવીશ.

કૉંગ્રેસનાં સંસદીય બાબતોનાં વડાં સોનિયા ગાંધીનાં ૧૦, જનપથ નિવાસસ્થાને મળેલી બેઠકમાં કૉંગ્રેસના નેતા વૈભવ વાલિયા, જિમના માલિક દીપકકુમાર તેનો મિત્ર વિજય રાવત અને અન્યો હાજર રહ્યા હતા. દીપક સોનિયા ગાંધીને પણ મળ્યો હતો.

તમામ માનવી સમાન છે અને એ ભારતીયતા છે, આ ‘મોહબ્બત કી દુકાન’ છે એમ જણાવતાં રાહુલે કહ્યું હતું કે ઉત્તરાખંડના ભાઈ દીપકને મળ્યો. એકતાની આ જ આગ અને શૌર્ય પ્રત્યેક ભારતીય યુવાનમાં જોવા મળવા જોઈએ. રાહુલે દીપકની પત્ની સાથે ફોન પર વાત કરી હતી. (એજન્સી)■

---

# ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ખોખું | SEARCH |
| ખોગીર | BOX |
| ખોજ | DEFECT |
| ખોટ | SADDLE |
| ખોડ | DEFICEIT |

## માતૃભાષાની મહેક

‘ઓડ - ઉમરેઠના ઊંડા કૂવા, દીકરી દે તેના મા - બાપ મૂઆ’ કહેવતમાં વ્યથા છે. આણંદ તાલુકાના ઓડ અને ઉમરેઠ ગામના ઊંડા કૂવાઓને લીધે સ્ત્રીઓને પાણી ખેંચવામાં મુશ્કેલી પડતી હતી. એ ગામમાં પરણાવાયેલી સ્ત્રી આવા દુર્ભાગ્ય માટે માતા - પિતાને દોષ દેતી જેમાંથી કહેવતનો જન્મ થયો.

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ AICHMOPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) ઊંચાઈ
બ) ધારદાર વસ્તુ
ક) શિક્ષણ
ડ) મુસાફરી

## ઈર્શાદ

થયો ન હારનો અફસોસ કિંતુ દુઃખ એ રહ્યું,
કે મારા આવા પરાજયમાં તારી જીત નથી.
-- મરીઝ

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | | | ૫ | ૬ |
| ૭ | | ■ | ૮ | | | ■ | ■ | ૯ | |
| | ■ | ૧૦ | | ■ | ૧૧ | ૧૨ | | ■ | |
| ૧૩ | | | ■ | ૧૪ | ■ | | ■ | ૧૫ | |
| | ■ | ૧૬ | ૧૭ | | ■ | ૧૮ | ૧૯ | | ■ |
| ■ | ૨૦ | | | ■ | ૨૧ | | | ■ | ૨૨ |
| ૨૩ | | ■ | | ■ | | ■ | ૨૪ | | |
| | ■ | ૨૫ | | ૨૬ | ■ | ૨૭ | | ■ | |
| ૨૮ | ૨૯ | ■ | ■ | ૩૦ | | | ■ | ૩૧ | |
| ૩૨ | | | | | ■ | ૩૩ | | | |

### આડી ચાવી

૧. જેમ આવે કે ફાવે તેમ, કોઈ નિયમ કે ઠેકાણાં વગર (૪)
૪. ધારાશાસ્ત્રી (૫)
૭. રિવાજ, પ્રથા, કાયદો (૨)
૮. સોપારી (૩)
૯. પશુ, પંખીમાં સ્ત્રીજાત (૨)
૧૦. મોત, નાશ (૨)
૧૧. હિમાલયમાં થતાં એક જાતનાં બકરાનાં વાળ જેનું ઊન બને છે (૩)
૧૩. પાણીની છાંટ, ફરફર (૩)
૧૫. સત્કર્મ (૨)
૧૬. મતલબ, તાત્પર્ય (૩)
૧૮. કૂચ, ચડાઈ (૩)
૨૦. કાચિંડો (૩)
૨૧. બાધા, આખડી (૩)
૨૩. --- લાગે ત્યારે કૂવો ખોદવા ન બેસાય (૨)
૨૪. અનાથ બાળ (૩)
૨૫. ત્રાડ (૩)
૨૭. બારે બુદ્ધિ અને સોળે --- (૨)
૨૮. કુટિર, ઝૂંપડી (૨)
૩૦. કૃપા, દયા (૩)
૩૧. ઊડતી વાત, અફવા (૨)
૩૨. ઓછી બુદ્ધિવાળુ, મૂર્ખ (૫)
૩૩. સુરક્ષિતતા (૪) (જો.છૂ.)

### ઊભી ચાવી

૧. અવલંબન કે ટેકારૂપ પથ્થર (૫)
૨. તંબૂ, પડાવ (૨)
૩. જડસું, બેવકૂફ (૩)
૪. કલંક (૩)
૫. જુવાન સ્ત્રી (૨)
૬. સ્ત્રી તરફ માનભરી વર્તણૂક (૪)
૧૦. કારોબાર (૪)
૧૨. યોગનું એક આસન (૪)
૧૪. નકામું, નિરર્થક (૨)
૧૫. નગરી (૨)
૧૭. નવો રસ્તો કાઢનાર, પહેલ કરનાર (૪)
૧૯. બારી (૪)
૨૦. દીવાની જોત (૨)
૨૧. મર્યાદા, સીમા (૨)
૨૨. લક્ષ્મીપતિ, વિષ્ણુ (૫)
૨૩. હુમલો કે ચડાઈ કરનાર (૪)
૨૬. નાજુક, સુકુમાર (૩)
૨૭. એક પક્ષી (૩)
૨૯. સોનાની લગડી (૨)
૩૧. શોક, દુઃખ (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ વા | ■ | ૨ ભ | સ્મી | ભૂ | ૩ ત | ■ | ૪ સ | ■ |
| ૫ મોં | ઘા | મૂ | લું | ■ | ■ | ૬ મો | ૭ ઢા | મો | ૮ ઢ |
| ઘા | ■ | ■ | બૂ | ■ | ૯ પં | ગુ | લ | ■ | ગ |
| ૧૦ ર | ૧૧ જ | ■ | ૧૨ રું | ૧૩ ડ | ■ | ણ | ■ | ૧૪ પા | લો |
| ૧૫ ત | મા | ૧૬ મ | ■ | ૧૭ મ | ૧૮ દ | ■ | ૧૯ પા | ણિ | ■ |
| ■ | ૨૦ ન | હિ | ■ | ૨૧ રુ | ખ | ■ | ૨૨ ખ | યા | ૨૩ લ |
| ૨૪ મો | ત | ■ | ૨૫ ભ | ■ | ૨૬ લ | ૨૭ પ | ■ | ૨૮ રી | લ |
| ક | ■ | ૨૯ અ | યા | ચી | ■ | ર | ■ | ■ | કા |
| ૩૦ ફ | ૩૧ લ | શ્રુ | તિ | ■ | ■ | ૩૨ મા | છી | ૩૩ મા | ર |
| ■ | જ્જા | ■ | ૩૪ ત | ર | ભા | ણું | ■ | ણો | ■ |

## ઓળખાણ પડી?

બાંબુ એટલે કે વાંસમાંથી બનતા આ વિશિષ્ટ શૈલીના સંગીત વાદ્યો કયા રાજ્યના લોકસંગીતમાં મધુર સંગીત રેલાવતા નજરે પડે છે?

અ) પંજાબ
બ) મેઘાલય
ક) કર્ણાટક
ડ) આસામ



## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

‘મળી મામૂલી સોગાદ બંન્નેને’ પંક્તિમાં ‘સોગાદ’ શબ્દનો અર્થ જણાવો.

અ) સરવાળો બ) ભેટ ક) સોગંદ ડ) સોપારી

## માઈન્ડ ગેમ

૨૦૧૧ની વસ્તી ગણતરી અનુસાર ભારતમાં જન મુખે બોલાતી અગ્રણી ભાષાની સંખ્યા કેટલી એ જાણતા હોય તો જવાબ આપો.

અ) ૯૯ બ) ૧૧૪ ક) ૧૨૧ ડ) ૧૨૮

## સુડોકુ-૯૨૨૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | | ૪ | | | ૬ | | |
| | | ૬ | | | | | | ૯ |
| ૪ | | | | | ૮ | | ૩ | ૧ |
| | | ૧ | ૫ | | | | ૮ | |
| | | | ૨ | | ૪ | | | |
| | ૭ | | | | ૬ | ૯ | | |
| ૧ | ૨ | | ૮ | | | | | ૩ |
| ૭ | | | | | | ૧ | | |
| | | ૮ | | | ૨ | | | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૨૨૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૮ | ૩ | ૫ | ૬ | ૧ | ૯ | ૨ | ૪ |
| ૪ | ૧ | ૯ | ૮ | ૭ | ૨ | ૩ | ૫ | ૬ |
| ૬ | ૫ | ૨ | ૩ | ૯ | ૪ | ૭ | ૧ | ૮ |
| ૫ | ૬ | ૪ | ૭ | ૩ | ૮ | ૨ | ૯ | ૧ |
| ૯ | ૩ | ૧ | ૨ | ૪ | ૬ | ૮ | ૭ | ૫ |
| ૮ | ૨ | ૭ | ૧ | ૫ | ૯ | ૪ | ૬ | ૩ |
| ૩ | ૭ | ૬ | ૯ | ૮ | ૫ | ૧ | ૪ | ૨ |
| ૧ | ૪ | ૮ | ૬ | ૨ | ૭ | ૫ | ૩ | ૯ |
| ૨ | ૯ | ૫ | ૪ | ૧ | ૩ | ૬ | ૮ | ૭ |

## ગયા મંગળવારના જવાબ

| A | B |
|---|---|
| ખુદ | SELF |
| ખુમારી | PRIDE |
| ખુલાસો | EXPLANATION |
| ખુવારી | RUIN |
| ખુશનુમા | CHARMING |

**ગુજરાત મોરી મોરી રેઃ** જંગલ

**ઓળખાણ પડી?** સૈપ

**માઈન્ડ ગેમ :** ત્રીજે

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** ચાલાક

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) પુષ્પા ખોના (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) સુભાષ મોમાયા (૭) વિપીન શાહ (૮) નૂતન વિપીન શાહ (૯) નીતા દેસાઈ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) પુષ્પા પટેલ (૧૩) હર્ષા મહેતા (૧૪) લજિતા ખોના (૧૫) પ્રવીણ વોરા (૧૬) મીનળ કાપડિયા (૧૭) જ્યોતિ ખાંડવાલા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) ભરત કજરિયા (૨૧) મહેશ સંઘવી (૨૨) તાહેર ઔરંગાબાદવાલા (૨૩) શીરીન ઔરંગાબાદવાલા (૨૪) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૫) મનીષા શેઠ (૨૬) ફાલ્ગુની શેઠ (૨૭) કમલ માતલિયા (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૦) અરવિંદ કામદાર (૩૧) ભાવના કર્વે (૩૨) વિણા સંપટ (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) અંજુ ટોલિયા (૩૫) કિશોર સંઘરાજકા (૩૬) ડાયના સંતોકે (૩૭) અલકા વાણી (૩૮) વિજય આસર (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) નિતીન જયંતિલાલ બજરિયા (૪૧) નયના ગિરીશ મિસ્ત્રી (૪૨) કિરીટ છેડા (૪૩) ચેતના છેડા (૪૪) રમેશભાઈ દલાલ (૪૫) ઈનાક્ષીબેન દલાલ (૪૬) હિનાબેન દલાલ (૪૭) જ્યોત્સના ગાંધી (૪૮) ડો. પ્રકાશ કટકિયા (૪૯) મહેશ દોશી (૫૦) ધીરેન્દ્ર મુલરાજ ઉદેશી (૫૧) પ્રતિમા પમાણી

# થાણે પાલિકામાં પહેલી જ સામાન્ય સભામાં ડેપ્યુટી મેયરના રાજીનામાની ચેતવણી

## ભાજપ-શિંદે સેના વચ્ચે ઘર્ષણ, જોરદાર વિરોધઃ પખવાડિયામાં જ પ્રોબ્લેમ

થાણેઃ થાણે મહાનગરપાલિકામાં ભારતીય જનતા પક્ષ અને એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળ શિવસેનાએ હાથ મિલાવી સત્તા સ્થાપન તો કરી, પણ સત્તા સ્થાપનાના ૧૫ દિવસ પછી તેમની વચ્ચે ઘર્ષણ શરૂ થઈ ગયું છે. ભાજપ નેતા અને થાણેના ડેપ્યુટી મેયર કૃષ્ણા પાટીલે ચેતવણી આપી છે કે જો અમારા પ્રશ્નોના જવાબ નહીં મળે તો અમે સત્તા છોડી દઈશું અને રાજીનામું આપીશું. આ જોતા આગામી પાંચ વર્ષ સુધી ભાજપ-શિવસેનાના સંબંધો વ્યવસ્થિત રીતે ચાલશે કે કેમ એ થાણેમાં ચર્ચાનો વિષય છે.

સોમવારે થાણે મહાનગરપાલિકાની પહેલી સામાન્ય સભા યોજાઈ હતી. આ સભામાં તમામ પક્ષના નગરસેવકો હાજર રહ્યા હતા. આ સમયે ભારતીય જનતા પક્ષના નગરસેવકોને શિવસેનાએ ઈરાદાપૂર્વક બોલવા ન દીધા એવો આક્ષેપ કરી સભાત્યાગ કર્યો હતો.

પહેલી જ સામાન્ય સભામાં ભાજપ અને શિવસેના વચ્ચે ઊંચા સ્વરે બોલાચાલી જોવા મળી. ભાજપ મહિલા નગરસેવિકાઓએ સૂત્રોચ્ચાર કરીને કહ્યું કે તેમને બોલવા દેવામાં આવતા નથી. ડેપ્યુટી મેયર કૃષ્ણા પાટીલે સીધી ચેતવણી આપી કે જો અમને અમારા પ્રશ્નોના જવાબ નહીં મળે તો અમે સત્તા પરથી ખસી જવા માટે તૈયાર છીએ. આટલું કહી તેમણે સામાન્ય સભામાંથી વોકઆઉટ પણ કર્યું. ■

## સમૃદ્ધિ હાઈવે પર પહોંચવા માટે ₹ ૧૦૦

# આમને-થાણે પ્રસ્તાવિત માર્ગ પર ટોલનો પ્રસ્તાવ

થાણેઃ નાગપુર-મુંબઈ સમૃદ્ધિ હાઇવે પરથી મુંબઈ અને થાણે તરફ અવરજવર કરતા મુસાફરો માટે આમનેથી થાણે (સાકેત) નવો માર્ગ બનાવવાનો નિર્ણય લેનાર એમએમઆરડીએએ એ હવે આ માર્ગનો ઉપયોગ કરનારાઓ પર ટોલ ટેક્સ વસૂલવાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે.

આ પ્રોજેક્ટની બાંધકામ કિંમત, જમીન સંપાદનનો ખર્ચ તેમજ તમામ પ્રકારના ટેક્સ અને ભાવવધારાને ધ્યાનમાં લેતા આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ ૬૭૪૨ કરોડ રૂપિયા સુધી પહોંચવાની શક્યતા છે. આ બાબતને ધ્યાનમાં રાખીને આ ખર્ચને ટોલ દ્વારા વસૂલવાનું પ્રસ્તાવિત કરવામાં આવ્યું છે અને પેસેન્જર ગાડીઓ માટે આ માર્ગ પર ૧૦૦ રૂપિયાનો ટોલ વસૂલવાની દરખાસ્ત મૂકવામાં આવી છે.

દર વર્ષે આ શુલ્કમાં પાંચ ટકાનો વધારો પણ સૂચવવામાં આવ્યો હોવાથી 'સમૃદ્ધિ'ના આ કનેક્ટિંગ રોડ પર પણ મુસાફરોએ ટોલ ભરવો પડી શકે છે.

આ રસ્તાના નિર્માણ માટે એમએમઆરડીએએ ૧૨૭ હેક્ટર જમીન સંપાદન કરવી પડશે. આમાંથી ૧૧૬ હેક્ટર જમીન ખાનગી હશે. સલાહકારની ભલામણો મુજબ જમીન સંપાદનનો ખર્ચ રૂ. ૭૫૮ કરોડ થવાનો અંદાજ છે. જોકે આ પ્રોજેક્ટનો બાંધકામ ખર્ચ રૂ. ૪૪૦૩ કરોડ હશે, પરંતુ બાંધકામ દરમિયાન જમીન સંપાદન અને વ્યાજ ખર્ચને ધ્યાનમાં લીધા પછી સમગ્ર પ્રોજેક્ટનો ખર્ચ રૂ. ૬૭૪૮ કરોડ થવાની સંભાવના છે. આ મોટા ખર્ચને ધ્યાનમાં રાખીને, એમએમઆરડીએએ આ રૂટ પર ટોલ વસૂલવાનો પ્રસ્તાવ મૂક્યો છે. આ દરખાસ્ત મુજબ, ખારેગાંવ ટોલ પ્લાઝાથી સમૃદ્ધિ માર્ગ સુધી એલિવેટેડ રૂટ ખુલતાની સાથે જ મુસાફરોના વાહનો માટે ૧૦૦ રૂપિયા ટોલનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. નાની બસો માટે ૧૬૦ રૂ., મોટી બસો માટે ૩૪૦ રૂ., ટ્રકોના ૩૪૦ રૂ. અને મોટા ભારે વાહનો માટે ૬૪૫ રૂપિયા ટોલ વસૂલવામાં આવશે. ■

# બુલઢાણામાં શિવાજીની પ્રતિમાને લઇ બે જૂથ વચ્ચે અથડામણઃ પ્રતિબંધાત્મક આદેશ લાગુ

બુલઢાણાઃ બુલઢાણા જિલ્લામાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમાની સ્થાપનાને લઇ બે જૂથ વચ્ચે અથડામણ થયા બાદ પોલીસે ૨૩ લોકોની ધરપકડ કરી હતી અને પ્રતિબંધાત્મક આદેશો લાદીને અહીંના એક ગામમાં જાહેરમાં ભેગા થવા પર પ્રતિબંધ મૂક્યો છે.

બુલઢાણાના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ નીલેશ તાંબેએ કહ્યું હતું કે ગ્રામ પંચાયતના મેદાનમાં શિવાજી મહારાજની પ્રતિમાની સ્થાપનાને લઇ ૨૦ ફેબ્રુઆરીએ લોણાર તાલુકાના ચિખાલા કાકડ ગામમાં બે સ્થાનિક નેતાના સમર્થકોએ એકબીજા પર હુમલો કર્યો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર પ્રતિમા કોણ સ્થાપિત કરશે તે બાબતે થયેલી દલીલ હિંસામાં પરિણમી હતી. બે જૂથ સામસામે આવી ગયા બાદ તેમની વચ્ચે અથડામણ થઇ હતી.

નીલેશ તાંબેએ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે હિંસા સંદર્ભે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને ૨૩ લોકોની ધરપકડ કરાઇ હતી. રવિવારે સાંજે ભારતીય ન્યાય સુરક્ષા સંહિતાની કલમ ૧૬૩ લાગુ કરી છે.

ચિખલા કાકડ ગામમાં વધુ કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હોઇ રવિવારે સાંજે સાત વાગ્યાથી ૨૬ ફેબ્રુઆરીએ સવારે ૧૧ વાગ્યા સુધી આદેશો લાગુ રહેશે. પોલીસે નાગરિકોને સોશિયલ મીડિયા પર ફેલાતી અફવા અને ખોટા સમાચારથી દૂર રહેવાની અપીલ કરી છે. ■

# ૩૫ કિલો ચિકન, ૪૦ કિલો મટન.... નાઈજીરિયન નાગરિકો માટે પોલીસ દરરોજ ખર્ચે છે ૭૦ હજાર રૂપિયા

વસઈઃ નાલાસોપારાના પ્રગતિનગર વિસ્તારમાં વિઝા પૂરા થયા પછી પણ ગેરકાયદેસર રીતે રહેતા વિદેશી નાગરિકો પર મીરા-ભાયંદર,વસઈ-વિરાર પોલીસે ફેબ્રુઆરીમાં મોટી કાર્યવાહી કરી હતી, જેમાં આશરે ૨૪૦ નાગરિકોની પોલીસે અટકાયત કરી હતી. હવે આ જ કાર્યવાહી મીરા-ભાયંદર,વસઈ-વિરાર પોલીસના ખિસ્સા પર ભારે પડી રહી છે. ૨૪૦ માંથી ૧૬૬ વિદેશી નાગરિકો અત્યારે પોલીસની કસ્ટડીમાં છે. આ નાગરિકોના જમવા અને દેખભાળનો ખર્ચ ઉઠાવવા માટે પોલીસને દરરોજ ૭૦ હજાર રૂપિયા જેટલો ખર્ચ કરવો પડી રહ્યો છે.

મુંબઈના દાદર સ્થિત ભોઈવાડામાં તૈયાર કરવામાં આવેલા નિર્વાસન કેન્દ્રમાં તેમને રાખવા પડી રહ્યા છે. વસઈ-વિરાર પોલીસે જે નાગરિકોની અટકાયત કરી છે તેમાં નાઈજીરીયા, ઘાના, યુગાન્ડા અને તાંઝાનિયા જેવા આફ્રિકન દેશોના લોકોનો સમાવેશ થાય છે. તેમના દૈનિક આહારમાં ૩૫ કિલો ચિકન અને ૪૦ કિલો મટન, ૪૦૦ ઈંડા, બ્રેડ, પાવ, દૂધ અને ફળો, તેમજ ચોખા અને અન્ય અનાજનો સમાવેશ થાય છે, જે પોલીસ દ્વારા પૂરા પાડવામાં આવે છે. આ તમામ ખર્ચને પહોંચી વળવા માટે માત્ર તુળીંજ પોલીસ સ્ટેશન દ્વારા દરરોજ ૫૧,૮૦૦ રૂપિયા ખર્ચવામાં આવી રહ્યા છે. વાલીવ, નાયગાંવ, વસઈ, આચોળે અને માણિકપુર પોલીસ સ્ટેશન દ્વારા નાસ્તા અને ચા માટે દરરોજ પ્રત્યેક દીઠ ૩,૦૦૦ રૂપિયા ખર્ચવામાં આવી રહ્યા છે.

આ ખર્ચને પહોંચી વળવા માટે ડીસીપી કચેરી દ્વારા 'ઇન્ફોર્મર' એટલે કે ખબરીઓના કામ માટેના ફંડમાંથી નાણાંનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, પરંતુ, તેના કારણે પોલીસ પ્રશાસન પર માત્ર આર્થિક જ નહીં, પણ માનવબળનું પણ મોટું દબાણ આવી રહ્યું છે.

કાનૂની પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી વિદેશી નાગરિકોને ઘરે મોકલવાની તૈયારી કરી રહ્યા છીએ. ત્યાં સુધી માનવતાની દૃષ્ટિએ તેમને શ્રેષ્ઠ રહેવાની અને ખાવાની સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. તેમના મુસાફરી દસ્તાવેજો મળતાંની સાથે જ તેમનો દેશનિકાલ કરવામાં આવશે,એમ પોલીસે જણાવ્યું હતું. ■

# બોરીવલીના જ્વેલર્સને ૩૦ લાખની ખંડણી માટે લૉરેન્સ બિશ્નોઈ ગૅન્ગના નામે ધમકી

## રૂપિયા ન આપે તો બાબા સિદ્દીકીની હત્યાનું પુનરાવર્તન કરવાની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બોરીવલીના જ્વેલર્સના મોબાઈલ નંબર પર મેસેજ મોકલાવી અને વૉટ્સઍપ કૉલ કરીને લૉરેન્સ બિશ્નોઈ ગૅન્ગને નામે ૩૦ લાખ રૂપિયાની ખંડણી માગવામાં આવી હતી. રૂપિયા ન આપે તો બાબા સિદ્દીકીની હત્યાની જેમ ગોળીએ દેવાની ધમકી આરોપીએ આપી હતી.

બોરીવલીના એલ. ટી. રોડ પર આવેલા જ્વેલરીના શોરૂમના મૅનેજરે નોંધાવેલી ફરિયાદને આધારે બોરીવલી પોલીસે રવિવારે અજાણ્યા શખસ વિરુદ્ધ એફઆઈઆર નોંધી તપાસ હાથ ધરી હતી.

ફરિયાદમાં જણાવાયું હતું કે શોરૂમના મોબાઈલ નંબર પર સૌપ્રથમ ૧૮ ફેબ્રુઆરીએ ઈન્ટરનૅશનલ નંબર પરથી મેસેજ આવ્યો હતો, જેમાં ૩૦ લાખ રૂપિયાની માગણી કરવામાં આવી હતી. ૨૪ કલાકમાં બિશ્નોઈ ગૅન્ગને આ રકમ ચૂકવવામાં ન આવે તો બાબા સિદ્દીકીની જેમ ગોળીએ દેવાની ધમકી મેસેજમાં અપાઈ હતી. એ સિવાય પરિવારને પણ જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી.

ફરિયાદ અનુસાર બીજે દિવસે ફરી ઈન્ટરનૅશનલ નંબર પરથી વૉટ્સઍપ કૉલ આવ્યો હતો. રૂપિયા પહોંચતા ન કરવા બદલ પૂછીને હત્યા કરવાની ધમકી આપી આરોપીએ કૉલ કટ કર્યો હતો. ત્યાર બાદ શનિવારે આરોપીએ ફરી એક મેસેજ મોકલાવી નાણાંની માગણી કરી હતી. મેસેજ દ્વારા જ શોરૂમના કર્મચારીએ રકમ ઓછી કરવાની માગણી કરી હતી. ૧૦ લાખ અને પછી ચાર લાખ રૂપિયા સ્વીકારવાની તૈયારી આરોપીએ દાખવી હતી.

શરૂઆતમાં મેસેજ અને વૉટ્સઍપ કૉલને ગંભીરતાથી ન લીધા બાદ ફરિયાદીએ આખરે શોરૂમના માલિક સાથે ચર્ચા કરી બોરીવલી પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ■

# અનિલ અંબાણીને મોટો ફટકોઃ હાઈ કોર્ટે 'તે' આદેશ રદ કર્યો

મુંબઈ : ઉદ્યોગપતિ અનિલ અંબાણી અને રિલાયન્સ કોમ્યુનિકેશન્સ લિમિટેડ સામે તેમના બેંક ખાતાઓને છેતરપિંડી તરીકે વર્ગીકૃત કરવા માટે શરૂ કરાયેલી કાર્યવાહી પર રોક મૂકવાના સિંગલ બેન્ચના વચગાળાના આદેશને બોમ્બે હાઈ કોર્ટે સોમવારે રદ કરતા ઉદ્યોગપતિ અનિલ અંબાણીને મોટો ફટકો પડ્યો છે.

મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી ચંદ્રશેખર અને ન્યાયમૂર્તિ ગૌતમ અંકડની ખંડપીઠે ડિસેમ્બર ૨૦૨૫માં હાઇકોર્ટની સિંગલ બેન્ચ દ્વારા પસાર કરાયેલા વચગાળાના આદેશ સામે ત્રણ જાહેર ક્ષેત્રની બેંકો અને ઓડિટર ફર્મ બીડીઓ ઇન્ડિયા એલએલપી દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલોને મંજૂરી આપી હતી. સિંગલ બેન્ચના આદેશને રદ કરી ખંડપીઠે તેને ગેરકાયદેસર અને વિકૃત ગણાવ્યો હતો. અંબાણીના વકીલોએ હાઇકોર્ટને તેના આદેશ પર સ્ટે આપવાની માંગ કરી હતી જેથી તેઓ સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરી શકે, પરંતુ વિનંતીને નકારી કાઢવામાં આવી હતી.

બેંકોએ ગયા મહિને ડિસેમ્બર ૨૦૨૫ ના સિંગલ-બેન્ચના આદેશને પડકાર્યો હતો જેમાં અંબાણી અને તેમની કંપનીને વચગાળાની રાહત આપવામાં આવી હતી. આ આદેશમાં ફરજિયાત આરબીઆઈ નિયમોના ઉલ્લંઘન અને વર્ષો પછી બેંકોને જાણ થવાના ક્લાસિક કેસનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. (પીટીઆઈ)■

# એક્સપ્રેસ ટ્રેનમાં ચઢતી વખતે પડી ગયેલી યુવતીએ એક હાથ ગુમાવ્યો

થાણેઃ થાણે સ્ટેશને આવેલી એક્સપ્રેસ ટ્રેનમાં ચઢતી વખતે પાટા પર પડી ગયેલી યુવતીએ એક હાથ ગુમાવવો પડ્યો હતો.

ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી)ના અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના રવિવારની મધરાતે ૧.૨૦ વાગ્યાની આસપાસ બની હતી. કલવાના શાંતિનગર પરિસરમાં રહેતી સીમા શબ્બીર શેખ (૨૮) થાણે સ્ટેશનના પ્લૅટફૉર્મ નંબર-૭ પર આવેલી મહાનગરી એક્સપ્રેસમાં ચઢતી વખતે પડી ગઈ હતી.

ટ્રેનના એસ-પાંચ અને એસ-છ નંબરના કોચ નીચે યુવતી પડી ગઈ હતી. સ્ટેશન માસ્તરે અકસ્માત અંગે એનાઉન્સમેન્ટ કરતાં પોલીસ અને કૂલીઓ મદદે દોડી આવ્યા હતા.

યુવતીને ટ્રેનની નીચેથી બહાર કાઢવામાં આવી ત્યારે ખબર પડી હતી કે તેનો જમણો હાથ ખભાથી અલગ થઈ ગયો હતો. એ સિવાય જમણા પગના ઘૂંટણમાં તેને ગંભીર ઇજા થઈ હતી. તેને એમ્બ્યુલન્સની મદદથી તાત્કાલિક છત્રપતિ શિવાજી હૉસ્પિટલમાં લઈ જવાઈ હતી.

શસ્ત્રક્રિયાની જરૂર હોવાથી યુવતીને બાદમાં લોકમાન્ય ટિળક મ્યુનિસિપલ જનરલ હૉસ્પિટલમાં દાખલ કરાઈ હતી. કહેવાય છે કે યુવતીના મોબાઈલમાંથી તેના પિતાને કૉલ કરી ઘટનાની જાણ કરાઈ હતી.

ઘટનાની જાણ થતાં યુવતીના પરિવારજનો હૉસ્પિટલે પહોંચ્યા હતા. વધુ સારવાર માટે પરિવારજનો યુવતીને મુંબઈની સાયન હૉસ્પિટલમાં લઈ ગયા હતા. ઘટના ખરેખર કઈ રીતે બની તેની તપાસ પોલીસ કરી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# પુત્રને મેડિકલ કોલેજમાં ઍડમિશનને બહાને દુકાનદાર સાથે ૩૫.૪૨ લાખની છેતરપિંડી

થાણેઃ પુત્રને 'વીઆઇપી ક્વૉટા' હેઠળ મેડિકલ કોલેજમાં ઍડમિશન અપાવવાના બહાને દવાની દુકાનના માલિક સાથે ૩૫.૪૨ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હતી. આ પ્રકરણે ૪૩ વર્ષના શખસ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

નારપોલી પોલીસ સ્ટેશનના સબ-ઇન્સ્પેક્ટર સંતોષ શિંદેએ જણાવ્યું હતું કે બાળકુમ વિસ્તારના રહેવાસી પ્રશાંત મહાજન વિરુદ્ધ રવિવારે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

ફરિયાદી અને આરોપી એકબીજાને ઓળખતા હોઇ ફરિયાદીના પુત્રને મેડિકલ કોલેજમાં ઍડમિશન મેળવી આપવાનું આરોપીએ આશ્વાસન આપ્યું હતું. આ કામ માટે ફરિયાદીએ મહાજનને ૩૫.૪૨ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. જોકે ફરિયાદીના પુત્રને આરોપીએ મેડિકલ કોલેજમાં ઍડમિશન અપાવ્યું નહોતું અને પૈસા પણ પાછા આપ્યા નહોતા. આથી ફરિયાદીએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. આ પ્રકરણે તપાસ ચાલી રહી હોઇ મહાજનની હજી સુધી ધરપકડ કરવામાં આવી નથી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# પાલઘરમાં ઘરમાં ઘૂસીને ગોળીબાર

પાલઘરઃ પાલઘર જિલ્લામાં બનેલી આંચકાજનક ઘટનામાં ઘરમાં ઘૂસીને ગોળીબાર કરી શખસ ફરાર થઈ ગયો હતો. આ ઘટનામાં બાવન વર્ષનો રહેવાસી ગંભીર રીતે ઘવાયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના પાલઘર તહેસીલના વાઢવે ગામમાં સોમવારના મળસકે અઢી વાગ્યાની આસપાસ બની હતી. ગોળીબારમાં ગંભીર રીતે ઘવાયેલા સુરેશ વરઘડેને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો.

ગોળીબાર કરનારા શખસની ઓળખ ઉમેશ ઘરત (૪૫) તરીકે થઈ હતી. બેગેગાંવમાં રહેતો ઘરત સુરેશના ઘરમાં ઘૂસ્યો હતો અને એક રાઉન્ડ ફાયર કર્યું હતું. ગોળી ઘરતને વાગી હતી. ગોળીબાર પછી આરોપી ફરાર થઈ ગયો હતો.

પાલઘર જિલ્લાના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ યતીશ દેશમુખે જણાવ્યું હતું કે આરોપી ઘરત વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને આર્મ્સ ઍક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે અંગત વિવાદને કારણે આ ગોળીબાર થયો હતો. જોકે પોલીસ ગોળીબાર પાછળ અન્ય કોઈ કારણ હતું કે કેમ તેની તપાસ કરી રહી છે. (પીટીઆઈ)■

# મેદાનમાં પાર્ક કરેલાં ૬૦ વાહનો આગમાં ભસ્મીભૂત

પુણેઃ પુણેના યેરવડા ખાતે મેદાનમાં પાર્ક કરાયેલા વાહનમાં અચાનક આગ લાગતાં એક પછી એક ૬૦ વાહનો બળીને ભસ્મીભૂત થઈ ગયાં હતાં. આગમાં કોઈ જાનહાનિ ન થઈ હોવા છતાં ભારે નુકસાન થયું હોવાનું કહેવાય છે.

પોલીસના જણાવ્યા મુજબ યેરવડામાં લજન્ડ રેકોર્ડ ઑફિસની સામે આવેલા મેદાનમાં સોમવારની બપોરે સાડાબાર વાગ્યાની આસપાસ આગ લાગી હતી. આગમાં ૪૦ ટુ-વ્હીલર અને ૨૦ ફૉર-વ્હીલર સળગી ઊઠ્યાં હતાં.

મેદાનમાં વિવિધ કેસોમાં પોલીસ દ્વારા જપ્ત કરાયેલાં વાહનો તેમ જ પાર્ક કરાયેલાં અન્ય વાહનો હતાં. બપોરના સમયે અચાનક એક વાહનમાં આગ લાગી હતી. જોતજોતાંમાં આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં ૬૦ વાહન સળગ્યાં હતાં. આગને કારણે ધુમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી જોવા મળ્યા હતા.

આગની જાણ થતાં યેરવડા ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. કલાકોની જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. જોકે ત્યાં સુધીમાં મોટા ભાગનાં વાહનો બળીને ખાક થઈ ગયાં હતાં.

અધિકારીના જણાવ્યા મુજબ આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી, પરંતુ મોટું આર્થિક નુકસાન થયાનો અંદાજ છે. સળગી ગયેલાં વાહનોમાં અમુક લક્ઝુરિયસ કારનો પણ સમાવેશ થતો હતો.

દરમિયાન આગ લાગવાનું કારણ તાત્કાલિક જાણી શકાયું નહોતું. શૉર્ટસર્કિટ અથવા જ્વલનશીલ પદાર્થને કારણે આગ લાગી હતી કે કેમ તેની તપાસ પોલીસ કરી રહી છે. સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ પણ તપાસાઈ રહ્યાં છે. ઘટનાસ્થળે પોલીસ સુરક્ષા ગોઠવી દેવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■

## મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ

# ભારતીય લોકો પાઇલટને જાપાની અધિકારીઓ દ્વારા હાઇ-સ્પીડ રેલના સંચાલનની તાલીમ

મુંબઈઃ ભારત સરકારનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ હાઈ-સ્પીડ રેલનું કામ ખૂબ ઝડપથી આગળ વધી રહ્યું છે. જે માટે ૧૫ ભારતીય રેલવે વ્યાવસાયિકો જાપાનમાં વિશેષ તાલીમ લઈ રહ્યા છે અને મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ કોરિડોર માટે દેશના પ્રથમ શિંકનસેન પાઇલટ બન્યા છે.

પસંદ કરાયેલા ગ્રૂપમાં મેટ્રો અને પરંપરાગત રેલ કામગીરીમાં અગાઉનો અનુભવ ધરાવતા રેલવે અધિકારીઓનો સમાવેશ થાય છે. આ સઘન તાલીમ કાર્યક્રમ જાપાન ઇન્ટરનેશનલ કોઓપરેશન એજન્સી અને જેઆર ઇસ્ટ સહિત જાપાની એજન્સીઓના સહયોગથી હાથ ધરવામાં આવી રહ્યો છે, અને તેમાં ટેકનિકલ કુશળતા અને જાપાનની વૈશ્વિક સ્તરે પ્રશંસા પામેલી રેલ સલામતી બંને પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

તાલીમ કાર્યક્રમનો એક વિડીયો વાયરલ થયો છે, જેમાં એક ભારતીય લોકો પાયલોટ જાપાની 'પોઇન્ટ-એન્ડ-કોલ' સલામતી પદ્ધતિનો અભ્યાસ કરે છે, જ્યાં ડ્રાઇવરો ફિઝીકલી અને મૌખિક રીતે ઓપરેશનલ સ્થિતિની પુષ્ટિ કરે છે. જાપાનમાં માનવ ભૂલ ઘટાડવા અને પરિસ્થિતિગત જાગૃતિને મજબૂત કરવા માટે આ ટેક્નિકનો વ્યાપકપણે ઉપયોગ થાય છે. ક્લિપમાં તાલીમાર્થી મુશ્કેલ તાલીમ પ્રક્રિયા અને જાપાની રેલવે શિસ્તમાં અનુકૂલન સાધવાના તેના અનુભવને પણ શેર કરે છે.

દરમિયાન, ભારતના પ્રથમ બુલેટ ટ્રેન કોરિડોરનું બાંધકામ નિર્ણાયક તબક્કામાં છે. સ્ટેટિસ્ટિક અને પ્રોગ્રામ અમલીકરણ મંત્રાલયના તાજેતરના ડેટા અનુસાર, ૫૦૮ કિમી લાંબા આ પ્રોજેક્ટે નવેમ્બર સુધીમાં ૫૬ ટકાથી વધુ કામ પૂર્ણ કર્યું છે. આ પ્રોજેક્ટને પ્રોજેક્ટ એસેસમેન્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર મોનિટરિંગ અને એનાલિટિક્સ ફોર નેશન બિલ્ડીંગ પોર્ટલ હેઠળ ટ્રેક કરવામાં આવી રહ્યો છે.

અત્યાર સુધીમાં, આ પ્રોજેક્ટ પર ૮૫,૩૩૮ કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ થયો છે, જ્યારે પૂર્ણ થયા પછી કુલ અંદાજિત ખર્ચ આશરે ૧.૦૮ લાખ કરોડ રૂપિયા થવાનો અંદાજ છે. આ કોરિડોર ૩૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડતી ટ્રેનો માટે ડિઝાઇન કરવામાં આવ્યો છે, જે મુંબઈ અને અમદાવાદ વચ્ચે મુસાફરીના સમયમાં ધરખમ ઘટાડો કરશે.

કેન્દ્રીય રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે અગાઉ જાહેરાત કરી હતી કે ભારતની પ્રથમ બુલેટ ટ્રેન ઓગસ્ટ ૨૦૨૭ માં શરૂ થશે, જે સુરત અને વાપી વચ્ચેના ૧૦૦ કિમીના પટને આવરી લેશે. એકવાર સંપૂર્ણ રીતે કાર્યરત થયા પછી, બુલેટ ટ્રેન મુંબઈ-અમદાવાદનું અંતર ફક્ત ૧ કલાક અને ૫૮ મિનિટમાં પૂર્ણ કરશે તેવી અપેક્ષા છે.

અધિકારીઓ માને છે કે જાપાનમાં માળખાગત પ્રગતિ અને અદ્યતન માનવ સંસાધન તાલીમનું સંયોજન ભારતની હાઇ-સ્પીડ રેલ સિસ્ટમમાં સલામતી કાર્યક્ષમતા અને વિશ્વસનીયતાના વૈશ્વિક ધોરણોને પૂર્ણ કરે તે સુનિશ્ચિત કરવા માટે મહત્ત્વપૂર્ણ રહેશે. ■

# યુવકનું અપહરણ કરીને તેના મિત્ર પાસે પાંચ લાખની ખંડણી માગી

થાણેઃ થાણેમાં બે અજાણ્યા શખસે ૨૦ વર્ષના યુવકનું અપહરણ કર્યા બાદ તેના છુટકારા માટે તેના મિત્ર પાસે પાંચ લાખ રૂપિયાની ખંડણી માગી હતી.

માનપાડા વિસ્તારમાં શનિવારે સાંજે આ ઘટના બની હતી, જ્યારે બીજા મિત્રને મળ્યા બાદ યુવક તેના મિત્ર સાથે મોટરસાઇકલ પર પાછો ફરી રહ્યો હતો.

દરમિયાન ટૂ-વ્હીલર પર આવેલા બે અજાણ્યા શખસે યુવક અને તેના મિત્રને આંતર્યા બાદ તેમની મારપીટ કરી હતી. બાદમાં તેઓ યુવકને જબરજસ્તીથી ટૂ-વ્હીલર પર બેસાડી સાથે લઇ ગયા હતા. અપહરણકારોએ ત્યાર બાદ યુવકના મિત્રનો સંપર્ક કર્યો હતો અને તેના છુટકારા માટે પાંચ લાખ રૂપિયાની ખંડણી માગી હતી.

યુવકના મિત્રએ આ પ્રકરણે પોલીસમાં ફરિયાદ નોંધાવ્યા બાદ તેને ખંડણી માટે અપહરણકારોના કોઇ કૉલ આવ્યા નહોતા. પોલીસને શંકા છે કે આ ઘટના અંગત દુશ્મનાવટનું પરિણામ હોઇ શકે છે. પોલીસે રવિવારે અપહરણ અને ખંડણીનો ગુનો દાખલ કર્યો હતો. (પીટીઆઇ)■

# મહારાષ્ટ્ર સરકારે શૈક્ષણિક સંસ્થાઓમાં ફેકલ્ટી માટે પ્રમોશનના ધોરણ હળવા કર્યા

મુંબઈઃ મહારાષ્ટ્રએ ટેકનિકલ શિક્ષણ નિયામક મંડળ હેઠળ સરકારી અને સહાયિત ડિપ્લોમા અને ડિગ્રી સંસ્થાઓમાં ફેકલ્ટી માટે કરિયર એડવાન્સમેન્ટ સ્કીમ (સીએએસ) હેઠળ ઘણી પાત્રતા શરતોને નોંધપાત્ર રીતે હળવી કરી દીધી હોવાનું અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું. આ રાહતને પગલે જેમને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ સુધી રિફ્રેશર અભ્યાસક્રમો પૂર્ણ કરવા માટે મંજૂરી આપવામાં આવી હતી એવા કરાર પર કામ કરતા અથવા કામચલાઉ નિમણૂકોમાંથી નિયમિત કરાયેલા અમુક લેક્ચરર્સને પાછલી અસરથી સીએએસ લાભ આપવામાં આવશે. સરકારે પાંચ માર્ચ, ૨૦૧૦ પહેલાં નિયુક્ત થયેલા લેક્ચરર્સ માટે સીએએસ હેઠળ ઉચ્ચ પગાર મેળવવા પ્લેસમેન્ટ માટે ફરજિયાત પીએચડી આવશ્યકતાને પણ માફ કરી દીધી છે. બુધવારે જારી કરાયેલા એક સરકારી ઠરાવ (જીઆર) દ્વારા પ્રમોશન માટે શૈક્ષણિક, તાલીમ અને લાયકાતની આવશ્યકતાઓ અંગે નવી છૂટછાટ બહાર પાડવામાં આવી હતી. આ પગલું મહારાષ્ટ્ર એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલના ૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ના આદેશને અનુસરે છે, જેમાં જૂન ૨૦૨૨ના જીઆરને પડકારતી લેક્ચરર્સ દ્વારા દાખલ કરાયેલી અરજીઓને આંશિક રીતે મંજૂરી આપવામાં આવી હતી અને સીએએસ ધોરણો પર સંબંધિત પરિપત્ર રદ કરવામાં આવ્યો હતો. ટ્રિબ્યૂનલના નિર્દેશો અને ફેકલ્ટી તરફથી મળેલી રજૂઆતોને ટાંકી રાજ્યએ જૂન ૨૦૨૨ના જીઆરની સમીક્ષા કરવા માટે ટેકનિકલ શિક્ષણ (મુંબઈ પ્રદેશ)ના સંયુક્ત નિયામક ડો. પ્રમોદ નાઈકના નેતૃત્વમાં પાંચ સભ્યોની સમિતિની રચના કરી હતી.(પીટીઆઈ)■

## આવતી મૅચમાં કોની વિકેટ પડશે...

# તિલક, રિંકુ કે અભિષેક?

### ટીમ મેનેજમેન્ટનો સ્પષ્ટ સંકેત કે આઉટ ઓફ બૅટસમેનોમાંના ‘કોઈક’ને હવે ડ્રોપ કરાશે

અમદાવાદઃ દક્ષિણ આફ્રિકા સામેની સુપર-૮ મેચમાં ભારતના વાઈસ કેપ્ટન અક્ષર પટેલને ટીમમાંથી પડતા મુકવાના નિર્ણયને લઈને અનેક સવાલો ઉઠી રહ્યા છે. જોકે સહાયક કોચ રિયાન ટેન ડોશેટ અને બેટિંગ કોચ સિતાંશુ કોટકે જણાવ્યું હતું કે આ નિર્ણય સંપૂર્ણપણે વ્યૂહાત્મક મજબૂરીના કારણે લેવામાં આવ્યો હતો. નોંધનીય છે કે ભારત દક્ષિણ આફ્રિકા સામે ૭૬ રનથી હારી ગયું હતું. ટીમમાં અક્ષરના સ્થાને વોશિંગ્ટન સુંદરને પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન આપવામાં આવ્યું હતું જે બોલિંગ અને બેટિંગ બંન્નેમાં નિષ્ફળ રહ્યો હતો.

દક્ષિણ આફ્રિકા સામેની શરમજનક હાર બાદ ટીમ ઈન્ડિયાના સહાયક કોચ રાયન ટેન ડોશેટ અને બેટિંગ કોચ સિતાંશુ કોટકે સંકેત આપ્યા હતા કે ઝિમ્બાબ્વે સામેની મેચ માટે ટીમ ઈન્ડિયાની પ્લેઈંગ ઈલેવનમાં ચોક્કસપણે ફેરફાર થશે. તેમણે એમ પણ કહ્યું કે રિંકુ સિંહ, તિલક વર્મા અથવા અભિષેક શર્મામાંથી એકને આગામી મેચમાંથી બહાર કરી શકાય છે. આ ત્રણેય બેટ્સમેનોએ આ વર્લ્ડ કપમાં હજુ સુધી કોઈ મહત્ત્વપૂર્ણ ઇનિંગ રમી નથી.

સમાચાર એજન્સી



પીટીઆઈએ ટીમ ઈન્ડિયાના બેટિંગ કોચ સિતાંશુ કોટકને ટાંકીને કહ્યું હતું કે, ‘‘જો મુખ્ય કોચ અને ટીમ મેનેજમેન્ટને લાગે છે કે આપણે કંઈક અલગ કરવાની જરૂર છે, તો અમે કરીશું. અમે હવે વિચારી રહ્યા છીએ કે આપણે કયા ફેરફારો કરીશું અને કેવી રીતે કરીશું.‘‘ તેમણે વધુમાં કહ્યું હતું કે, ‘‘અમે એવા તબક્કે પહોંચી ગયા છીએ જ્યાં આપણે વિચારવું પડશે કે કંઈક અલગ કરવાનો પ્રયાસ કરવો કે તે જ કોમ્બિનેશન સાથે આગળ વધવું.

કોટકે કહ્યું હતું કે , ‘‘બેટિંગ કોચ તરીકે મારું માનવું છે કે તેને વધુ પડતી સલાહ આપવા કરતાં તેના મનને શાંત થવા દેવું શ્રેષ્ઠ છે. તમે બે દિવસમાં કંઈ બદલી શકતા નથી પરંતુ તેને વધુ પડતી સલાહ આપવાથી તેનો આત્મવિશ્વાસ ડગમગી શકે છે. તેણે બોલ પર નજર રાખવાની અને તેની ઇનિંગ્સ સુધારવાની જરૂર છે.’’ અભિષેક શર્માને આગામી મેચમાં રમવાની તક મળે છે કે કેમ તે જોવાનું બાકી છે.

ટેન ડોશેટે સ્વીકાર્યું હતું કે ટીમમાં નિષ્ણાત બેકઅપ બેટ્સમેનનો અભાવ છે, જે ચિંતાનો વિષય છે. ટેન ડોશેટે કહ્યું હતું કે, ‘‘તમે એવા ખેલાડીઓ પસંદ કરી શકો છો જે તમને લાગે છે કે છેલ્લા દોઢ વર્ષથી સારું રમી રહ્યા છે, ભલે તેઓ હાલમાં રન બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યા હોય. અથવા તમે ફેરફાર કરીને સંજુ સેમસનને લાવી શકો છો, જે એક શાનદાર ખેલાડી છે અને ટોચના ક્રમમાં જમણા હાથનો બેટ્સમેન હોવા પણ મદદરૂપ થશે.’’

ભારતીય ટીમ મેનેજમેન્ટ ત્રણ આઉટ ઓફ ફોર્મ બેટ્સમેનમાંથી ઓછામાં ઓછા એકને પડતો મૂકી શકે છે અને ટોપ ઓર્ડરમાં અનેક આક્રમક બેટ્સમેનોને રમવાની તેની વ્યૂહરચનાની પણ સમીક્ષા કરશે. તેમણે કહ્યું, ‘‘ અભિષેક અને તિલકનું ફોર્મ ટીમ માટે ચિંતાનો વિષય છે. તેમણે કહ્યું હતું કે, ‘‘હું અભિ કે તિલક માટે કોઈ બહાનું નહીં બનાવું. તેમને કોઈ બહાનાની જરૂર નથી.’’ ■

# વિન્ડિઝના ૨૫૪ રનના મહાકાય સ્કોર નીચે કચડાઈ ગયું ઝિમ્બાબ્વે


મુંબઈઃ વાનેખેડે સ્ટેડિયમમાં ગઈ કાલે રમાયેલી ટી૨૦ વર્લ્ડ કપની સુપર-એઇટની મેચમાં વેસ્ટ ઈન્ડિઝના હિમાલય જેવા મોટા સ્કોર નીચે ઝિમ્બાબ્વે દબાઈ ગયું હતું અને ઓસ્ટ્રેલિયા તથા શ્રીલંકાને હરાવીને જાયન્ટ કિલરનું બીરુદ હાંસલ કરનાર ઝિમ્બાબ્વે ૨૫૫ રનના ટાર્ગેટ સામે કશી કમાલ દેખાડી નહોતું શક્યું.

અત્રે એ ઉલ્લેખનીય છે કે આ બંને ટીમ ભારતના જ ગ્રૂપમાં છે અને ગુરુવારે ઝિમ્બાબ્વે સામે તથા રવિવારે ભારતે વિન્ડિઝ સામે રમવાનું છે.

કેરેબિયન ટીમના છ વિકેટે ૨૫૪ રનના સ્કોરનો પીછો કરવા મેદાનમાં ઊતરેલી ઝિમ્માબ્વેની ટીમ ૧૭.૪ ઓવરમાં ૧૪૭ રનમાં ઓલ આઉટ થઈ ગઈ હતી અને ૧૦૭ રનથી મુકાબલો હારી ગઈ હતી.

વેસ્ટ ઈન્ડિઝના ડાબેરી સ્પીનરો ગુડકેશ મોટી (૪/૨૮) અને અકીલ હુસૈન (૩/૨૮)એ તરખાટ મચાવ્યો હતો અને ઝિમ્બાબ્વે પાસે આ બંનેની બોલિંગનો જવાબ નહોતો.

ટી-૨૦ વર્લ્ડકપમાં સુપર-૮ મેચમાં વેસ્ટ ઇન્ડિઝે ઝિમ્બાબ્વેને જીતવા માટે ૨૫૫ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. ઝિમ્બાબ્વેએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. વેસ્ટ ઇન્ડિઝ તરફથી શિમરોન હેટમાયર (૮૫) અને રોવમેન પોવેલ (૫૯) એ આક્રમક અડધી સદી ફટકારી હતી. વેસ્ટ ઇન્ડીઝે ૨૦ ઓવરમાં છ વિકેટ ગુમાવીને ૨૫૪ રન કર્યા હતા. આ વર્લ્ડ કપનો સૌથી મોટો સ્કોર છે.



અર્ધ સદીને સેલિબ્રેટ કરી રહેલો શિમરોન હેટમાયર.

પહેલા બેટિંગ કરતા વેસ્ટ ઈન્ડિઝની શરૂઆત સારી રહી નહોતી. બ્રેન્ડન કિંગે ત્રીજી ઓવરમાં જ પોતાની વિકેટ ગુમાવી દીધી હતી, જેમાં તેણે ફક્ત ૯ રન કર્યા હતા. જોકે, હેટમાયર અને શાઈ હોપે ત્યારબાદ સારી બેટિંગ કરી હતી. જોકે, છટ્ઠી ઓવરમાં વેસ્ટ ઈન્ડિઝને બીજો ઝટકો લાગ્યો હતો. વેસ્ટ ઈન્ડિઝનો સ્કોર ૯મી ઓવરમાં ૧૦૦ રનને પાર કરી ગયો હતો. ત્યારબાદ પોવેલે ૨૯ બોલમાં ફિફ્ટી ફટકારી હતી. બંને ખેલાડીએ આક્રમક બેટિંગ કરી હતી. હેટમાયર ૩૪ બોલમાં ૮૫ રન ફટકાર્યા બાદ આઉટ થયો હતો. હેટમાયરે ૭ ચોગ્ગા અને ૭ છગ્ગા ફટકાર્યા હતા. પોવેલે પણ ૧૭મી ઓવરમાં પોતાની વિકેટ ગુમાવી દીધી. ■

## ક્લાસિફાઈડ


**૯. લગ્ન સંબંધી**

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૮૧૮/એફ)

**૧૭. જગ્યા આપવી છે**

GHATKOPAR EAST
FOR SALE/ RENT
Luxurious 3 BHK
Flat with 1020 Sq. ft.
With 2 Car Parks
Ready Possession
With Full OC
PRITY CHSL,
Off Hingwala Lane.
Mob - 9537765423

(B-17146)

**૧૯. ફેક્ટરી વર્કશોપ**

**વસઈ - કામણ**
સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)

**૩૩. ધંધાદારી**

■ આયુર્વેદિક કંપનીમાં બેરોજગાર મહિલા/ પુરુષ/ ગૃહિણી ઘરે બેઠા ઔષધ પેકિંગ કરીને દર મહિને ભરપૂર પૈસા કમાવો. સંપર્ક- 9153791752/ 8337081262. (૮૩૨-એ)

સ્વાદિષ્ટ, સાત્વીક, પોષ્ટીક
હોળી માટે સ્પેશીયલ
ઠંડાઈ
કેશર ઠંડાઈ
શરબત-સીરપઃ ડ્રાયફ્રૂટ, રોઝબદામ, કેશર ઈલાયચી, રાજભોગ વગેરે
નરમસ્ ફૂડ પ્રોડકટ્સ
રીયલ ટેસ્ટ, પ્યોર ક્વોલીટી©
7977174474/7506953328
અગ્રગણ્ય ડ્રાયફ્રૂટ, જનરલ, સુપર સ્ટોરમાં ઉપલબ્ધ

(એસડીબી-૩૧૨૯)

**૩૫. જ્યોતિષ ભવિષ્ય**

**રાજમણી જ્યોતિષ**
જીવનની તમામ સમસ્યાઓનું સમાધાન. ગૃહકલેશ, સૌતન, સંતાન, વિવાહ, છૂટાછેડા, લવ પ્રોબ્લેમ. 9987679488. (મીરારોડ) (બી-૧૭૧૪૧)

મુંબઈ સમાચાર
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# ટીમ ઈન્ડિયા અહંકાર છોડે, દરેક બૉલે ફોર-સિક્સ ન લાગેઃ ગાવસ્કર

અમદાવાદઃ દિગ્ગજ બેટ્સમેન સુનીલ ગાવસ્કરનું માનવું છે કે ભારતે દક્ષિણ આફ્રિકા સામે રમાયેલી ટી-૨૦ વર્લ્ડ કપની મેચમાંથી શીખવું જોઈએ અને વધુ પડતા આત્મવિશ્વાસમાંથી બહાર આવવું જોઈએ. વધુ આત્મવિશ્વાસ સાથે મેદાન પર ઉતરીને તમામ બોલ પર બાઉન્ડ્રી ફટકારવાના બદલે પરિસ્થિતિ અનુસાર રમવું જોઈએ. ભારતને દક્ષિણ આફ્રિકા સામેની સુપર આઠ મેચમાં તેના બેટ્સમેનોની નિષ્ફળતાને કારણે ૭૬ રનથી કારમી હારનો સામનો કરવો પડ્યો હતો.

ગાવસ્કરે કહ્યું હતું કે ‘‘ભારતીય બેટ્સમેનોએ બ્રેવિસ અને મિલર વચ્ચેની ભાગીદારીમાંથી શીખવાની અને સમાન અભિગમ અપનાવવાની જરૂર હતી. ભારતીય બેટ્સમેનોએ એવું ન કર્યું. તેઓ વધુ પડતા આત્મવિશ્વાસમાં રહ્યા અને દરેક બોલ પર ચોગ્ગો અને સિક્સ ફટકારવાનો પ્રયાસ કરતા હતા જેના કારણે તેમણે વિકેટ ગુમાવી દીધી હતી. દક્ષિણ આફ્રિકા રમતના દરેક વિભાગમાં ભારત કરતાં શ્રેષ્ઠ સાબિત થયું.’’ દક્ષિણ આફ્રિકાની શરૂઆત સારી નહોતી, એક સમયે ત્રણ વિકેટે ૨૦ રન હતા. જોકે, મિલર અને બ્રેવિસે ત્યારબાદ ૯૭ રનની ભાગીદારી કરી, જેણે દક્ષિણ આફ્રિકાને સાત વિકેટે ૧૮૭ રન સુધી પહોંચવામાં મદદ કરી હતી. જેના જવાબમાં ભારતીય ટીમ ૧૮.૫ ઓવરમાં ૧૧૧ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ગાવસ્કરે કહ્યું હતું કે, ‘‘ભારતે દક્ષિણ આફ્રિકા પાસેથી કંઈ શીખ્યું નથી. ભારતીય બેટ્સમેન ક્રીઝ પર આવ્યા અને દરેક બોલને બાઉન્ડ્રી લાઇનની ઉપર ફટકારવાનો પ્રયાસ કર્યો હતો. ટી-૨૦ ક્રિકેટ આ રીતે રમાતું નથી.’’

તેમણે કહ્યું હતું કે, ‘‘તમારે વિરોધી ટીમ પાસેથી શીખવું જોઈતું હતું. જો તેઓ આવી મુશ્કેલ પિચ પર સારો સ્કોર કરી શકતા હોય તો તો તમારે તમારા અહંકારને છોડીને તેમની ઇનિંગ્સનું વિશ્લેષણ કરીને પરિસ્થિતિઓ અનુસાર બેટિંગ કરવી જોઈતી હતી.’’

ભારતે પાવર પ્લેમાં તેમના ટોચના ત્રણ બેટ્સમેન - ઇશાન કિશન (૦), અભિષેક શર્મા (૧૫) અને તિલક વર્મા (૦)ની વિકેટ ગુમાવી દીધી હતી. તિલક વર્મા ખૂબ જ સ્માર્ટ બેટ્સમેન છે, પરંતુ આ મેચમાં તે જે રીતે રમ્યો તેનાથી તિલકને થોડો સમય ક્રીઝ પર વિતાવવો જોઈતો હતો. તેણે ભાગીદારી બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈતું હતું. ■

# ‘કુલદીપને ન રમાડવો એક ભૂલ છે’

### પાકિસ્તાની ભૂતપૂર્વ ક્રિકેટર ભડકયો ગંભીર પર

નવી દિલ્હીઃ દક્ષિણ આફ્રિકાએ ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં સુપર એઇટ મેચમાં ભારતને ૭૬ રનથી હરાવ્યું હતું. દક્ષિણ આફ્રિકા સામેની હાર બાદ ભારતીય ટીમના મેનેજમેન્ટ પર અનેક પૂર્વ ભારતીય બેટ્સમેનો સવાલ ઉઠાવી રહ્યા છે. ભારતના મુખ્ય બેટ્સમેનોને તેમના નબળા પ્રદર્શન માટે ટીકાનો સામનો કરવો પડી રહ્યો છે. દક્ષિણ આફ્રિકા સામેની હાર બાદ એક ભૂતપૂર્વ પાકિસ્તાની ખેલાડીએ ગૌતમ ગંભીરની રણનીતિ પર સવાલ ઉઠાવ્યા હતા.

પાકિસ્તાનના ભૂતપૂર્વ ઓપનિંગ બેટ્સમેન અહેમદ શહેઝાદે કહ્યું હતું કે, ટીમ ઈન્ડિયા અધૂરા બોલિંગ આક્રમણ સાથે વર્લ્ડ કપ રમી રહી છે. ભારતની પ્લેઇંગ ઇલેવનમાં કુલદીપ યાદવનો સમાવેશ કરાયો નથી, જે વિકેટ લેનાર બોલર છે. ગૌતમ ગંભીર બધી યોજના બનાવી રહ્યો છે. જો ભારતીય ટીમ આ અભિગમ રાખશે તો મને નથી લાગતું કે તેઓ સેમિફાઇનલ માટે ક્વોલિફાય થઈ શકશે. શહેઝાદનું માનવું છે કે જ્યારે વરુણ ચક્રવર્તી આ મેચમાં ઘણા બધા રન આપી રહ્યો હતો ત્યારે શિવમ દુબેને બોલિંગ આપવી જોઈતી નહોતી. ■

# અક્ષરને બહાર બેસાડયો શું કામ?

### અર્જિંકય રહાણે, માઈકલ વૉનનો ટીમ ઈન્ડિયાના મેનેજમેન્ટને સણસણતો સવાલ

અમદાવાદઃ દક્ષિણ આફ્રિકા સામેની આઈસીસી ટી-૨૦ વર્લ્ડ કપમાં સુપર એઇટની મેચમાં વોશિંગ્ટન સુંદરને પ્લેઇંગ ઇલેવનમાં સ્થાન આપવાના નિર્ણય પર સવાલો ઊઠી રહ્યા છે. રવિવારની મેચમાં ભારતનો ૭૬ રનથી પરાજય થયો હતો. પ્રભાવશાળી બોલિંગ રેકોર્ડ અને વાઈસ કેપ્ટન હોવા છતાં અક્ષર પટેલને પ્લેઈંગ ઈલેવનમાંથી પડતો મૂકવામાં આવ્યો હતો. ભારતીય ટેસ્ટ ટીમના પૂર્વ કેપ્ટન અજિંક્ય રહાણે આ નિર્ણયથી નારાજ જોવા મળ્યો હતો અને તેનું માનવું છે કે ભારતીય ટીમ મેનેજમેન્ટ ‘ઓવરસ્માર્ટ’ બની રહ્યું છે.

રહાણેએ કહ્યું હતું કે દક્ષિણ આફ્રિકા સામેની મેચમાં જસપ્રીત બુમરાહે ક્વિન્ટન ડી કોક અને રાયન રિકલ્ટન બંન્નેને આઉટ કર્યા હતા. જોકે, ડેવિડ મિલરે વોશિંગ્ટન સામે ખૂબ જ સરળતાથી બેટિંગ કરી હતી. સુંદરે ફક્ત બે ઓવર ફેંકી અને ૧૭ રન આપ્યા હતા. જોકે, તે કોઈ પણ અસરકારક પ્રદર્શન કરી શક્યો નહોતો. મિલર અને ડેવાલ્ડ બ્રેવિસે તેનો ફાયદો ઉઠાવ્યો હતો.

રહાણેએ કહ્યું હતુ કે ‘‘મને ખરેખર આશ્ચર્ય થયું છે કે અક્ષર પટેલ રમ્યો નહીં. મને સમજાતું નથી કે શું થઈ રહ્યું છે. હા, વોશિંગ્ટન સુંદર એક શાનદાર પ્લેયર છે કોઈ તેની વિરુદ્ધ નથી. પરંતુ અક્ષર વિવિધ પરિસ્થિતિઓમાં ખૂબ સારું પ્રદર્શન કરી રહ્યો છે. ક્યારેક મને લાગે છે કે જ્યારે તમે પસંદગીની દ્રષ્ટિએ ઓવર સ્માર્ટ બનો છો ત્યારે તે તમને નુકસાન પહોંચાડે છે. તમે સુંદરને દક્ષિણ આફ્રિકાની લાઇનઅપમાં ઘણા બધા ડાબોડી બેટ્સમેન હતા જેના કારણે તેને રમાડ્યો પરંતુ તેણે ફક્ત બે ઓવર ફેંકી હતી.’’



ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન માઈકલ વૉને પણ ભારતીય ટીમ મેનેજમેન્ટ પર સવાલ ઉઠાવ્યા હતા. વૉને અક્ષરના સ્થાન પર વોશિંગ્ટનને રમાડવાના નિર્ણયને ચોંકાવનારો ગણાવ્યો હતો. ■

# વરુણ પર લગામ તાણી એટલે મળી સફળતાઃ ડેવિડ મિલર



અમદાવાદઃ ભારત સામે ટી-૨૦ વર્લ્ડ કપ સુપર-૮ મેચમાં સ્પિનર વરુણ ચક્રવર્તીને કાબૂમાં રાખવા માટે દક્ષિણ આફ્રિકાની રણનીતિ અંગે આક્રમક બેટ્સમેન ડેવિડ મિલરે કહ્યું કે તેના માટે ફક્ત શાંત મન, મર્યાદિત મૂવમેન્ટ અને મજબૂત ઈરાદાની જરૂર છે. નોંધનીય છે કે રવિવારે આ મહત્ત્વપૂર્ણ મેચમાં દક્ષિણ આફ્રિકાએ ભારતને ૭૬ રનથી હરાવ્યું હતું. ફોર્મમાં રહેલા ચક્રવર્તીને ભારતનો ટ્રમ્પ કાર્ડ માનવામાં આવતો હતો પરંતુ તેણે ચાર ઓવરમાં ૪૭ રન આપ્યા હતા. મિલર (૩૫ બોલમાં ૬૩ રન) અને ડેવાલ્ડ બ્રેવિસ (૨૯ બોલમાં ૪૫ રન) એ તેની ઓવરમાં આક્રમક બેટિંગ કરી હતી.

મિલરે મેચ પછી પત્રકારોને જણાવ્યું હતું કે, ‘‘મને લાગે છે કે જો તે ખરાબ બોલ ફેંકે છે, તો આપણે તેને દૂર રમી શકીએ છીએ. બોલ વધુ ફરતો ન હતો, તેથી તે યોગ્ય રણનીતિ હતી. ફરી એકવાર અમને લાગ્યું કે તેના પર દબાણ લાવવું મહત્ત્વપૂર્ણ હતું કારણ કે તે દરેક વિરોધી માટે ખતરો છે. અમે તેના વિશે વાત કરી હતી.’’

પોતાની ઇનિંગ્સ અંગે મિલરે કહ્યું હતું કે તે ખાતરી કરવા વિશે હતું કે તમે સરળ બાબતો અને તમારી તૈયારીની મૂળભૂત બાબતોને વળગી રહો. તે મારો હેતુ હતો. મારા શ્વાસ, વિકેટો વચ્ચે દોડ, મર્યાદિત હલનચલન આ બધી નાની બાબતો છે, પરંતુ હું તેના પર ધ્યાન કેન્દ્રિત કરું છું.

જીત અંગે તેણે કહ્યું હતું કે, ‘‘ભારતને હરાવી શકાય છે. ભારતીય ટીમ ઉત્તમ છે, પરંતુ અમે આ પ્રકારની ટૂર્નામેન્ટમાં ખાતરી કરવા માંગીએ છીએ કે અમે સરળ બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરીએ અને લક્ષ્ય ગુમાવીએ નહીં. અમારી ટીમ ખૂબ જ પરિપક્વ છે અને અમે સાથે મળીને ઘણું ક્રિકેટ રમ્યા છીએ.’’ ■

# આજથી રણજી ટ્રૉફી ફાઇનલમાં કર્ણાટક V/S જમ્મુ-કાશ્મીર

### સ્ટાર ખેલાડીઓ સાથેની કર્ણાટકની ટીમ ફેવરિટ

હુબલીઃ આજથી રણજી ટ્રોફીની ફાઈનલમાં જમ્મુ-કાશ્મીર અને કર્ણાટક વચ્ચે ટક્કર જોવા મળશે. જમ્મુ કાશ્મીરની ટીમ પ્રથમવાર રણજી ટ્રોફી ફાઇનલમાં પહોંચી છે. જ્યારે તેણે ટાઈટલ જીતવા માટે આઠ વખતના ચેમ્પિયન કર્ણાટક સામે ચમત્કારિક પ્રદર્શન કરવું પડશે. કર્ણાટકને તેના ભૂતકાળના પ્રદર્શનને કારણે મજબૂત દાવેદાર માનવામાં આવે છે. આ સીઝનમાં મુખ્ય ખેલાડીઓને ઇજાઓ થવા છતાં તેણે વિવિધ પરિસ્થિતિઓમાં અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું છે. રાજકોટમાં સૌરાષ્ટ્ર સામેની પહેલી મેચમાં નબળી શરૂઆત પછી કર્ણાટકે પોતાના મેદાન પર અને બહાર બંને જગ્યાએ મજબૂત પ્રદર્શન કર્યું છે. તેના સ્ટાર બેટ્સમેન કેએલ રાહુલ, કરુણ નાયર, દેવદત્ત પડિક્કલ અને રવિચંદ્રન સ્મરણે ટીમને આ સફળતા અપાવી હતી. રાહુલે ત્રણ મેચમાં ૪૫૭ રન, કરુણે આઠ મેચમાં ૬૯૯ રન, પડિક્કલે પાંચ મેચમાં ૫૩૨ રન અને સ્મરણે આઠ મેચમાં ૯૫૦ રન ફટકાર્યા છે. આનાથી કર્ણાટકને કેપ્ટનશીપમાં ફેરફાર સાથે અનુકૂલન કરવામાં પણ મદદ મળી હતી. પડિકક્લે મયંક અગ્રવાલ પાસેથી ટીમની કેપ્ટનશીપ સંભાળી અને બેટિંગ અને કેપ્ટનશીપ બંનેમાં પ્રશંસનીય પ્રદર્શન કર્યું હતું. જોકે, આ મજબૂત બેટિંગ લાઇન-અપને જમ્મુ અને કાશ્મીરના ઉત્કૃષ્ટ બોલિંગ આક્રમણનો સામનો કરવો પડશે, જેનું નેતૃત્વ ઝડપી બોલર આકિબ નબી કરી રહ્યો છે. જમ્મુ અને કાશ્મીર ૬૭ વર્ષ પહેલા રણજી ટ્રોફીમાં ડેબ્યૂ કર્યા પછી પહેલી વાર ફાઇનલમાં પહોંચ્યું છે. નબીએ આ સીઝનમાં ૫૫ વિકેટ લીધી છે. ■

# ભારતને સેમિ-ફાઈનલનો હજી મોકોઃ જાણો, કેવી રીતે...

અમદાવાદઃ ટી-૨૦ ફોર્મેટના વર્લ્ડ નંબર-વન ભારતે રવિવારે અમદાવાદમાં ૯૦,૯૫૪ પ્રેક્ષકની હાજરીમાં પાંચમા નંબરના સાઉથ આફ્રિકા સામે અણધારી જોરદાર પછડાટ ખાધી ત્યાર પછી હવે કરોડો ભારત તરફી ક્રિકેટ પ્રેમીઓ વિચારતા હશે કે સેમિ-ફાઇનલમાં પહોંચવાનો ટીમ ઇન્ડિયાને સુપર-એઇટ રાઉન્ડમાં હજી કેટલો મોકો છે? આ ટૂર્નામેન્ટમાં સૂર્યકુમારની ટીમ પહેલી જ વખત હારી, પરંતુ આ ટીમ હજીયે કમબેક કરીને સેમિ-ફાઇનલમાં પહોંચી શકે છે.

**૧૨ જીતનો વિજયરથ અટક્યો**

૧૫મી ફેબ્રુઆરીએ કોલંબોમાં ભારતે પાકિસ્તાનને ફક્ત ૧૧૪ રનમાં આઉટ કરીને જે રીતે ૬૧ રનથી જવલંત વિજય મેળવ્યો હતો એવું રવિવાર, ૨૨મી ફેબ્રુઆરીએ અમદાવાદમાં સાઉથ આફ્રિકાએ ભારત સાથે કર્યું જેમાં એણે ટીમ ઇન્ડિયાનો દાવ ૧૧૧ રન પર રોકીને ૭૬ રનથી મેચ જીતી લીધી હતી. ભારતીય ટીમ ટી-૨૦ વર્લ્ડ કપના ઇતિહાસમાં છેલ્લી ૧૨ મેચ જીતી હતી, પરંતુ રવિવારે એ વિજયરથ અટકી ગયો.



◀ ટીમ હડલમાં વ્યૂહરચનાની ચર્ચા કરી રહેલી ભારતીય ટીમ.



સાઉથ આફ્રિકાના બે ફીલ્ડરો એક કેચ લેતી વખતે અથડાયા હતા. ▶

**ભારત સારું કમબેક કરી શકશે**

સાઉથ આફ્રિકાએ પ્રથમ બેટિંગ લઈને ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૮૭ રન કર્યા હતા. જેમાં મેન ઑફ ધ મેચ ડેવિડ મિલરના ૬૩ રન, ડેવાલ્ડ બ્રેવિસના ૪૫ રન અને ટ્રિસ્ટેન સ્ટબ્સના અણનમ ૪૪ સામેલ હતા. બુમરાહે ત્રણ વિકેટ અને અર્શદીપે બે વિકેટ લીધી હતી. ભારતનો દાવ ૧૮.૫ ઓવરમાં ફક્ત ૧૧૧ રનમાં સમેટાઈ ગયો હતો. જેમાં શિવમ દુબેના ૪૨ રન હાઈએસ્ટ હતા. માર્કો યેનસેને ચાર, કેશવ મહારાજે ત્રણ, કોર્બિન બોશ્વે બે અને એઇડન માર્કરમે એક વિકેટ લીધી હતી. જોકે વિશ્વની અવ્વલ ક્રમની ભારતીય ટીમ આ આઘાત દૂર કરીને ફરી વિજયપથ પર આવી શકે છે અને એ માટે ભારતીય ટીમે થોડા સંઘર્ષનો સામનો કરવો પડશે.

### ભારત હવે કેવી રીતે સેમિમાં પહોંચી શકે?

(૧) સુપર-એઇટ રાઉન્ડમાં ભારતની હવે ગુરુવાર, ૨૬મી ફેબ્રુઆરીએ ચેન્નઈમાં ઝિમ્બાબ્વે સામે મેચ (સાંજે ૭.૦૦ વાગ્યાથી) છે. ભારતે આ મેચ જીતવી જ પડશે.

(૨) ભારતે રવિવાર, પહેલી માર્ચે કોલકાતામાં વેસ્ટ ઈન્ડિઝ સામે રમનારી મેચ પણ જીતવી પડશે.

(૩) ગ્રૂપ-૧માં જો ભારતના બીજી કોઈ ટીમ સાથે એકસરખા પોઇન્ટ હશે તો એ ટીમમાંથી જે ટીમે સૌથી વધુ જીત મેળવી હશે એ સેમિમાં જશે.

(૪) એમ છતાં પણ જો બે ટીમના પોઇન્ટ અને જીતેલી મેચની સંખ્યા એકસરખી હશે તો નેટ રનરેટ પરથી ફેંસલો લાવવામાં આવશે. એ બધામાંથી જેનો રનરેટ સૌથી સારો હશે એ સેમિમાં જશે.

(૫) નેટ રનરેટ ધ્યાનમાં લીધા પછી પણ જો કોઈ બે ટીમની સ્થિતિ એકસરખી હશે તો એ બે ટીમના હેડ-ટુ-હેડ રેકોર્ડને ધ્યાનમાં લેવામાં આવશે અને એમાં સૌથી વધુ પોઇન્ટ તથા ચડિયાતો રનરેટ ધરાવતી ટીમ સેમિમાં જશે.

(૬) આમ છતાં જો બે ટીમ એકસરખી સ્થિતિમાં હશે તો છ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ આઈસીસી વર્લ્ડ રેન્કિંગમાં જે ટીમ ચડિયાતી રેન્કમાં હશે એને સેમિમાં મોકલવામાં આવશે. ■

# ક્રૂડતેલના ભાવ તૂટતાં ડૉલર સામે રૂપિયામાં પાંચ પૈસાનો સુધારો

મુંબઈ: આંતરરાષ્ટ્રીય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદાના ભાવમાં તીવ્ર ઘટાડો આવ્યાના નિર્દેશ સાથે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો આગલા બંધ સામે પાંચ પૈસાના સુધારા સાથે ૯૦.૮૯ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, અમેરિકી સુપ્રીમ કોર્ટે ગત શુક્રવારે ટ્રમ્પ ટૅરિફને ગેરકાયદેસરની લેખાવ્યા બાદ પ્રમુખ ટ્રમ્પે ૧૫૦ દિવસ સુધી વિશ્વભરના દેશોથી થતી આયાત સામે ૧૦ ટકા ટૅરિફની જાહેરાત કર્યા બાદ ગત શનિવારે ટૅરિફ વધારીને ૧૫ ટકા કરતાં વેપાર અંગેની અનિશ્ચિતતાઓ સપાટી પર આવતાં રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

એકંદરે આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૯૦.૮૮ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૦.૭૬ના મથાળે ખૂલ્યા બાદ નીચામાં ૯૦.૯૦ અને ઉપરમાં ૯૦.૬૭ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે પાંચ પૈસાના સુધારા સાથે ૯૦.૮૯ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે ડૉલર સામે રૂપિયો ૨૬ પૈસા ગબડ્યો હતો.

# ખાંડમાં રિટેલ માગને ટેકે ₹ ૧૨થી ૧૮નો સુધારો

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગત શનિવારે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૦૦થી ૩૭૫૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના નિર્દેશો હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ છતાં રિટેલ સ્તરની માગ જળવાઈ રહી હતી. તેમ જ અમુક માલની ગુણવત્તા પણ સારી આવી હોવાથી હાજરમાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૧૮ અને રૂ. ૧૨નો સુધારો આવ્યો હતો, નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ હતો, પરંતુ રિટેલ સ્તરની માગ પ્રબળ રહેતાં આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ માગને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૮ના સુધારા સાથે રૂ. ૩૮૬૦થી ૩૯૧૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી રૂ. ૧૨ના સુધારા સાથે રૂ. ૩૯૪૦થી ૪૦૧૨માં થયા હતા. આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૭૦થી ૩૮૨૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૪૦થી ૩૯૨૦માં ટકેલા ધોરણે થયા હોવાનું જણાવ્યું હતું.

# અમેરિકાની સુપ્રીમ કોર્ટના ચુકાદાને વધાવતાં સેન્સેક્સ ૪૮૦ પોઈન્ટ ઊછળ્યો

મુંબઇ: રોકાણકારોએ યુએસ કોર્ટના ટેરિફ ચુકાદાને વધાવ્યા હોવાથી બજારમાં તેજીનો માહોલ જોવા મળ્યો હતો અને સોમવારે ઇક્વિટી બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી અડાતફડી વટાવીને સુધારા સાથે બંધ થયા હતા. યુએસ સુપ્રીમ કોર્ટે ટ્રમ્પ વહીવટીતંત્રના મોટા ટેરિફને ફગાવી દીધા પછી રોકાણકારોના સેન્ટિમેન્ટમાં સુધારો થવાથી ખાસ કરીને બેંક, ઓટો અને નાણાકીય શેરોમાં તેજી જોવા મળી હતી. સેન્સેક્સ ૪૭૯.૯૫ પોઈન્ટ અથવા ૦.૫૮ ટકા વધીને ૮૩,૨૯૪.૬૬ની સપાટી પર સ્થિર થયો હતો, સત્ર દરમિયાન, બેન્ચમાર્ક ૬૭૧.૪૪ પોઈન્ટ અથવા ૦.૮૧ ટકા વધીને ૮૩,૪૮૬.૧૫ની ઇન્ટ્રાડે ઊંચી સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી ૧૪૧.૭૫ પોઈન્ટ અથવા ૦.૫૫ ટકા વધીને ૨૫,૭૧૩ની સપાટી પર બંધ થયો. ઇન્ટ્રાડે સત્રમાં, તે ૨૦૦.૨ પોઈન્ટ અથવા ૦.૭૮ ટકા વધીને ૨૫,૭૭૧.૪૫ની ઊંચી સપાટીને અથડાયો હતો. અદાણી પોર્ટ ૨.૯૮ ટકાના ઉછાળા સાથે સેન્સેક્સનો ટોપ ગઇનર શેર બન્યો હતો. સૌથી વધુ વધનારા અન્ય શેરોમાં કોટક મહિન્દ્રા બેન્ક, અલ્ટ્રા ટેક સિમેન્ટ, પાવરગ્રીડ, હિંદુસ્તાન યુનિલીવર, એચડીએફસી બેન્ક, એક્સિસ બેન્ક, ભારતી એરટેલ, સ્ટેટ બેન્ક, ટાઇટન, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને લાર્સન એન્ડ ટૂબ્રોનો સમાવેશ હતો. જ્યારે ટોપ લુઝર્સ શેરોની યાદીમાં ઇન્ફોસિસ, ટેક મહિન્દ્રા, ટ્રેન્ટ, એચસીએલ ટેકનોલોજીસ, બજાજ ફિનસર્વ, ટીસીએસ, આઇટીસી, ભારત ઇલેક્ટ્રોનિક્સ, ઇટર્નલ, ટાટા સ્ટીલ અને ઇન્ડગોનો સમાવેશ હતો. પ્રાઇમરી માર્કેટમાં એડવર્ટાઇઝિંગ સેક્ટરમાં ડિજિટલ માર્કેટિંગ, કન્ટેન્ટ અને ટેક્નોલોજી સર્વિસ પ્રોવાઇડર યાપ ટેક્નોલોજીનો ૮૦.૧૧ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૭ ફેબ્રુઆરીના રોજ બંધ થશે. શેરની ફાળવણી બીજી માર્ચના રોજ અને લિસ્ટિંગ પાંચમી માર્ચે થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૩૮થી રૂ. ૧૪૫ પ્રતિ શેર છે અને અરજી માટે લોટ સાઇઝ ૧,૦૦૦ છે.

## PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**L.T.M.G. હૉસ્પિટલ, સાયન, મુંબઈ-૪૦૦ ૦૨૨**

નં. LTH/SD/૭૨૨/M, તા. ૨૪/૦૨/૨૦૨૬

### ઈ-ટેન્ડર નોટીસ

આ એક ઈ-ટેન્ડર નોટીસ છે. બૃહન્મુંબઈ મહાનગરપાલિકા (BMC)ના કમિશનર ત્રણ પેકેટ પધ્ધતિમાં નીચે આપેલ મુજબ ઈ-ટેન્ડરો મંગાવે છે.

કામનું નામ: L.T.M.G. હૉસ્પિટલ માટે **કોમ્પ. એપિડ્યુરલ સેટ ૧૮G ૭૫MM-૧૧૦MM.**

| ક્ર. નં. | વર્ણન | ઈ-ટેન્ડર કિંમત (રૂા.) | બારડી (રૂા.) | ઓનલાઈન બીડ ડાઉનલોડીંગની પ્રારંભ તારીખ અને સમય | ઓનલાઈન બીડ સુપ્રતિની છેલ્લી તારીખ અને સમય |
|---|---|---|---|---|---|
| ૧ | કોમ્પ. એપિડ્યુરલ સેટ ૧૮G ૭૫MM-૧૧૦MM જથ્થો - ૬૦૦ નં. બીડ નં. ૨૦૨૬_MCGM_૧૨૭૯૮૭૩ | રૂા.૩,૬૩૦/- + GST@૧૮% | રૂા. ૨૪,૫૭૦/- | ૨૦-૦૨-૨૦૨૬ ૧૨.૦૦ ક. (૧૨.૦૦ ક.) | ૨૭-૦૨-૨૦૨૬ ૦૬.૦૦ ક. (૧૮.૦૦ ક.) |

ઈચ્છુક ટેન્ડરરે ટેન્ડરની વધુ વિગતો માટે http://www.mcgm.gov.in પર મ્યુનિસિપલ કોર્પોરેશન વેબસાઈટની મુલાકાત લઈ શકે છે.

ટેન્ડર દસ્તાવેજો પોસ્ટ દ્વારા ઈશ્યૂ કરવામાં આવશે નહીં કે પ્રાપ્ત કરવામાં આવશે નહીં.

સહી/-
ડીન
L.T.M.G. હૉસ્પિટલ, સાયન.

PRO/3062/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

---

BRIHANMUMBAI MAHANAGARPALIKA

જાહેર આરોગ્ય વિભાગ/જંતુનાશક શાખા
પેસ્ટ કંટ્રોલ ઓફિસ, 'બી' વોર્ડ
પેસ્ટ કંટ્રોલ ઓફિસ, BMC 'બી' વોર્ડ ઓફિસ, ૧લા માળે, રૂમ નં. ૧૨, બાબુલા ટેન્ક ક્રોસ રોડ, મુંબઈ-૪૦૦૦૦૯.
નંબર PCO/B/૯૮૫/SR/ તારીખ : ૨૩.૦૨.૨૦૨૬

### નોટિસ

'B' વોર્ડમાં સાત (૭) મહિનાની મુદ્દત માટે જંતુનાશક સારવાર આપવા સ્વયંસેવકોની જોગવાઈ માટે નોંધાયેલ સહકારી/બેરોજગાર સેવા સહકારી સંસ્થાઓ પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

રસ ધરાવતી સંસ્થાઓએ B.M.C. પોર્ટલ http://portal.mcgm.gov.in પર અરજીઓ ડાઉનલોડ કરવી જોઈએ અથવા પેસ્ટ કંટ્રોલ ઓફિસ, B.M.C. 'બી' વોર્ડ ઓફિસ, ૧લા માળે, રૂમ નં. ૧૨, બાબુલા ટેન્ક ક્રોસ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૯. ટેલિ - (૦૨૨) ૨૩૦૮૧૪૭૧ એક્ટે. નં. ૧૨૭, ઈમેલ:- pco.b@mcgm.gov.in પર સંપર્ક કરો.

પેસ્ટ કંટ્રોલ ઓફિસર 'B' વોર્ડની ઓફિસમાં અરજીઓ સુપ્રત કરવાની છેલ્લી તારીખ ૧૦.૦૩.૨૦૨૬ કામકાજના દિવસોમાં સાંજે ૪.૦૦ વાગ્યા પહેલાની છે.

સહી/-
આસીસ્ટન્ટ કમિશનર 'બી' વોર્ડ

PRO/3065/ADV./2025-26

વૃક્ષો વાવો, વૃક્ષોનું જતન કરો.

---

## પશ્ચિમ રેલવે ભાવનગર મંડળ

**ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ (E.I) સિસ્ટમનો પુરવઠો, સ્થાપન, પ્રોગ્રામિંગ, પરીક્ષણ અને કમિશનિંગ**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી પશ્ચિમ રેલ્વે, ભાવનગરના ડિવિઝનલ રેલવે મેનેજર (S&T),નીચેના કામો માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **ટેન્ડર નં. 57-2025:** ભાવનગર મંડળ: ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ (E.I) સિસ્ટમનો પુરવઠો, સ્થાપન, પ્રોગ્રામિંગ, પરીક્ષણ અને કમિશનિંગ, બાહ્ય S&T કાર્ય અને વાંસજાલિયા જંકશનના સંદર્ભમાં MSDAC ની જોગવાઈ - ભાવનગર ડિવિઝનના EI અને MSDAC ની જોગવાઈ સાથે ધોરણ I થી ધોરણ II (R) માં ઈન્ટરલોકિંગનું અપગ્રેડેશન **અંદાજિત ખર્ચ:** રૂ. ૭૬૬૫૨૪૩.૭૭/- (રૂ. સાત કરોડ છાસઠ લાખ પંચાણું હજાર બસો ત્રેતાલીસ અને સિત્યોતેર પૈસા માત્ર) બિડરોએ ફક્ત **www.ireps.gov.in** લિંક દ્વારા ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરીને વેબસાઈટ **www.ireps.gov.in** ની મુલાકાત લો. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૧૬/03/૨૦૨૬ ના ૧૫.00 વાગ્યા સુધી.

BVP 279

અમને લાઇક કરો: facebook.com/WesternRly

---

BRIHANMUMBAI MAHANAGARPALIKA

### ઈ-ટેન્ડર નોટિસ

| | |
|---|---|
| વિભાગ | મ્યુનિસિપલ પ્રિન્ટીંગ પ્રેસ |
| સબ સેક્શન | સ્ટોર પ્રસ્તાવ |
| ટેન્ડર નંબર | ૨૦૨૬_MCGM_૧૨૮૦૩૨૦_૧ |
| વિષય | મ્યુનિસિપલ પ્રિન્ટીંગ પ્રેસ ખાતે ઈટોટેક પ્રોગ્રામેબલ પેપર કટીંગ મશીનના વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ (AMC)નું કામ |
| ટેન્ડર ફોર્મનું વેચાણ | તા. ૨૪.૦૨.૨૦૨૬ સમય ૧૧.૦૦ કલાકથી તા. ૦૯.૦૩.૨૦૨૬ સમય ૧૬.૦૦ કલાક સુધી |
| સ્થળ | http://portal.mcgm.gov.in/ www.mahatenders.gov.in |
| લાયઝન અધિકારી | |
| A) નામ | શ્રીમતી સ્વપ્ના ઘુલે ડે. મેનેજર, મ્યુનિસિપલ પ્રિન્ટીંગ પ્રેસ |
| B) ટેલિ. નં. (ઓફિસ) | ૦૨૨-૨૩૦૨૩૪૩૨ |
| C) મોબાઈલ નંબર | ૯૭૦૨૪૯૫૫૪૪ |
| D) ઈમેલ id | dymmp1.mpp@mcgm.gov.in |

સહી/-
મેનેજર
મ્યુનિસિપલ પ્રિન્ટીંગ પ્રેસ

PRO/3075/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

---

BRIHANMUMBAI MAHANAGARPALIKA

હેલ્થ વિભાગ
K.B. ભાભા હોસ્પિટલ, R.K. પાટકર માર્ગ, બાંદ્રા (પ), મુંબઈ- ૪૦૦૦૫૦.
નં. HO/૧૧૨૦૬/ KBB તા. ૨૩.૦૨.૨૦૨૬

### ઈ-ટેન્ડર નોટિસ

બૃહન્મુંબઈના મ્યુનિસિપલ કમિશનરના કમિશનર (MCGM) આ લાઈનમાં કામ કરતા લાયક વિક્રેતાઓ પાસેથી બીડ/ઈ-ટેન્ડર મંગાવે છે. ઈ-ટેન્ડર વિગતો નીચે મુજબ છે.

| ક્ર.નં. | પરિમાણો | વિગતો |
|---|---|---|
| ૧. | ઈ-ટેન્ડર/બીડ નં. | ૨૦૨૬_MCGM_૧૨૮૦૮૩૮ |
| ૨. | વિભાગ | પેરિફેરલ હોસ્પિટલ |
| ૩. | ઈ-ટેન્ડરનો વિષય | K.B. ભાભા હોસ્પિટલ, બાંદ્રા (પ.) ખાતે DG સેટ હોસ્પિટલ બિલ્ડિંગ માટે પ્રોટેક્ટિવ સેફ્ટી ગ્રીલ અને હવામાન પ્રતિરોધક શેડનું ઈન્સ્ટોલેશન. |
| ૪. | સંપર્ક વિગતો | મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ટેલિ. ૦૨૨ ૨૬૪૨૨૭૭૫. એક્ષ્ટે. ૪૫૦૫ ઈમેલ: bhabha.bandra@yahoo.com |
| ૫. | વેબસાઈટ | www.mahaetenders.gov.in |

ઈ-ટેન્ડર મહાટેન્ડર પોર્ટલ પરથી ડાઉનલોડ કરી શકાય છે અથવા ૦૨૨ ૨૬૪૨૨૭૭૫ એક્ષ્ટે. ૪૫૦૬ પર અમને સંપર્ક કરો.

તારીખ: ૨૩.૦૨.૨૦૨૬
સ્થળ: મુંબઈ.

સહી/-
ડે. મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ
K.B. ભાભા હોસ્પિટલ, બાંદ્રા (૫)

PRO/3073/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

---

## PUBLIC NOTICE

**NOTICE IS HEREBY GIVEN TO THE PUBLIC AT LARGE THAT**

**My client, R.K. BUILDERS,** having address at 102, Kesar Kripa, Plot no. 361, 14th Road, Khar West, Mumbai – 400052, acting through Mrs. Gita Rajesh Sadhnani, Mr. Rajesh Srichand Punjabi, Mr. Kailash Srichand Punjabi and Mr. Ravi Srichand Punjabi, **exclusively** holds development rights in respect of land together with buildings and other structures standing thereon lying and being at Shimpoli Road, Borivali, comprising area admeasuring 21,207.60 square meters or thereabouts, equivalent to 25,364 sq. yards or thereabouts, bearing CTS No. 783, 784, 783/1 to 73 and 784/1 to 17 and bearing old plot number 708 and 709 and new final plot (f.p.) nos. 723, 723/a, 723/b, 724 of T.P.S III of Village Borivali, Shimpoli Road, Borivali, Mumbai – 400092 **(said property).**

The development of the said property by R.K. Builders is ongoing. The issue and entitlement of Rishikesh Park CHS Federation Ltd or any society claiming to form a part thereof, to any part or portion of the said property including right to conveyance thereof is sub judice in multiple legal proceedings, without interim reliefs in their favour.

Any person acting without the prior written consent of R.K. Builders on any notice inviting Expression of Interest for Redevelopment of any part or portion of the said property or in any manner dealing with Rishikesh Park CHS Federation Ltd. or any society claiming to form a part thereof, directly or through any Project Management Consultant such as Aakar Architects or otherwise, for the purpose of redevelopment and or otherwise, shall be doing so at their own risk as to costs and legal consequences.

**Dated this 24th day of February, 2026**

**Name: Adv. Sanya Rawlani**
**Email id:** adv.sanyarawlani@gmail.com
**Address:** Mumbai

---

BRIHANMUMBAI MAHANAGARPALIKA

એસેસમેન્ટ અને કલેકશન વિભાગ
ઓકશન વેચાણ
(કર બાકી રકમની વસૂલાત માટે)
લાંબી સૂચના

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૮૮૮ની કલમ ૨૦૬ (૨) હેઠળ અને સ્થાવર મિલકતના વેચાણ માટે મ્યુનિસિપલ નિયમનમાં નિર્ધારિત રીતે. મિલકતની વિગતો નીચે મુજબ છે:-

| ક્ર. નં. | વૉર્ડ નામ | SAC નં. | આકરણીઓનું નામ | મિલકતનું વર્ણન | બિલ્ડિંગ નામ & સરનામું | જમીન/ બિલ્ડિંગ/ યુનિટનો વિસ્તાર (ચો.મી.) | ૩૧.૦૩.૨૦૨૬ સુધીનો મિલકત વેરો | દંડ | બાકીની રકમ (રૂ.) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | HW | HW1404660020000 | M/S સુમર એસોસિએટ્સ | જમીનનો પ્લોટ | M/S સુમર એસોસિએટ્સ ૨૦૧, કોમર્સ હાઉસ, ૧૪૦, ફોર્ટ, N.M. રોડ, મુંબઈ-૪૦૦૦૦૧ | 20990.32 | 1312098309 | 572501938 | 1884600247 |
| ૨. | SX | SX0403130060000 | મૃતકોના વહીવટકર્તાઓ શેઠ સુરજી વલ્લભદાસ, શ્રીમતી જયલક્ષ્મી સુરજી વલ્લભદાસ, પ્રતાપ સિંહ એસ. વલ્લભદાસ & દિલીપ સિંહ એસ. વલ્લભદાસ, લેસી M/S કુમાર સ્ટીલ અને જનરલ મિલ. | વાણિજ્ય બિલ્ડિંગ | M/S રાજહંસ એસોસિએટ્સ, R.B. હાઉસ, M.I.D.C.C. રોસ રોડ, અંધેરી કુર્લા રોડ બહાર, J.B. નગર, અંધેરી પૂર્વ, મુંબઈ-૪૦૦૦૫૯ | 15540.71 | 200818150 | 269481537 | 470299687 |
| ૩. | RS | RS0711180010000 | શ્રી વિઠ્ઠલરાવ યાદોરાવ ખપરે SMT. લક્ષ્મીબાઈ W/O વિઠ્ઠલરાવ યાદોરાવ ખપરે. | જમીનનો પ્લોટ | જીવન શ્રદ્ધા CHS LTD S. નં. ૧૯, H નં. ૨, S. નં. ૭૨, અશોક ચક્રવર્તી રોડ નં. ૨, અશોક નગર, કાંદિવલી (પૂર્વ), મુંબઈ-૪૦૦૧૦૧ | 474.00 | 4572740 | 1856721 | 6429461 |
| ૪. | HW | HW2500280010000 | શ્રી રામચંદ હેમાંદાસ સેતપાલ, શ્રી ખુબચંદ હેમાંદાસ સેતપાલ, શ્રી ગુલ્હેમંદાસ સેતપાલ | જમીનનો પ્લોટ | શ્રી રામચંદ હેમાંદાસ સેતપાલ, ૧૦, શાંતિ નિકેતન, ૯૫ A મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦૦૦૨ | 1262.41 | 66089798 | 34338027 | 100427825 |
| ૫. | EX | EX1305460000000 | મુલ્લા ગુલામલ્લી પાર્ટનર્સ ઓફ એમ ગુલ્લામલ્લી અબ્દુલ હુસૈનના | જમીનનો પ્લોટ | અબ્દુલ હુસૈન SG તાંબાવાલા ૨૪૦, એટલાસ મિલ કમ્પાઉન્ડ, રે રોડ, મુંબઈ-૪૦૦૦૧૦ | 9075.00 | 44376972 | 49533696 | 93910668 |
| ૬. | EX | EX1305440070000 | મુલ્લા ગુલામલ્લી સમસુદ્દીન અને અબ્દુલ હુસૈન ગુલામલ્લી પાર્ટનર્સ ઓફ એમ ગુલ્લામલ્લી અબ્દુલ હુસૈનના | જમીનનો પ્લોટ | અબ્દુલ હુસૈન SG તાંબાવાલા ૨૪૦, એટલાસ મિલ કમ્પાઉન્ડ, રે રોડ, મુંબઈ-૪૦૦૦૧૦ | 4837.12 | 12453183 | 29066647 | 41519830 |
| ૭. | EX | EX1305470220000 | શ્રી મુલ્લા ગુલામલ્લી સમસુદ્દીન અને અબ્દુલ હુસૈન ગુલામલ્લી પાર્ટનર્સ ઓફ એમ ગુલ્લામલ્લી અબ્દુલ હુસૈન. | જમીનનો પ્લોટ | M/S સુમર બિલ્ટકોર્પ પ્રા. લિ. ૨૦૩, પેનિનસુલા કોર્પોરેટ પાર્ક, ટાવર ૧A વિંગ, ગણપતરાવ કદમ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૪૦૦૦૧૩ | 17944.97 | 630579165 | 223299020 | 853878185 |
| ૮. | HW | HW0804010030000 | શ્રી પી. કે. મોદી | જમીનનો પ્લોટ | શ્રી. પી. કે. મોદી ૨૭૮, ૧૧મો રોડ, રોહિત નિવાસ, ખાર, મુંબઈ-૪૦૦૦૫૨. | 668.90 | 10895809 | 10557237 | 21453046 |
| ૯. | HW | HW0305100060000 | M/S એલ્કો આર્કેડ રેસિડેન્શિયલ અને નોન રેસિડેન્શિયલ પ્રિમિસ કો.ઓપ. સો. લિ. | મિક્સડ મિલકત | શ્રી. એચ. સી. મહેતાની ૨૧B એલ્કો આર્કેડ, ૪૬ હિલ રોડ, બાંદ્રા (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૫૦ | 8644.15 | 74083613 | 23536723 | 97620336 |
| ૧૦. | HW | HW2605070040000 | શ્રી યુસુફ અહમદ | જમીનનો પ્લોટ | શ્રી યુસુફ અહમદ એમ. કે. બિલ્ડિંગ, ૩જો માળ, લિંક રોડ ઉપર, ૫૩૧ લિંકિંગ રોડ, ખાર પશ્ચિમ, મુંબઈ-૪૦૦૦૫૨ | 1262.50 | 7178233 | 17567766 | 24745999 |
| ૧૧. | HW | HW0401190030000 | ST પીટર્સ ચર્ચના વિકેર | જમીનનો પ્લોટ | વિકેર એસટી પિટર્સ ચર્ચ, ૭૪-૭૬ હિલ રોડ, બાંદ્રા, મુંબઈ-૪૦૦૦૫૦ | 1732.85 | 75258111 | 51240631 | 126498742 |
| ૧૨. | HW | HW0704960140000 | શ્રીમતી હરદેવી પી. રાજપાલ | જમીનનો પ્લોટ | શ્રીમતી હરદેવી પી. રાજપાલ, દિલબહાર બંગલો, ફિરો ઝેડ શાહ સ્ટ્રીટ, સાંતાક્રુઝ પશ્ચિમ, મુંબઈ-૪૦૦૦૫૪ | 3473.77 | 51241929 | 13750602 | 64992531 |

આથી તમામ સંબંધિત માલિકો/કરદાતાઓને સૂચિત કરવામાં આવે છે કે તેઓ બાકી રહેલ મિલકત વેરાની બાકી રકમ ૨૧ દિવસની અંદર ચાર્જ સાથે ચૂકવી દે જો તે ચૂકવવામાં ન આવે તો ઓક્શન કરવામાં આવશે.

સહી/-
ડે. એસેસર અને કલેક્ટર/કોમ્પ્યુટર

PRO/3076/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**

# મુંબઈમાં આ વર્ષે પણ પાણીના દરમાં કોઈ વધારો નહીં

## મેયરનું મુંબઈગરાને આશ્વાસન પણ આવકમાં ઘટાડાની શક્યતાથી અધિકારીઓ ચિંતિત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાનો કારભાર પોતાના હાથમાં લેવાની સાથે જ ભાજપ-શિંદે સેનાએ સૌથી મહત્ત્વના કહેવાતા પાણીના દરમાં હાલપૂરતો કોઈ વધારો નહીં કરવાનો નિર્ણય લીધો હોવાનું જાણવા મળ્યું છે. સત્તાધારીના આ નિર્ણયથી જોકે પાલિકાની તિજોરીને વાર્ષિક સ્તરે ૧૦૦ કરોડ રૂપિયાથી વધુનો ફટકો બેસી શકે છે. તેથી પાલિકાના ઉચ્ચ અધિકારીઓ એક તરફ પાલિકાની આવકમાં કેમ વધારો કરવો તેની યોજના બનાવતા હોય છે ત્યારે સત્તાધારી આ નિર્ણયથી તેમની ચિંતામાં વધારો થયો છે.

મુંબઈમાં પાણીના દરમાં દર વર્ષે આઠ ટકાનો વધારો કરવાનો પ્રસ્તાવ ૨૦૧૨ની સાલમાં મંજૂર કરવામાં આવ્યો હતો. તે મુજબ આ વર્ષે બજેટમાં તેની ઘોષણા કરવામાં આવે એવી શક્યતા હતી. જોકે મેયર રિતુ તાવડેએ પાણીના દરમાં વધારા પર સ્થગિતી આપીને પાણીના દર સ્થિર રાખવામાં આવશે એવી જાહેરાત કરી છે.

નોંધનીય છે કે કોરોના મહામારીને પગલે

(જુઓ પાનું ૪) ▶▶

# ૫૦ ટકાથી વધુ અનામત ધરાવતી જિલ્લા પરિષદો, પંચાયત સમિતિઓની ચૂંટણીઓ હાલમાં નહીં જ: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે રાજ્યમાં ૫૦ ટકા અનામત મર્યાદા વટાવી ગયેલી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ પર રોક લગાવી દીધી છે. હવે રાજ્યમાં ૨૨ જિલ્લા પરિષદો અને તેમના હેઠળની પંચાયત સમિતિઓની ચૂંટણીઓ લંબાશે.

મહારાષ્ટ્રની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ઘઇઇ અનામત અંગે સુપ્રીમ કોર્ટે સુનાવણી હાથ ધરી હતી. આ સુનાવણીમાં રાજ્ય સરકારે સુપ્રીમ કોર્ટના અંતિમ નિર્ણયને આધીન રહીને બાકી રહેલી ચૂંટણીઓ યોજવાની પરવાનગી માગી હતી. જોકે, સુપ્રીમ કોર્ટે બાકીની જિલ્લા પરિષદો અને પંચાયત સમિતિઓની ચૂંટણીઓ યોજવા પર પ્રતિબંધ મૂક્યો છે. રાહુલ રમેશ વાઘ વિરુદ્ધ કેન્દ્ર સરકાર,

(જુઓ પાનું ૪) ▶▶

### કયા જિલ્લાઓમાં અનામત મર્યાદા ૫૦ ટકાથી વધુ છે?

નંદુરબાર, થાણે, પાલઘર, ગઢચિરોલી, ધુળે, નાશિક, અમરાવતી, જલગાંવ, અહમદનગર જિલ્લાઓમાં ૫૦ ટકાથી વધુ અનામત આપવામાં આવી હતી.

### કયા જિલ્લા પરિષદોમાં ચૂંટણીઓ યોજાઈ હતી?

જાન્યુઆરી મહિનામાં ૧૨ જિલ્લા પરિષદો અને ૧૨૫ પંચાયત સમિતિઓ માટે ચૂંટણીઓ યોજાઈ હતી,જ્યાં અનામત મર્યાદા ઓળંગાઈ નહોતી. રાયગડ, રત્નાગીરી, સિંધુદુર્ગ, પુણે, સતારા, સાંગલી, સોલાપુર, કોલ્હાપુર, છત્રપતિ સંભાજીનગર, પરભણી, ધારાશિવ અને લાતુર જિલ્લાઓમાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ યોજાઈ હતી.






# મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે પર ફરી ગૅસ ટૅન્કરને અકસ્માત

## ડ્રાઈવરની સમયસૂચકતાને કારણે મોટી દુર્ઘટના ટળી અને વાહનચાલકો ટ્રાફિક જૅમમાંથી બચ્યા



મુંબઈ: મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે પર આડોશી ટનલ પાસે પ્રોપીલીન ગૅસનું ટૅન્કર ઊંધું વળતાં લગભગ ૩૨ કલાકના ટ્રાફિક જૅમની યાદ હજુ વાહનચાલકોના મનમાંથી ભૂંસાઈ નથી ત્યાં સોમવારે ફરી એ જ પ્રોપીલીન ગૅસ ભરેલા ટૅન્કરને આ જ માર્ગ પર લોનાવલા નજીક અકસ્માત થયો હતો. ડ્રાઈવરની સમયસૂચકતાને કારણે મોટી દુર્ઘટના ટળી હતી અને સદ્‌નસીબે સોમવારે વાહનધારકો લાંબા ટ્રાફિક જૅમથી બચ્યા


(જુઓ પાનું ૪) ▶▶

# નાશિકથી નરીમાન પોઈન્ટ અઢી કલાકમાં

## મનમાડ-કસારા વચ્ચે ત્રીજી-ચોથી લાઈન પર એસી લોકલ દોડાવવા વિચારણા

મુંબઈ: આગામી સિંહસ્થ કુંભમેળાને ધ્યાનમાં રાખીને નાશિક અને ત્ર્યંબકેશ્વર આ બંનેને જોડતા રસ્તાના સમારકામનું કાર્ય કેન્દ્ર અને રાજ્ય સરકાર કરી રહી છે. જેમાં નાશિક -ત્ર્યંબકેશ્વર, દ્વારકા થી નાશિક રોડ અને ઘોટીથી નાશિક રસ્તો પહોળો કરવાનું કામ તેમજ નાસિક શહેરમાં રિંગરોડ પ્રોજેક્ટનું કામ શરૂ કરવામાં આવ્યું છે, પરંતુ અત્યારે

(જુઓ પાનું ૪) ▶▶



## બીએમસીમાં એનસીપીનું સમર્થન

# હવે શિંદે સેનાને કિંમત ચૂકવવાનો વારો આવ્યો

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપ અને શિવસેનાના શિંદે જૂથને નજીવી બહુમતી મળી હતી. શિંદે જૂથે મુંબઈ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિ અને અન્ય મહત્વપૂર્ણ સમિતિઓમાં પોતાની તાકાત વધારવા ત્રણ નગરસેવક ધરાવતા એનસીપી અજિત પવાર જૂથનું સમર્થન મેળવ્યું હતું. શિંદે જૂથએ તેનું વળતર ચૂકવવું પડશે એવી ચર્ચા ચાલી રહી છે. વિપક્ષની સંખ્યા પણ સપ્રમાણ થઈ રહી હોવાથી એક મોટી મૂંઝવણ ઊભી થઈ હતી. આવા સમયે શિંદે જૂથે રાષ્ટ્રવાદી પક્ષનો ટેકો લીધો. એની અસર વિપક્ષની સંખ્યા પર પડી.

મુંબઈ મહાનગરપાલિકામાં સ્વીકૃત નગરસેવક પદની પસંદગીના મુદ્દે મહાયુતિમાં પડદા પાછળ ઘણી ગતિવિધિઓ ચાલી રહી છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (અજીત પવાર જૂથ)એ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેનાને મળનારી બેઠક પર દાવો કર્યો છે. નવાબ મલિકના ભાઈ કપ્તાન મલિકને સ્વીકૃત નગરસેવક બનાવવા એનસીપીએ મજબૂત મોરચો બનાવવાનું શરૂ કરી દીધો છે. પરિણામે મહાયુતિમાં નવી મૂંઝવણ ઊભી થવાની શક્યતા છે. મુંબઈ મહાનગરપાલિકા સ્વીકૃત નગરસેવકોની બેઠક ભરવાની હિલચાલ વેગ પકડી રહી છે. મહાયુતિમાં બેઠક વહેંચણી ફોર્મ્યુલા મુજબ શિંદે સેનાને બે બેઠક મળવાની શક્યતા છે. જોકે રાષ્ટ્રવાદી પાર્ટી એમાંથી એક બેઠકની માંગણી કરી છે. ■


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"



